સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
# દૈનિક મુંબઈ સમાચાર
R.N.I. No. GUJ GUJ /2013/58486 *
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 207 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ ભાદ્રપદ સુદ-૧૦ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 2 September 2025, Tuesday ■ REGD.No. MCS/058/2018-20
મંગળવાર, ૨ સપ્ટેમ્બર ૨૦૨૫ (૧૧ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
તરોતાજા પૂર્તિ ૫ ૬ ૭ ૮
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# અફઘાનિસ્તાનમાં ભૂકંપના કારણે તબાહી, ૮૦૦થી વધુનાં મોત, ૨૫૦૦ ઈજાગ્રસ્ત

કાબુલ : પૂર્વી અફઘાનિસ્તાનમાં આવેલા શક્તિશાળી ભૂકંપે વિનાશ વેર્યો હતો. ભૂકંપમાં લગભગ ૮૦૦ લોકોનાં મોત થયાં હતા. અત્યાર સુધીમાં ૨,૫૦૦થી વધુ લોકો ઘાયલ થયાના અહેવાલ છે. તાલિબાન સરકારે આ જાણકારી આપી હતી. નોંધનીય છે કે રવિવારે મોડી રાત્રે નંગરહાર પ્રાંતના જલાલાબાદ શહેર નજીક કુનાર પ્રાંતના અનેક શહેરોમાં ૬.૦ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો, જેના કારણે ભારે નુકસાન થયું હતું. યુએસ જિયોલોજિકલ સર્વે અનુસાર, રાત્રે ૧૧:૪૭ વાગ્યે આવેલા ભૂકંપનું કેન્દ્ર નંગરહાર પ્રાંતના જલાલાબાદ શહેરથી ૨૭ કિલોમીટર પૂર્વ-ઉત્તર-પૂર્વમાં હતું. તેની ઊંડાઈ માત્ર ૮ કિલોમીટર હતી. ઓછી તીવ્રતાના ભૂકંપ વધુ નુકસાન પહોંચાડે છે. આ પછી પણ આ વિસ્તારમાં ઘણા આંચકા આવ્યા હતા. અનેક વીડિયો વાઇરલ થયા છે જેમાં બચાવકર્મીઓ ઘાયલોને સ્ટ્રેચર પર અને હેલિકોપ્ટરમાં લઈ જતા દેખાઈ રહ્યા છે, જ્યારે લોકો કાટમાળમાંથી પોતાના સ્વજનોને શોધી રહ્યા છે.

તાલિબાન સરકારના પ્રવક્તા ઝબીહુલ્લાહ મુજાહિદે સોમવારે એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે મૃત્યુઆંક ૮૦૦ સુધી પહોંચી ગયો છે અને ૨,૫૦૦ ઘાયલ થયા છે. તેમણે કહ્યું હતું કે મોટાભાગના મૃતકો કુનાર પ્રાંતના છે. અફઘાનિસ્તાનમાં ઈમારતો સામાન્ય રીતે ઓછી ઊંચાઈ ધરાવે છે. મોટાભાગની ઈમારતો કોંક્રીટ અને ઈંટની બનેલી છે, ગ્રામીણ અને બાહ્ય વિસ્તારોમાં ઘરો માટીની ઈંટો અને લાકડાથી બનેલા છે. કુનારના સૌથી વધુ અસરગ્રસ્ત વિસ્તારોમાંના એક નર્ગલ જિલ્લામાં

(જુઓ પાનું ૨) ▶▶

## વડા પ્રધાન મોદીએ કહ્યું- 'અફઘાનિસ્તાનને તમામ સંભવ મદદ કરવા માટે તૈયાર ભારત'

નવી દિલ્હી : વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે અફઘાનિસ્તાનમાં આવેલા ભૂકંપને કારણે થયેલા જાનમાલના નુકસાન પર શોક વ્યક્ત કર્યો અને કહ્યું હતું કે ભારત અસરગ્રસ્ત લોકોને તમામ શક્ય માનવીય સહાય અને રાહત પૂરી પાડવા માટે તૈયાર છે. નોંધનીય છે કે તાલિબાન સરકારના પ્રવક્તાના જણાવ્યા અનુસાર, અફઘાનિસ્તાનના પૂર્વ ભાગમાં આવેલા ભૂકંપમાં ઓછામાં ઓછા ૮૦૦ લોકો મૃત્યુ પામ્યા છે, ૨૫૦૦ લોકો ઘાયલ થયા છે અને ઘણાં ગામો નષ્ટ થયાં હતાં. અફઘાનિસ્તાનમાં રવિવારે મોડી રાત્રે નંગરહાર પ્રાંતના જલાલાબાદ શહેર નજીક કુનાર પ્રાંતના ઘણા ભાગોમાં ૬.૦ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો.

વડા પ્રધાન મોદીએ 'એક્સ' પર કહ્યું હતું કે, ''અફઘાનિસ્તાનમાં આવેલા ભૂકંપને કારણે થયેલા જાનમાલના નુકસાનથી હું ખૂબ જ દુઃખી છું. આ મુશ્કેલ સમયમાં અમારી સંવેદના અને પ્રાર્થના શોકગ્રસ્ત પરિવારો સાથે છે, અમે ઘાયલોને ઝડપથી સ્વસ્થ થવાની પ્રાર્થના કરીએ છીએ. ભારત અસરગ્રસ્ત લોકોને તમામ શક્ય માનવીય સહાય અને રાહત પૂરી પાડવા માટે તૈયાર છે.'' ■

## કમર્શિયલ એલપીજીમાં ₹ ૫૧.૫૦નો ઘટાડો

નવી દિલ્હી : સોમવારે એવિયેશન ટર્બાઈન ફ્યુઅલ (એટીએફ)ના ભાવમાં ૧.૪ ટકાનો ઘટાડો કરવામાં આવ્યો છે, જ્યારે કમર્શિયલ એલપીજી સિલિન્ડર ૫૧.૫૦ રૂપિયા સસ્તો થયો છે. ઈંધણના વૈશ્વિક બેન્ચમાર્ક દરમાં ઘટાડો થતાં આમ થયું છે.

પહેલી જુલાઈથી સતત બે માસિક વધારા બાદ આ ઘટાડો કરવામાં આવ્યો છે. જેટ ઈંધણ (એટીએફ)ના ભાવમાં કિલોલીટર દીઠ ૧,૩૦૮.૪૧ રૂપિયાનો અથવા તો ૧.૪ ટકાનો ઘટાડો થયો છે. દેશનું સૌથી વ્યસ્ત હવાઈમથક ધરાવતા દિલ્હીમાં ભાવ એક કિલોલીટર દીઠ ૯૦,૭૧૩.૫૨ રૂપિયા છે.

અગાઉ પહેલી જુલાઈથી ભાવમાં બે વાર માસિક વધારો કરવામાં આવ્યો હતો. ભૂરાજકીય

(જુઓ પાનું ૨) ▶▶

## ઑગસ્ટમાં જીએસટી કલેકશન સાડાછ ટકા વધીને ₹ ૧.૮૬ લાખ કરોડ

નવી દિલ્હી : ઊંચી ઘરેલુ આવકને લીધે ઑગસ્ટમાં કુલ જીએસટી કલેકશન સાડાછ ટકા વધીને ૧.૮૬ લાખ કરોડ રૂપિયા થયું હતું. સરકારે આપેલી આંકડાકીય માહિતી પ્રમાણે ગુડ્સ એન્ડ સર્વિસીસ ટેક્સ (જીએસટી)નું કુલ કલેકશન ઓગસ્ટ ૨૦૨૪માં ૧.૭૫ લાખ કરોડ રૂપિયા હતું. ગયા મહિને કલેકશન ૧.૯૬ લાખ કરોડ હતું. ઑગસ્ટમાં ઘરેલુ આવક ૯.૬ ટકા વધીને ૧.૩૭ લાખ કરોડ રૂપિયા થઈ હતી, જ્યારે ઑગસ્ટમાં આયાત પરની વેરાની આવક ૧.૨ ટકા ઘટીને ૪૯,૩૫૪ કરોડ રૂપિયા થઈ હતી. જીએસટી રિફન્ડ વર્ષવાર ધોરણે ૨૦ ટકા ઘટીને ૧૯,૩૫૯ કરોડ રૂપિયા થઈ હતી. ઑગસ્ટ ૨૦૨૫માં જીએસટીની ચોખ્ખી આવક ૧.૬૭ લાખ કરોડ રૂપિયાની હતી જે વર્ષવાર જોતાં ૧૦.૭ ટકાની વૃદ્ધિ દર્શાવે છે. કેન્દ્ર અને રાજ્ય સરકારની બનેલી જીએસટી કાઉન્સિલની બેઠકના બે દિવસ પહેલાં આ આંકડાકીય માહિતી જારી કરવામાં આવી હતી. કાઉન્સિલ દરના સરળીકરણ અને ટેક્સ સ્લેબમાં ઘટાડાની ચર્ચા કરશે. (એજન્સી)■



**કવાયતઃ**
સાઉદી અરેબિયામાં ભારતના રાજદૂત સુહેલ અજાઝ ખાન (જમણેથી બીજા) સાઉદી અરેબિયાના જેદાહની મુલાકાત દરમિયાન આઈએનએસ સુરત પર નૌકાદળના અધિકારીઓ સાથે જોવા મળી રહ્યા છે. આઈએનએસ તમાલ સાથે આ જહાજે જેદાહમાં રોયલ સાઉદી નેવલ ફોર્સ જહાજ એચએમએસ જાઝાન સાથે એક અભ્યાસમાં ભાગ લીધો હતો. (એજન્સી)


## મોદી પુતિનને મળ્યાઃ યુક્રેન યુદ્ધ જલદી ખતમ કરવાનો અનુરોધ

તિયાનજિન : ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે રશિયાના પ્રધાન વ્લાદીમીર પુતિનને જાણ કરી હતી કે માનવતાનો સાદ છે કે યુક્રેન યુદ્ધ બને એટલું વહેલું અટકી જાય.

શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (એસસીઓ)ના હાંસિયામાં મોદી અને પુતિન મળ્યા હતા. ભારત અને અમેરિકાના સંબંધો બે દાયકાથી વધારે સમય પછી સૌથી વધારે કથળી ગયા છે. પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પની ટેરિફ પૉલિશી અને તેના વહીવટીતંત્ર દ્વારા નવી દિલ્હીની સતત આલોચનાને લીધે સંબંધોમાં તંગદિલી ઊભી થઈ છે.

વડા પ્રધાન અને રશિયાના પ્રમુખે આર્થિક, નાણાકીય ને ઊર્જા ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહકાર પર

(જુઓ પાનું ૨) ▶▶

13 DAYS

Explore
SOUTH AFRICA

DEP DATES | 17th OCT | 23rd OCT

PACKAGE INCLUSIONS

- Helicopter Ride, Hop On Hop Off Bus, Walk with Lion, Catamaran Ride, Safari Game Drive અને Hermanus નો અદભુત અનુભવ.
- વર્લ્ડ ક્લાસ એરલાઈન દ્વારા પ્રવાસ.
- રાજસ્થાની મહારાજ - શુદ્ધ શાકાહારી / જૈન જમણ.
- ગુજરાતી, હિન્દી અને ઈંગલિશ જાણતા ટૂર મેનેજર ની સેવા.
- વીઝા, એન્ટ્રન્સ ફી સહિત તમામ ખર્ચ ટૂર કોસ્ટ માં જ સામેલ.



SHAH HOLIDAYS
203, Man Excellenza, 2nd Floor, Opp. Pawan Hans, S. V. Road, Vile Parle (W), Mum-56.
07506679945, 09004994449, 09324064281 (022) 26103073, 74
sales@shahholidays.com www.shahholidays.com

## એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ઘરેલુ રાંધણગૅસના ભાવ કેમ નથી ઘટતા?

**આપણે** ત્યાં નવો મહિનો શરૂ થાય ને નવું કંઈક આવે છે. સપ્ટેમ્બર મહિનાની શરૂઆત કોમર્શિયલ એલપીજી ગેસના ભાવઘટાડા સાથે થઈ છે પણ આ ભાવઘટાડો કોમર્શિયલ એલપીજી ગેસ માટે છે. ઓઈલ કંપનીઓએ સતત ચોથા મહિને કોમર્શિયલ ગેસના ભાવ ઘટાડ્યા છે અને રેસ્ટોરન્ટ્સ, હોટલો સહિતના બિઝનેસને રાહત આપી પણ સામાન્ય લોકોને ઠેંગો બતાવાયો છે કેમ કે ઘર વપરાશના એલપીજી ગેસ એટલે કે રાંધણગૅસના ભાવમાં કોઈ ઘટાડો કરાયો નથી

ઘરેલુ ગૅસના ૧૪.૨ કિલોગ્રામના સિલિન્ડરના ભાવ અત્યારે લગભગ ૮૫૦ રૂપિયા છે અને તેમાં કોઈ ફેરફાર થયો નથી. કોમર્શિયલ એલપીજીના ભાવમાં ઘટાડો અને ઘરવપરાશના એલપીજીના ભાવ યથાવત રાખીને ઓઈલ કંપનીઓએ એકને ગોળ ને એકને ખોળની નીતિ ચાલુ રાખી છે.

કેન્દ્ર સરકારના તાબા હેઠળની ઓઈલ કંપનીઓએ કોમર્શિયલ એલપીજી ગેસ સિલિન્ડરના ભાવમાં ૫૧.૫૦ રૂપિયાનો ઘટાડો કર્યો તેનો અમલ સોમવારથી શરૂ પણ થઈ ગયો છે. આ નવા ભાવ સાથે ૧ સપ્ટેમ્બરથી ૧૯ કિલોગ્રામના કોમર્શિયલ એલપીજી સિલિન્ડરનો છૂટક વેચાણ ભાવ દિલ્હીમાં ૧૫૮૦ રૂપિયા અને મુંબઈમાં ૧૫૩૧ રૂપિયા થયો છે.

દેશમાં પેટ્રોલિયમ પ્રોડક્ટના ભાવ રાજ્ય પ્રમાણે અલગ અલગ હોય છે કેમ કે ભાવ ટ્રાન્સપોર્ટેશનના ખર્ચ તથા રાજ્ય સરકારોના ટેક્સના આધારે નક્કી થાય છે. દિલ્હીમાં મથુરા રીફાઈનરીથી સીધું પેટ્રોલ-ડીઝલ આવે છે એટલે પેટ્રોલ-ડીઝલના સૌથી ઓછા ભાવ દિલ્હીમાં હોય છે જ્યારે ગૅસના ભાવ મુંબઈમાં સૌથી ઓછા હોય છે અને સૌથી વધારે ભાવ ચેન્નઈમાં હોય છે. આ ઘટાડા પછી મુંબઈમાં કોમર્શિયલ એલપીજી સિલિન્ડરનો ભાવ ઘટીને ૧૫૩૧ રૂપિયા થયો છે. બીજાં શહેરોમાં કોમર્શિયલ એલપીજી ગૅસ સિલિન્ડરના ભાવ મુંબઈ કરતાં સો-બસો રૂપિયા વધારે હોય છે તેથી ચેન્નાઈમાં કોમર્શિયલ ગૅસ સિલિન્ડર ૧૭૩૭ રૂપિયામાં જ્યારે કોલકાત્તામાં ૧૬૮૩ રૂપિયા થયો છે.

કોમર્શિયલ એલપીજી ગૅસ સિલલિન્ડરના ભાવમાં સળંગ ચોથા મહિને ઘટાડો થયો છે. જૂન મહિનાથી કોમર્શિયલ એલપીજી ગૅસ સિલિન્ડરના ભાવમાં ઘટાડાનો સિલસો શરૂ થયો એ ચાલ્યા જ કરે છે. ઓઇલ માર્કેટિંગ કંપનીઓએ ૧ ઑગસ્ટના રોજ કોમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવમાં ૩૩.૫૦ રૂપિયાનો ઘટાડો કરેલો જ્યારે ૧ જુલાઈએ ૫૮.૫૦ રૂપિયાનો ઘટાડો કરાયો હતો. ૧ જૂને ૨૪ રૂપિયાનો ઘટાડો કરાયો હતો.

છેલ્લા ચાર મહિનામાં સતત કરાયેલા ઘટાડાના કારણે ચાર મોટાં શહેરોમાં કોમર્શિયલ એલપીજી ગૅસ સિલિન્ડરના ભાવ ૧૪૦ રૂપિયાની આસપાસ ઘટી ગયા છે. એપ્રિલમાં બધાં શહેરોમાં કોમર્શિયલ એલપીજી ગૅસ સિલિન્ડરના ભાવ ૧૭૦૦ રૂપિયાને પાર હતા એ ઘટીને ૧૫૦૦ની રેન્જમાં આવી ગયા છે જ્યારે રાંધણગૅસમાં કોઈ ઘટાડો થયો નથી.

ઓઈલ કંપનીઓએ ૧ એપ્રિલે ઘરેલુ વપરાશ માટેના એલપીજી ગેસના ભાવમાં ૫૦ રૂપિયાનો વધારો કર્યો ત્યારે કોમર્શિયલ એલપીજી ગૅસના ભાવ પણ વધારેલા. ૧ એપ્રિલે ઓઈલ કંપનીઓએ પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજનાના લાભાર્થીઓ અને ઉજ્જવલા સિવાયના વપરાશકારો એમ બંને માટે રાંધણ ગેસની કિંમત ૫૦ રૂપિયા વધારી હતી. એ વખતે ઉજ્જવલાના લાભાર્થીઓના ગેસ સિલિન્ડરની કિંમત વધીને ૫૫૦ રૂપિયા થઈ હતી જ્યારે અન્ય લોકો માટે ૮૦૩ રૂપિયાથી વધીને ૮૫૩ રૂપિયા થઈ હતી.

છેલ્લા પાંચ મહિનાથી આ જ ભાવ યથાવત્ છે. ઓઈલ કંપનીઓ કોમર્શિયલ એલપીજી ગેસના ભાવ ઘટાડો તેનો અર્થ એ થયો કે, એલપીજીની પડતર કિંમત ઘટી છે પણ આ ઘટાડાનો લાભ સામાન્ય લોકોને નથી અપાતો એ ખટકે છે. એપ્રિલમાં ૫૦ રૂપિયાનો ભાવવધારો ઝીંકાયો એ વખતે કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રી હરદીપ સિંહ પુરીએ ગાજર લટકાવેલું કે, આંતરરાષ્ટ્રીય બજારોમાં નેચરલ ગેસના ભાવ વધ્યા હોવાથી ઓઈલ કંપનીઓએ ભાવ વધાર્યા વિના છૂટકો નથી પણ બહુ જલદી અને ભાવોની સમીક્ષા કરીને ભાવ ઘટશે તો લોકોને રાહત આપીશું. પાંચ મહિના થઈ ગયા પણ આ રાહત અપાઈ નથી. પુરીનું કહેવું હતું કે, અમે દર ૨-૩ અઠવાડિયે ભાવોની સમીક્ષા કરીએ છીએ અને આ વાત કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવ માટે સાચી છે પણ ઘરેલુ વપરાશ માટેના એલપીજી માટે સાચી નથી. સરકાર કોમર્શિયલ એલપીજીના ભાવ ઘટાડી શકે તો ઘરેલુ વપરાશના રાંધણગૅસના ભાવ પણ ઘટાડી જ શકે પણ પાંચ મહિનાથી એ નથી થતું. નામ માત્રની રાહત પણ અપાતી નથી.

મોદી સરકારનું આ વલણ આઘાતજનક કહેવાય કેમ કે સરકાર સામાન્ય લોકોને સીધી રાહત આપવાથી દૂર ભાગી રહી છે. ભારતમાં કુલ એલપીજી વપરાશના લગભગ ૯૦ ટકા ઉપયોગ ઘરેલુ રસોઈમાં થાય છે જ્યારે બાકીના ૧૦ ટકાનો ઉપયોગ કોમર્શિયલ, ઔદ્યોગિક અને ઓટોમોટિવ ક્ષેત્રોમાં થાય છે. છેલ્લા એક દાયકામાં ભારતમાં ઘરેલુ એલપીજી કનેક્શન લગભગ બમણા થયા છે.

ભારતમાં એપ્રિલ ૨૦૨૫ સુધીમાં ઘરેલુ એલપીજી કનેક્શનની સંખ્યા લગભગ ૩૩ કરોડ હતી એ જોતાં ઘરેલુ એલપીજી સિલિન્ડરના ભાવમાં ઘટાડો થાય તો ૩૩ કરોડ પરિવારોને રાહત થાય પણ મોદી સરકાર એ રાહત આપતી નથી. તેના બદલે કોમર્શિયલ વપરાશકારોને રાહત આપે છે. આ રાહતથી સામાન્ય લોકોને કોઈ ફાયદો નથી. કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવમાં ઘટાડાથી સૌથી વધારે ફાયદો રેસ્ટોરન્ટ માલિકોને થઈ રહ્યો છે પણ રેસ્ટોરન્ટમાં જમવાનો ભાવ તો ઘટતો નથી.

મોદી સરકાર કોમર્શિયલ એલપીજીના ભાવ ઘટાડીને પોતે રાહત આપી હોવાની છાપ ઉભી કરે છે પણ આ રાહત નથી. મીડિયામાં એલપીજી ગેસના ભાવ ઘટ્યા એવા છેતરામણા સમાચાર અપાય છે તેથી સામાન્ય માણસ પોતાને ફાયદો થયાની આશામાં સમાચાર વાંચે છે પણ વાંચ્યા પછી ખબર પડે છે કે, ઓઈલ કંપનીઓએ આપણને ફરી ઉલ્લુ બનાવી દીધા છે.

ઘરેલુ વપરાશના રાંધણગૅસ જેવો જ ખેલ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં થાય છે. આપણે રશિયા પાસેથી સસ્તા ભાવે ક્રૂડ ઓઈલ ખરીદીએ છીએ તેના કારણે દેશને ફાયદો થતો હોવાની વાતો કરાય છે પણ પેટ્રોલ-ડીઝલ સસ્તું થતું નથી. લાંબા સમયથી પેટ્રોલ-ડીઝલના ભાવ એક જ છે કેમ કે સરકાર ભાવઘટાડાનો લાભ સામાન્ય લોકોને આપવાના બદલે એક્સાઈઝ વધારીને પોતાની તિજોરી ભરે છે.


એપ્રિલમાં રાંધણગૅસના ભાવ ૫૦ રૂપિયા વધારાયા ત્યારે કેન્દ્ર સરકારે પેટ્રોલ અને ડીઝલ પર એક્સાઇઝ ડ્યૂટીમાં પ્રતિ લિટર બે રૂપિયાનો વધારો કર્યો હતો. આ વધારો ૮ એપ્રિલ, ૨૦૨૫ થી અમલમાં આવ્યો હતો. હવે ભાવ ઘટ્યા પણ આ વધારો પાછો ખેંચાયો નથી. સરકારની આવક વધે એ સારું છે પણ આ વધેલી આવકનો ફાયદો મધ્યમ વર્ગને બહુ થતો નથી. મોટા ભાગની આવક વોટબેંક માટે ચલાવાતી રોકડાની સ્કીમોમાં ખર્ચાઈ જાય છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન-સૌર શરદઋતુ, મંગળવાર, તા. ૨-૯-૨૦૨૫, ગૌરી વિસર્જન

- ભારતીય દિનાંક ૧૧, માહે ભાદ્રપદ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, ભાદ્રપદ સુદ-૧૦
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે ભાદ્રપદ, તિથિ સુદ-૧૦
- પારસી શહેનશાહી રોજ ૧૯મો ફરવરદીન, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૯મો ફરવરદીન, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૭મો સરોશ, માહે ૭મો મેહેર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૯મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૦મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૭
- નક્ષત્ર મૂળ રાત્રે ક. ૨૧-૫૦ સુધી, પછી પૂર્વાષાઢા
- ચંદ્ર ધનુમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ ધનુ (ભ, ધ, ફ, ઢ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૫, અમદાવાદ ક. ૦૬ મિ. ૨૩, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૧, અમદાવાદ ક. ૧૮ મિ. ૫૫, સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતીઃ બપોરે ક. ૧૪-૪૨, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૪૦ (તા. ૩)
- ઓટઃ સવારે ક. ૦૮-૩૫, રાત્રે ક. ૨૦-૫૯
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭,
- 'વિશ્વાવસુ'નામ સંવત્સર, ભાદ્રપદ શુક્લ - દસમી. ગૌરી વિસર્જન, શ્રી દયાનંદગિરી ગુરુ બ્રહ્માનંદગિરી ચાને શ્રી મુંડિયાસ્વામી જન્મ જયંતી (સૌરાષ્ટ્ર-ગુજરાત-કચ્છ), અવની મૂલમ (દક્ષિણ ભારત).
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ મૂળ જન્મનક્ષત્ર શાંતિ પૂજા, સર્વશાંતિ શાંતિ પૌષ્ટિક પૂજા, ગૌરી વિસર્જન પર્વપૂજા, મંગળ ગ્રહદેવતાનું પૂજન, મહાબલિ હનુમાનજીનું પૂજન, નિત્ય થતાં પશુ લે-વેંચ, ખેતીવાડી, સ્થાવર લેવડદેવડના કામકાજ.
- આચમનઃ ચંદ્ર-શનિ ચતુષ્કોણ કાર્યક્ષેત્રે અપયશ શક્ય છે. ચંદ્ર-નેપ્ચૂન ચતુષ્કોણ સહોદરોમાં સંપ રહે, ચંદ્ર-સૂર્ય ત્રિકોણ સામાજિક, રાજકીય પ્રવૃત્તિઓમાં યશની પ્રાપ્તિ.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શનિ ચતુષ્કોણ, ચંદ્ર-નેપ્ચૂન ચતુષ્કોણ, ચંદ્ર-સૂર્ય ત્રિકોણ, ચંદ્ર વિષુવવૃત્તથી પરમ દક્ષિણે ૨૮ અંશ, ૩૭ કળાના અંતરે રહે છે.
- ગ્રહગોચરઃ સૂર્ય સિંહ, મંગળ-કન્યા, માર્ગી બુધ-સિંહ, ગુરુ-મિથુન, શુક્ર-કર્ક, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■






**બાગેશ્વરઃ** ઉત્તરાખંડના બાગેશ્વર જિલ્લાના પૌસરી ગામમાં એનડીઆરએફ અને એસડીઆરએફના જવાનોએ વાદળ ફાટ્યા બાદ અસરગ્રસ્ત વિસ્તારમાં શોધ અને બચાવ કામગીરી હાથ ધરી હતી. (એજન્સી)

## ગેટવે ઑફ ઈન્ડિયા પાસે નવી પેસેન્જર જેટીના નિર્માણ સામેની અરજી સુપ્રીમ કોર્ટે ફગાવી

નવી દિલ્હીઃ દક્ષિણ મુંબઈમાં ગેટવે ઓફ ઈન્ડિયા ખાતે નવી પેસેન્જર જેટી અને ટર્મિનલના નિર્માણ સામે દાખલ કરાયેલી અરજી સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી છે. સુપ્રીમ કોર્ટે સોમવારે બોમ્બે હાઈ કોર્ટના નિર્ણયને માન્ય રાખ્યો હતો. ૧૫ જુલાઈના રોજ હાઈ કોર્ટે ગેટવે ઓફ ઈન્ડિયા નજીક ૨૨૯ કરોડ રૂપિયાના ખર્ચે પ્રસ્તાવિત પેસેન્જર જેટી અને ટર્મિનલ સુવિધાના નિર્માણને પડકારતી ત્રણ અરજીઓ ફગાવી દીધી હતી.

સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ બીઆર ગવઈ અને જસ્ટિસ કે. વિનોદ ચંદ્રનની બેન્ચે હાઈ કોર્ટના નિર્ણય સામે લૌરા ડિસોઝા દ્વારા દાખલ કરાયેલી અપીલને ફગાવી દીધી હતી અને કહ્યું હતું કે આ મુદ્દો સરકારના નીતિ અધિકાર ક્ષેત્રમાં આવે છે. સમુદ્રમાં લગભગ ૧.૫ એકરમાં ફેલાયેલો આ પ્રોજેક્ટ દક્ષિણ મુંબઈમાં રેડિયો ક્લબ પાસે સ્થિત ગેટવે ઓફ ઈન્ડિયાથી લગભગ ૨૮૦ મીટર દૂર હશે. અરજી અનુસાર, પ્રોજેક્ટ યોજનામાં ૧૫૦ કાર માટે પાર્કિંગ, વીઆઈપી લાઉન્જ/વેઈટિંગ એરિયા, એમ્ફીથિયેટર અને ટિકિટ કાઉન્ટર/વહીવટી વિસ્તાર સાથે દરિયામાં થાંભલાઓ પર એક વિશાળ ટેનિસ રેકેટ આકારની જેટી બનાવવાનો સમાવેશ થાય છે. એવો આક્ષેપ કરવામાં આવ્યો હતો કે આ પ્રોજેક્ટ સ્થાનિકોને અસુવિધા પહોંચાડશે કારણ કે યોજનામાં ટ્રાફિક જામના મુદ્દાને ધ્યાનમાં લેવામાં આવ્યો નથી. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે નવી પેસેન્જર જેટી અને ટર્મિનલના નિર્માણ સંબંધિત મુદ્દાઓનો નિર્ણય ફક્ત દક્ષિણ મુંબઈના કોલાબા વિસ્તારમાં તાજ પેલેસ હોટલ અને તેની આસપાસ રહેનારા લોકોની ફરિયાદોના આધારે કરી શકાય નહીં. ■

## રાજસ્થાનઃ પત્નીને જીવતી સળગાવનારા પતિને મોતની સજા, કોર્ટે તેને માનવતા વિરુદ્ધનો ગણાવ્યો ગુનો

ઉદયપુર : રાજસ્થાનના ઉદયપુર જિલ્લાના માવલીની સેશન્સ કોર્ટે પોતાની પત્નીને જીવતી સળગાવી દેવા મામલે એક પતિને મૃત્યુદંડની સજા ફટકારી હતી. દોષિત પતિ પોતાની પત્નીના સ્કિનના રંગની મજાક ઉડાવતો હતો. ન્યાયાધીશે તેને માનવતા વિરુદ્ધનો ઘૃણાસ્પદ ગુનો ગણાવ્યો હતો. પતિએ પત્નીને ગોરી બનાવવાના નામ પર દગાથી જીવતી સળગાવી દીધી હતી. આરોપી કિશનલાલ તેની પત્નીને કાળી અને જાડી કહીને મેણા મારતો હતો અને આ હીન ભાવનાએ તેને રાક્ષસ બનાવી દીધો હતો. શનિવારે કોર્ટે કડક ટિપ્પણી કરતા કહ્યું હતું કે આ ગુનો ફક્ત પત્ની લક્ષ્મી વિરુદ્ધ જ નહીં, પરંતુ સમગ્ર માનવતા વિરુદ્ધ છે. કોર્ટે આરોપીને મોત સુધી ફાંસી પર લટકાવી રાખવાનો આદેશ આપ્યો છે. ઉદયપુરની માવલી સેશન્સ કોર્ટે ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો અને આરોપી પતિ કિશનલાલને મૃત્યુદંડની સજા ફટકારી હતી. કોર્ટે સ્પષ્ટપણે કહ્યું છે કે આવો ગુનો ફક્ત સ્ત્રી વિરુદ્ધ જ નહીં, પરંતુ સમગ્ર સમાજ અને માનવતા વિરુદ્ધ છે. વાસ્તવમાં આ કેસ વલ્લભનગર પોલીસ સ્ટેશન વિસ્તારના નવાનિયા ગામનો છે. અહીં કિશનલાલ નામનો એક યુવક ઘણીવાર તેની પત્ની લક્ષ્મીને કાળી અને જાડી કહીને મેણા મારતો હતો. પતિનું આ અમાનવીય વર્તન ધીમે ધીમે ઘાતક સ્વરૂપમાં બહાર આવ્યું. ૨૪ જૂન ૨૦૧૭ની રાત્રે કિશનલાલે તેની પત્નીને તેના શરીર પર દવા લગાવવાનું કહ્યું અને કહ્યું કે તેનાથી તે ગોરી થઈ જશે. પરંતુ દવા ઝેરી રસાયણ નીકળી હતી.

એવું કહેવાય છે કે કેમિકલ લગાવ્યા પછી પતિએ અગરબત્તી પ્રગટાવી અને પત્નીના શરીરમાં આગ લગાવી દીધી હતી. એટલું જ નહીં, તેણે બોટલમાં બાકી રહેલું રસાયણ પણ તેના પર રેડી દીધું, જેનાથી આગ વધુ ઉગ્ર બની હતી. સાસરિયાઓએ તેના પર પાણી રેડીને સળગતી લક્ષ્મીને ઓલવવાનો પ્રયાસ કર્યો પરંતુ ત્યાં સુધીમાં ઘણું મોડું થઈ ગયું હતું. તેના સાસરિયાઓએ તેને હોસ્પિટલ લઈ ગયા, પરંતુ થોડા દિવસો પછી લક્ષ્મીનું મોત થયું હતું. મરતા પહેલા મહિલાએ મેજિસ્ટ્રેટ સમક્ષ પોતાનું નિવેદન આપ્યું, જેમાં તેણે તેના પતિના કૃત્ય વિશે સંપૂર્ણ સત્ય જણાવ્યું હતું.

સરકારી વકીલ દિનેશ પાલીવાલે જણાવ્યું હતું કે ન્યાયાધીશ રાહુલ ચૌધરીએ કહ્યું હતું કે આરોપી સુધરે તેવી કોઈ શક્યતા નથી, તેનો ગુનો એટલો જઘન્ય છે કે તેને માફ કરી શકાય નહીં. કોર્ટે આરોપીને મૃત્યુદંડની સજા ફટકારી અને ૫૦,૦૦૦ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો હતો. આદેશમાં કહેવામાં આવ્યું કે દોષિત કિશનલાલનું ક્રૂર વર્તન ફક્ત ઘરેલુ ગુનાથી આગળ વધીને સમાજના અંતરાત્માને હચમચાવી નાખે છે. આ અત્યંત હૃદયદ્રાવક અને ક્રૂર કૃત્ય માત્ર તેની પત્ની મૃત લક્ષ્મી સામેનો ગુનો નહોતો, પરંતુ તે સમગ્ર માનવજાતની ચેતનાને એટલો આઘાત પહોંચાડે છે કે એક સ્વસ્થ અને સભ્ય સમાજમાં તેની કલ્પના પણ કરી શકાતી નથી. ■

## જમ્મુ, પંજાબ અને હિમાચલ પ્રદેશમાં ૫૦૦૦થી વધુ લોકોનું રેસ્ક્યૂ

ચંદીગઢઃ દેશમાં પૂર પ્રભાવિત જમ્મુ, પંજાબ અને હિમાચલ પ્રદેશમાં ૫૦૦૦થી વધુ નાગરિકોને બચાવવામાં આવ્યા છે. તેમ જ ૨૧ ટન રાહત સામગ્રી પૂરી પાડવામાં આવી હતી. આ માહિતી સેનાએ સોમવારે આપી હતી. ભારતીય સેનાની પશ્ચિમી કમાન્ડ પૂરગ્રસ્ત રાજ્યોમાં મોટા પાયે માનવતાવાદી સહાય અને આપત્તિ રાહત(એચએડીઆર) અભિયાન ચલાવી રહ્યું છે. એક અધિકારીએ જણાવ્યું કે તાત્કાલિક રાહત પૂરી પાડવા માટે આર્મી એવિએશન અને ભારતીય વાયુ સેનાના હેલિકોપ્ટર સહિત કુલ ૪૭ ટુકડીઓને સક્રિય કરવામાં આવી છે. તેમ જ ફોર્મેશન એન્જિનિયરો, તબીબી અને સંદેશાવ્યવહાર સંસાધનોને પણ તહેનાત કરવામાં આવ્યા છે. આ જાણકારી મેજર જનરલ પુનીત આહુજા અને કર્નલ ઇકબાલ સિંહ અરોરાએ પંચકુલાના ચંડીમંદિર સ્થિત વેસ્ટર્ન કમાન્ડ હેડક્વાર્ટર ખાતે આયોજિત પ્રેસ કોન્ફરન્સમાં આપી હતી. સેનાનું અભિયાન ૧૬ ઑગસ્ટના રોજ શરૂ થયું હતું. કર્નલ અરોરાએ જણાવ્યું કે લોકોના જીવ બચાવવા અને જરૂરી સેવાઓ પુનઃસ્થાપિત કરવા માટે સૈનિકો, એન્જિનિયરો, તબીબી ટુકડીઓ અને ઉડ્ડયન સંપતિને તૈનાત કરવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે કુલ ૪૭ ટુકડીઓ તહેનાત કરવામાં આવી છે. જેમાં મુખ્ય બચાવ દળો ઉપરાંત એન્જિનિયરો, તબીબી ટુકડીઓ અને સંદેશાવ્યવહાર દળોનો સમાવેશ થાય છે. જળમગ્ન વિસ્તારોમાંથી ૫૦૦૦થી વધુ નાગરિકો અને ૩૦૦ અર્ધલશ્કરી દળોના જવાનોને બચાવવામાં આવ્યા હોવાનું તેમણે જણાવ્યું હતું. ■

## પહેલા પાનાનું ચાલુ

### કમર્શિયલ એલપીજીમાં

તંગદિલી અને વેપારયુદ્ધને લીધે આંતરરાષ્ટ્રીય બજારમાં વધેલા તેલના ભાવને ધ્યાનમાં રાખીને ભાવ એક કિલોલીટર દીઠ ૮,૯૪૮.૩૮ રૂપિયા વધારવામાં આવ્યો હતો.

ભાવ કપાતથી કમર્શિયલ એરલાઈન પરનો બોજો ઘટશે. એરલાઈન્સની ૪૦ ટકા ઓપરેટિંગ કોસ્ટ ઈંધણની હોય છે. એરલાઈન તરફથી તત્કાળ કોઈ ટિપ્પણી મળી નથી. મુંબઈમાં એટીએફનો ભાવ કિલોલીટર દીઠ ૮૬,૦૭૭.૧૪ રૂપિયાથી ઘટાડીને ૮૪,૮૩૨.૮૩ રૂપિયા કરવામાં આવ્યો છે, જ્યારે ચેન્નઈ અને કોલકાતામાં એટીએફનો ભાવ વધારીને અનુક્રમે ૯૪,૧૫૧.૯૬ રૂપિયા અને ૯૩,૮૮૬ રૂપિયા કરવામાં આવ્યો છે. સ્થાનિક વેરા જેવા કે વેટના લીધે ભાવ શહેરવાર અલગ હોય છે.

તેલની કંપનીઓએ હૉટેલ અને રેસ્ટૉરાંમાં વપરાતા કમર્શિયલ એલપીજીનો ભાવ ૧૯ કિલોના સિલિન્ડરદીઠ ૫૧.૫૦ રૂપિયા ઘટાડવામાં આવ્યો છે. એલપીજીના દરમાં આ છઠ્ઠો ઘટાડો છે. છેલ્લે પહેલી ઑગસ્ટમાં ૧૯ કિલો સિલિન્ડરના ભાવમાં ૩૩.૫૦ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો હતો. છ કપાતને લીધે ભાવ બોટલદીઠ ૨૨૩ રૂપિયા ઘટ્યો છે.

તેલના ભાવ વધી રહ્યા છે તો ઉનાળાના મહિનામાં નીચી માગને લીધે એલપીજી દરમાં ઘટાડો થયો છે. જોકે ઘરે વપરાતો એલપીજી સિલિન્ડર ના ભાવમાં કોઈ ફેરફાર કરાયો નથી, ૧૪.૨ કિલોનું સિલિન્ડર ૮૫૩ રૂપિયે મળે છે,. રાંધણ-ગૅસનો ભાવ એપ્રિલમાં સિલિન્ડરદીઠ ૫૦ રૂપિયા વધારવામાં આવ્યો હતો.

પેટ્રોલ અને ડીઝલનો ભાવ યથાવત્ રહ્યો છે. છેલ્લે ગયા વર્ષે માર્ચમાં રાંધણ ગૅસના ભાવનાં લિટરદીઠ બે રૂપિયાનો વધારો થયો હતો . દિલ્હીમાં પેટ્રોલનો ભાવ ૯૪.૭૨ રૂપિયા અને ડીઝલનો ભાવ ૮૭.૬૨ રૂપિયા છે. (એજન્સી)■

### મોદી પુતિનને મળ્યા

વિચાર કર્યો હતો અને આ ક્ષેત્રોમાં સંબંધોમાં મજબૂતી પર સંતોષ વ્યક્ત કર્યો હતો. મોદીએ પ્રસારિત કરેલી શરૂઆતની ટિપ્પણીમાં કહ્યું હતું કે યુક્રેન અને રશિયા વચ્ચેના યુદ્ધમાં શાંતિ લાવવાના તાજેતરના પ્રયાસોને અમે આવકારીએ છીએ. અમે આશા રાખીએ છીએ કે સંભવિત પક્ષો સકારાત્મક રીતે આમાં આગળ વધશે. માનવતાનો સાદ છે કે આ યુદ્ધ બને એટલું વહેલું ખતમ થાય અને વિસ્તારમાં કાયમી શાંતિ સ્થપાય.

મોદીએ કહ્યું હતું કે ભારત રશિયાના પ્રમુખને આવકારવા પ્રતિક્ષા કરી રહ્યું છે. પુતિન શિખર પરિષદની વાતચીત માટે ડિસેમ્બરમાં ભારત આવશે. મોદીએ જણાવ્યું હતું કે વિકટ સમયમાં પણ ભારત અને રશિયા ખભેથી ખભા જોડીને આગળ વધ્યા છે. મોદીએ કહ્યું હતું કે ભારત અને રશિયા વચ્ચેના ગાઢ સંબંધો વૈશ્વિક શાંતિ, સ્થિરતા અને સમૃદ્ધિ માટે જરૂરી છે.

વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં કહ્યું હતું કે બન્ને નેતાઓએ યુક્રેનની છેલ્લામાં છેલ્લી હિલચાલ સહિતના વૈશ્વિક અને પ્રાદેશિક મુદ્દા પર ચર્ચા કરી હતી. વડા પ્રધાને શાંતિ પ્રયાસોને ટેકો આપ્યો હતો. બન્ને નેતાઆએ બે દેશ વચ્ચેની ખાસ અને વ્યૂહાત્મક ભાગીદારી મજબૂત કરવાનું પુનરુચ્ચારણ કર્યું હતું.

બન્ને નેતાઓએ બેઠકના સ્થળે જવા એક જ કારમાં મુસાફરી કરીને ૪૦ મિનિટ વાતચીત કરી હતી. (એજન્સી)■

### અફઘાનિસ્તાનમાં

એક રહેવાસીએ કહ્યું કે લગભગ આખું ગામ નષ્ટ થઈ ગયું છે. નામ ન આપવાની શરતે તેઓએ કહ્યું હતું કે ''બાળકો, વૃદ્ધો, યુવાનો કાટમાળ નીચે દટાયેલાં છે.''

તેમણે વિનંતી કરી હતી કે અમને અહીં મદદની જરૂર છે. ''અમને લોકોની જરૂર છે જેઓ અમને અહી આવીને મદદ કરે. જેથી અમે દટાયેલા લોકોને બહાર કાઢી શકીએ. કોઈ નથી જે કાટમાળની નીચે દટાયેલા મૃતદેહો બહાર કાઢે.'' પૂર્વીય અફઘાનિસ્તાન પર્વતીય વિસ્તાર છે. ભૂકંપથી સંદેશાવ્યવહાર ઠપ થઈ ગયો હતો. એક બચી ગયેલા વ્યક્તિએ તેની આંખો સમક્ષ ઘરને તૂટતાં જોયું હતું.

નર્ગલના માઝા દારા વિસ્તારમાં રહેતા સાદિકુલ્લાહે કહ્યું હતું કે તેની ઉંઘ મોટા અવાજથી ઉડી ગઇ હતી. મોટું તોફાન આવ્યું હોય તેવું લાગી રહ્યું હતું. તે તેનાં બાળકો જ્યાં સૂતાં હતાં ત્યાં દોડી ગયો અને તેમાંથી ત્રણને બચાવ્યા. તે તેના બાકીના પરિવારને બચાવવા પાછો ફરવાનો હતો ત્યારે રૂમ તેના પર પડી ગઈ હતી. નંગરહાર હોસ્પિટલમાં ફોન મારફતે ન્યૂઝ એજન્સી એપીને તેણે જણાવ્યું હતું કે ''હું અડધો દટાયેલો હતો અને બહાર નીકળી શકતો ન હતો. મારી પત્ની અને બે પુત્રો મૃત્યુ પામ્યાં છે અને મારા પિતા ઘાયલ છે અને મારી સાથે હોસ્પિટલમાં છે. અમે ત્રણથી ચાર કલાક સુધી ફસાયેલા રહ્યા હતા. બાદમાં લોકો ત્યાં આવ્યાને અમને બહાર કાઢ્યા હતા.''

આરોગ્ય મંત્રાલયના પ્રવક્તા શરાફત ઝમાને જણાવ્યું હતું કે બચાવ કામગીરી ચાલી રહી છે અને કુનાર, નંગરહાર અને રાજધાની કાબુલથી તબીબી ટીમો આ વિસ્તારમાં પહોંચી ગઈ છે. ઝમાને જણાવ્યું હતું કે ઘણા વિસ્તારોમાંથી જાનહાનિના આંકડા મળી શક્યા નથી અને મૃત્યુ અને ઇજાઓના અહેવાલો આવતાં ''આંકડામાં ફેરફાર થવાની શક્યતા છે.'' તાલિબાન સરકારના મુખ્ય પ્રવક્તા ઝબીહુલ્લાહ મુજાહિદે જણાવ્યું હતું કે ''જીવન બચાવવા માટે ઉપલબ્ધ તમામ સંસાધનોનો ઉપયોગ કરવામાં આવશે''.

પાડોશી દેશ પાકિસ્તાન સાથે નિકટતા અને દેશો વચ્ચે મુખ્ય સરહદ ક્રોસિંગ હોવાને કારણે નજીકનું જલાલાબાદ એક ધમધમતું વેપાર શહેર છે. મ્યુનિસિપાલિટી અનુસાર તેની વસ્તી લગભગ ૩૦૦,૦૦૦ હોવા છતાં તેનો મહાનગર વિસ્તાર ઘણો મોટો હોવાનું માનવામાં આવે છે. જલાલાબાદમાં ખાટાં ફળો અને ચોખા સહિત નોંધપાત્ર ખેતી પણ થાય છે, જેમાં કાબૂલ નદી શહેરમાંથી વહે છે. ■

# રાજ્યમાં ચાલુ વર્ષે ઑગસ્ટ માસમાં અંદાજે રૂ. ૧.૮ કરોડનો ૪૬ ટન અખાદ્ય ચીજવસ્તુઓનો જથ્થો જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યના નાગરિકોને શુદ્ધ ખાદ્ય ચીજવસ્તુઓ મળી રહે તે હેતુથી ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા ચાલુ વર્ષે ઑગસ્ટ માસમાં વિવિધ જિલ્લાઓમાં નિયમિત તપાસ ઉપરાંત ૧૦ જેટલા દરોડા પાડવામાં આવ્યા હતા. આ દરોડા દરમિયાન તંત્ર દ્વારા કુલ ૨૮ નમૂનાઓ લઈને અંદાજે રૂ. ૧.૮ કરોડનો ૪૬ ટન અખાદ્ય ચીજ વસ્તુઓનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. આ જપ્ત કરવામાં આવેલા જથ્થામાં મુખ્યત્વે ઘી, પામ ઓઈલ, કૂકિંગ મીડિયમ અને ચાંદીના વરખનો સમાવેશ થાય છે.

ખોરાક અને ઔષધ નિયમન તંત્રના કમિશનર ડૉ. એચ.જી.કોશિયાએ જણાવ્યું હતું કે, રાજ્યમાં ભેળસેળયુક્ત-ડુપ્લિકેટ ખોરાક બનાવનાર ઇસમો સામે સતત કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. વધુમાં, પવિત્ર શ્રાવણ માસ દરમિયાન જાહેર જનતાને શુદ્ધ અને સલામત ફરાળી ખાદ્યચીજો મળે તે હેતુથી તંત્ર દ્વારા રાજ્યવ્યાપી વિશેષ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ડ્રાઈવમાં વિવિધ સ્થળોએથી ૭૭૪ નમૂનાઓ લઈને અંદાજિત રૂ. ૧.૭૭ લાખનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત ૪૬૮ પેઢીઓની રૂબરૂ તપાસ થકી ૧૨ ટન જથ્થો જપ્ત કરવાની સાથે ૩૨ કિલોગ્રામ જથ્થાનો નાશ પણ કરવામાં આવ્યો હતો.

કમિશનરે વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતના નાગરિકોને શુદ્ધ અને સલામત આહાર મળે તે માટે તંત્ર સતત કાર્યરત છે. જે અન્વયે તંત્ર દ્વારા સમગ્ર માસ દરમિયાન જુદી જુદી ટીમ બનાવીને સુરત, અમદાવાદ, બનાસકાંઠા અને મહેસાણા જિલ્લા સહિત વિવિધ જગ્યાએ દરોડા પાડીને કડક કાર્યવાહી કરવામાં આવી હતી. આ અંતર્ગત સુરતના એસ.આર.કે. ડેરી ફાર્મ ખાતેથી ઘીના ત્રણ અને એક બટરનો નમૂનો લેવામાં આવ્યો હતો તેમ જ અંદાજે રૂ. ૬૫ લાખનો ૧૦ ટન જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. જે પૈકી ઘીના ત્રણ નમૂનાઓ લેબોરેટરીમાં સબસ્ટાન્ડર્ડ જાહેર થયા હતા. આ ઉપરાંત તંત્ર દ્વારા સુરતની શ્યામ એન્ટરપ્રાઈઝ ખાતે રૂ. ૬૨ હજારનો ૨૦૮ કિ.ગ્રા. વેજ ફેટ સહિતનો જથ્થો પણ જપ્ત કરવામાં આવ્યો હતો. તેવી જ રીતે અમદાવાદના ન્યૂ આદિનાથ ડેરી પ્રોડક્ટ્સ ખાતેથી રૂ. ૨.૭૫ લાખનો ૪૪૮ કિ.ગ્રા. ઘીનો જથ્થો તેમ જ મહાદેવ ડેરી ખાતેથી અંદાજે રૂ. ૧૦ લાખનો ૧૧ ટન ઘીનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો, જે બાદમાં સબસ્ટાન્ડર્ડ જાહેર થયા હતા. તદુપરાંત શિવમ ઓઈલ ઈન્ડસ્ટ્રીઝ, બાકરોલ-બુજરંગ, તા. દસક્રોઈમાંથી રૂ. ૭.૪૮ લાખનો ૫ ટન પામ ઓઈલ તેમજ પેઢી કેદાર ટ્રેડિંગ કંપની, દસક્રોઈ ખાતેથી રૂ. ૬.૫ લાખનો ૨.૭ ટન પામ ઓઈલ જપ્ત કરવામાં આવ્યો હતો.

વધુમાં, હેપ્પી ઓઈલ ઈન્ડસ્ટ્રીઝ, છત્રાલ ખાતેથી રૂ. ૧૬ લાખનો ૧૧ ટન આર.બી.ડી. પામ ઓઈલ તેમ જ ફૂડ સર્વિસ નેટવર્ક, બિડજ, ખેડા ખાતેથી રૂ. ૭ લાખનો ૧.૭ ટન ટપન કુકીંગ મીડિયમ ૧ લિટરનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. તદુપરાંત બનાસકાંઠા જિલ્લાની સુરભી ટ્રેડર્સ, વાવ અને તાસ્વી માર્કેટીંગ એન્ડ. ડેરી પ્રોડક્ટસ, ડીસા ખાતેથી રૂ. ૫.૬૦ લાખનો ૮૨૪ કિ.ગ્રા. શંકાસ્પદ ઘી જપ્ત કરવામાં આવ્યું હતું. તેવી જ રીતે મહેસાણાના વિજાપુર ખાતે આવેલી મે. ડીવાઇન ફુડમાં રેડ કરીને રૂ. ૧.૩૦ લાખનો ૬૪૯ કિ.ગ્રા. પનીર તેમજ અંદાજે રૂ. ૩૨ હજારથી વધુનો ૨૩૮ કિ.ગ્રા. રિફાઈન્ડ પામોલીન ઓઈલ જપ્ત કરીને વધુ કાર્યવાહી કરવામાં આવી હતી, તેમ ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

# ગુજરાતમાં સપ્ટે.માં ૧૦૯ ટકા વરસાદની સંભાવના નવરાત્રિ આયોજકો ચિંતિત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ખેલૈયાઓ નવરાત્રિ મહોત્સવની કાગડોળે રાહ જોઈ રહ્યા છે. જો કે હવામાન વિભાગ દ્વારા ખેલૈયાઓને માઠા સમાચાર આપવામાં આવ્યા છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ, આગામી સપ્ટેમ્બર મહિનાની ૨૩ તારીખથી બંગાળની ખાડી અને અરબ સાગરમાં સર્જાતાં સાઇક્લોનિક સર્ક્યુલેશનને કારણે વરસાદનું જોર વધશે, એટલે કે ગુજરાતમાં મુશળધાર વરસાદ વરસવાની શક્યતા રહેશે. જો આગાહી મુજબ નવરાત્રિમાં વરસાદી માહોલ સર્જાયો તો ગુજરાતવાસીઓની નવરાત્રિના રંગમાં ભંગ પડી શકે છે, એટલે કે ખેલૈયાઓએ વરસાદમાં ગરબે ઘૂમવાની ફરજ પડી શકે છે.

હવામાન વિભાગે આગામી ૭ દિવસ એટલે કે, ૧થી ૭ સપ્ટેમ્બર સુધી રાજ્યમાં વરસાદની આગાહી કરી છે. તેમા પણ ૩ સપ્ટેમ્બરથી રાજ્યમાં વરસાદનું જોર વધશે ખાસ કરીને દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતમાં વરસાદનું જોર વધવાની શક્યતા છે. સપ્ટેમ્બર મહિનામાં સામાન્ય કરતાં વધુ વરસાદ પડવાની શક્યતા છે.

હવામાન વિભાગના ડાયરેક્ટર એ. કે. દાસના જણાવ્યા મુજબ, ૩ સપ્ટેમ્બરથી રાજ્યમાં ભારે વરસાદની શક્યતા છે, જેના કારણે રાજ્યના અમુક જિલ્લાઓમાં ઓરેન્જ અલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આગામી વરસાદ અપર એર સર્ક્યુલેશન, મોન્સૂન ટ્રફ અને લો પ્રેશર સિસ્ટમ સક્રિય થવાને કારણે થશે. આગામી ૨૪ કલાકમાં બંગાળની ખાડીમાં એક લો પ્રેશર સક્રિય થવાની શક્યતા છે. આ સિસ્ટમને કારણે દક્ષિણ ગુજરાતના માછીમારોને આજે દરિયો ન ખેડવાની સૂચના આપવામાં આવી છે.

# ગુજરાતમાં છેલ્લા એક દાયકામાં નાળિયેરીનો વાવેતર વિસ્તાર ૫,૭૪૬ હેક્ટર વધ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સમગ્ર વિશ્વમાં ૨ સપ્ટેમ્બરને 'નાળિયેર દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. નાળિયેરમાં રહેલા ગુણોથી લોકોને જાગૃત કરવા તેમજ રોજગાર સહિત વિવિધ ઉત્પાદનોમાં નાળિયેરના મહત્વને સમજાવવા માટે આ વિશેષ દિવસની ઉજવણી કરવામાં આવે છે. નાળિયેરનું સૌથી વધુ ઉત્પાદન અને તેની નિકાસ કરતા પ્રથમ હરોળના દેશોમાં ભારત મુખ્ય સ્થાન ધરાવે છે. નાળિયેરના ઉત્પાદન અને નિકાસમાં ગુજરાત મહત્તમ ફાળો આપી શકે તેમ જ નાળિયેરના વાવેતરથી ખેડૂતો મહત્તમ આવક મેળવી શકે તેવા ઉમદા આશય સાથે રાજ્ય સરકાર નાળિયેરી વિકાસને પુષ્કળ પ્રોત્સાહન આપી રહી છે.

કૃષિ પ્રધાન રાઘવજી પટેલે નાળિયેર દિવસ સંદર્ભે જણાવ્યું હતું કે, ગુજરાતમાં નાળિયેરનો વાવેતર વિસ્તાર અને ઉત્પાદન સતત વધી રહ્યું છે. છેલ્લા એક દાયકામાં જ નાળિયેરીના વાવેતર વિસ્તારમાં ૫,૭૪૬ હેક્ટરનો વધારો થયો છે. વર્ષ ૨૦૧૪-૧૫માં નાળિયેરનો વાવેતર વિસ્તાર ૨૨,૪૫૧ હેક્ટર હતો, જે વર્ષ ૨૦૨૪-૨૫માં વધીને ૨૮,૧૯૭ હેક્ટર સુધી પહોંચ્યો છે. અત્યારે ગુજરાતમાં લીલા નાળિયેરનું (ત્રોફાનું) વાર્ષિક ઉત્પાદન ૨૬.૦૯ ક્રોડ યુનિટથી પણ વધુ છે.

ગુજરાતના દરિયાકાંઠાના જિલ્લામાં હાલ ૪૫.૬૧ લાખ હેક્ટર જેટલો વિસ્તાર ખેતી લાયક છે, જેને ધ્યાને રાખીને દરિયાકાંઠાના જિલ્લામાં નાળિયેરીનો વાવેતર વિસ્તાર ૨૮,૦૦૦ હેક્ટરથી વધીને ૭૦,૦૦૦ થી ૮૦,૦૦૦ હેક્ટર સુધી પહોંચવાની શક્યતા ધરાવે છે. હાલ ગુજરાતમાં નાળિયેરનું ઉત્પાદન મુખ્યત્વે ગીર-સોમનાથ, જૂનાગઢ, ભાવનગર, વલસાડ, કચ્છ, નવસારી અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં થાય છે. દરિયાકાંઠાના અન્ય જિલ્લાઓમાં પણ નાળિયેરીનું ઉત્પાદન વધે તે માટે નાળિયેરીના ઉત્પાદનને પૂરતું પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.

ગુજરાતમાં નાળિયેરીની ખેતી, ઉત્પાદન અને નાળિયેરી સંબંધિત ઉદ્યોગોના સંકલિત વિકાસને પ્રોત્સાહન આપવા રાજ્ય સરકારે ગુજરાત નાળિયેરી વિકાસ કાર્યક્રમ અમલમાં મૂક્યો હતો. ગુજરાત નાળિયેરી વિકાસ કાર્યક્રમ માટે ચાલુ વર્ષે રાજ્ય સરકારે બજેટમાં રૂ. ૫૫૦ લાખ જેટલી માતબર રકમની જોગવાઈ કરી છે. આ કાર્યક્રમ અંતર્ગત ખેડૂતોને નાળિયેરીના વાવેતર વિસ્તાર માટે જે ખર્ચ થયો હોય, તેના ૭૫ ટકા મહત્તમ રૂ. ૩૭,૫૦૦ પ્રતિ હેક્ટરની મર્યાદામાં સહાય આપવામાં આવે છે.

આ સાથે જ, નાળિયેરીમાં સંકલિત પોષણ અને જીવાત વ્યવસ્થાપન માટે ખર્ચના ૫૦ ટકા મુજબ મહત્તમ રૂ. ૫,૦૦૦ પ્રતિ હેક્ટરની મર્યાદામાં સહાય આપવામાં આવે છે. આ તમામ સહાય ખેડૂત દીઠ અથવા ખાતા દીઠ ૪ હેક્ટરની મર્યાદામાં સીધી ખેડૂતોના બેન્ક ખાતામાં ચૂકવવામાં આવે છે. આ ઉપરાંત રાજ્ય પ્લાન યોજના અંતર્ગત નાળિયેરીના પ્લાન્ટીંગ મટીરિયલ્સ માટે પણ ખર્ચના મહત્તમ ૯૦ ટકા મુજબ રૂ. ૧૩,૦૦૦ પ્રતિ હેક્ટરની મર્યાદામાં ખેડૂતોને સહાય ચૂકવવામાં આવે છે. રાજ્ય સરકારના નાળિયેરી વિકાસ માટેના સરાહનીય પગલાંથી ગુજરાતના નાળિયેરી ઉત્પાદનમાં વધારો થશે.

# અનિરુદ્ધસિંહ જાડેજાની અરજી સુપ્રીમે ફગાવી, હાઇ કોર્ટનો આદેશ સર્વોચ્ચ અદાલતે યથાવત્ રાખ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રીબડાના અનિરુદ્ધસિંહ જાડેજાને સુપ્રીમ કોર્ટમાંથી રાહત મળી ન હતી. દેશની સર્વોચ્ચ અદાલતે પણ ગુજરાત હાઈકોર્ટના આદેશને યથાવત રાખતા હવે તેમનો જેલવાસ નિશ્ચિત છે. હાઇ કોર્ટના ૧૮ સપ્ટેમ્બર પહેલા સરેન્ડર કરવાના ચુકાદાને ગ્રાહ્ય રાખી સુપ્રીમ કોર્ટે અનિરુદ્ધસિંહ જાડેજાને સરેન્ડર કરવા આદેશ કર્યો હતો. જેમાં સરેન્ડર કર્યા પછી સજા માફી અંગે નિર્ણય કરવામાં આવશે એટલે હાલના તબક્કે જેલમાં એક વખત હાજર થવું ફરજિયાત બન્યું છે. માટે હવે આગામી નજીકના દિવસોમાં અનિરુદ્ધસિંહ જાડેજા સરેન્ડર કરી ફરી વખત જૂનાગઢ જેલમાં હાજર થશે અને હાજર થયા પછી આગળ સજા માફી અંગે નિર્ણય થઇ શકશે. અત્રે ઉલ્લેખનીય છે કે અનિરુદ્ધસિંહ જાડેજા સરેન્ડર કરશે ત્યારબાદ ગોંડલ તાલુકા પોલીસ દ્વારા અમિત ખુંટ આત્મહત્યા કેસમાં ધરપકડ કરવામાં આવી શકે છે કારણ કે આગોતરા અરજી કોર્ટ દ્વારા ફગાવવામાં આવી છે.

અનિરુદ્ધસિંહ જાડેજાએ ગત ૨૯ ઓગસ્ટે સુપ્રીમ કોર્ટમાં સ્પે. લીવ પિટિશન (ક્રિમિનલ) રજૂ કરી હતી, જે બીજા દિવસે એટલે કે ૩૦ ઓગસ્ટે દાખલ થઈ હતી. સુપ્રીમ કોર્ટના જસ્ટિસ દીપાંકર દત્તા અને જસ્ટિસ ઓગસ્ટિન જ્યોર્જની બેચ સમક્ષ આ લીવ પિટિશનની સુનાવણી થઈ હતી.

અનિરુદ્ધસિંહ જાડેજાને તત્કાલીન ધારાસભ્ય પોપટ સોરઠિયા હત્યાકેસમાં ચાર અઠવાડિયામાં હાજર થવા હાઈ કોર્ટે હુકમ કર્યો હતો. પોપટ સોરઠિયા હત્યાકેસમાં અનિરુદ્ધસિંહ જાડેજાને આજીવન કેદમાંથી મુક્તિ આપવાના જેલ અધીક્ષક ટી.એસ. બિસ્તના હુકમને ફગાવી દેવામાં આવ્યો હતો અને અનિરુદ્ધસિંહને સરેન્ડર કરવા આદેશ કરાયો હતો. આ ઉપરાંત દરરોજ હાજરી પુરાવવાનો અને પાસપોર્ટ જમા કરાવવાનો પણ આદેશ કરાયો હતો. અનિરુદ્ધસિંહ જાડેજા અને તેના પુત્ર રાજદીપસિંહ જાડેજાને હાલ પોલીસ અમિત ખૂંટ આત્મહત્યાકેસમાં પણ શોધી રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગોંડલમાં ૧૫ ઓગસ્ટ ૧૯૮૮ના દિવસે સ્વતંત્રતા પર્વની ઉજવણી દરમિયાન ધ્વજવંદનના કાર્યક્રમમાં કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય પોપટભાઈ લાખાભાઇ સોરઠિયાની ગોળી મારી હત્યા કરવાના ગુનામાં રીબડાના અનિરુદ્ધસિંહ જાડેજાને આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી. આ પછી તેમને વર્ષ ૨૦૧૮માં સજામાફી મળતાં જેલમાંથી મુક્ત થયા હતા, જોકે આ સજામાફી રદ કરવા પૂર્વ ધારાસભ્યના પૌત્રએ કરેલી અરજી અંગે ગત સપ્તાહ દરમિયાન ગુજરાત હાઇ કોર્ટ દ્વારા ગેરકાયદે ઠરાવી એક મહિનામાં સરેન્ડર થવા હુકમ કર્યો હતો, જે હુકમ સામે અનિરુદ્ધસિંહ જાડેજાએ સુપ્રીમ કોર્ટમાં લીવ પિટિશન દાખલ કરી હતી.

# અમદાવાદની સેવન્થ ડે સ્કૂલમાં વિદ્યાર્થીની હત્યા, ડીઈઓએ પાંચ સભ્યની કમિટીની રચના કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના ખોખરા વિસ્તારની સેવન્થ ડે સ્કૂલના વિદ્યાર્થીની હત્યા મામલે આ કેસની ઊંડાણપૂર્વક તપાસ કરવા માટે જિલ્લા શિક્ષણાધિકારી (ડીઈઓ) દ્વારા એક પાંચ સભ્યોની કમિટીની રચના કરવામાં આવી છે. આ કમિટીમાં સંચાલક મંડળ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અને શિક્ષણ ક્ષેત્રના નિષ્ણાતો સહિતના મહત્ત્વના સભ્યોને સામેલ કરવામાં આવ્યા છે.

જિલ્લા શિક્ષણાધિકારી (ડીઈઓ) દ્વારા બનાવેલી આ કમિટીમાં સંચાલક મંડળ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અને શિક્ષણ ક્ષેત્રના નિષ્ણાતો સહિતના મહત્ત્વના સભ્યોને સામેલ કરવામાં આવ્યા છે. જેઓ શાળા દ્વારા રજૂ કરાયેલ દસ્તાવેજો, શાળાના સીસીટીવી ફૂટેજ, અને શાળામાં ડોનેશન લેવા અંગેના આક્ષેપો અંગે પણ તપાસ કરશે. આ કમિટી આગામી ૧૦ દિવસમાં પોતાનો સંપૂર્ણ રિપોર્ટ તૈયાર કરીને શિક્ષણ વિભાગને સુપરત કરશે. આ રિપોર્ટના આધારે જ આગળના કાયદેસરના પગલાં લેવામાં આવશે.

તે ઉપરાંત શાળા દ્વારા અગાઉ જમા કરવામાં આવેલા ૧૮માંથી ૧૩ દસ્તાવેજોની ઝીણવટપૂર્વક તપાસ કરવામાં આવશે. કમિટી શાળાના સીસીટીવી ફૂટેજની બારીકાઈથી તપાસ કરીને ઘટનાના કારણો અને જવાબદાર વ્યક્તિઓ વિશે માહિતી મેળવવામાં આવશે. શાળા પર ડોનેશન લેવા અંગેના જે આક્ષેપો થયા છે, તેની પણ તપાસ કરવામાં આવશે.

આ મામલે, ડીઇઓ રોહિત ચૌધરીએ જણાવ્યું હતું કે, સેવન્થ ડે સ્કૂલની ઘટનાને ધ્યાનમાં રાખીને પ્રાથમિક શિક્ષણ નિયામકે આરટીઈ રૂલ્સ ૨૦૧૨ હેઠળ એક કમિટી બનાવવાની સૂચના આપી છે. આ મામલે સંપૂર્ણ તપાસ કરીને રિપોર્ટ રજૂ કરવા માટે જણાવાયું છે. આ માટે પાંચ સભ્યોની એક કમિટી બનાવવામાં આવી છે. જેમાં અમારી કચેરીના શિક્ષણ નિરીક્ષક, એક સંચાલક, એક શિક્ષણવિદ્ અને સભ્ય સમાજના પ્રતિનિધિ એમ કુલ મળીને પાંચ સભ્યો છે.

કમિટીમાં આરટીઆઈના નિયમો, ઓડિટ અને શાળા સામેની અન્ય ફરિયાદો જેમ કે, ડોનેશન અથવા વધુ ફી લેવા જેવી બાબતોની તપાસ કરવામાં આવશે. સભ્ય સમાજના પ્રતિનિધિ, સંચાલક, ઓડિટ માટે સીએ અને શિક્ષણ નિરીક્ષક આ મામલાની તપાસ કરીને રિપોર્ટ સબમિટ કરશે. આ રિપોર્ટ ઉચ્ચ કચેરીને મોકલવામાં આવશે, જેના આધારે આગળની કાર્યવાહી કરવામાં આવશે.

વધુમાં તેઓએ જણાવ્યું હતું કે, ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ઝડપથી રિપોર્ટ રજૂ કરવાનું કહેવામાં આવ્યું છે. આ મામલાના પુરાવા મળ્યા પછી જ રિપોર્ટ ઝડપથી તૈયાર કરવામાં આવશે. આ મામલે પોલીસને પણ જાણ કરવામાં આવી છે અને જોઈન્ટ કમિશનર પોલીસ ક્રાઇમ બ્રાન્ચને પણ લખવામાં આવ્યું છે. સીસીટીવી ફૂટેજ સહિત તમામ બાબતોની પોલીસની સાથે રહીને તપાસ કરવામાં આવશે.

# અમદાવાદ આરટીઓનું સર્વર ઠપ્પ, ટેસ્ટ ટ્રેક બે દિવસ બંધ રહેતા અરજદારોને હાલાકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના સુભાષ બ્રિજ પાસે આવેલી આરટીઓ કચેરીનું સર્વર ડાઉન થતા અરજદારોને ભારે હાલાકી ભોગવવી પડી હતી. સપ્તાહના પહેલા જ દિવસે અહીં આવનારા અરજદારોને સર્વર ડાઉનની સમસ્યાથી ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. સવારથી જ સર્વર ડાઉન થવાને કારણે ડ્રાઇવિંગ લાઇસન્સ, વાહન રજિસ્ટ્રેશન સહિતની તમામ કામગીરી સંપૂર્ણપણે અટકી પડી હતી. આ ઉપરાંત ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક હજી બે દિવસ બંધ રહેશે, તેવું જાણવા મળ્યું હતું.

આરટીઓ કચેરીનું સર્વર ઠપ થતાં દૂર-દૂરથી આવેલા અરજદારોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. અંતે અરજદારો કલાકો સુધી રાહ જોયા બાદ નિરાશ થઈને પરત ફરવા મજબૂર બન્યા હતા. તંત્રની ઘોર બેદરકારીને કારણે લાયસન્સ કઢાવવા જેવી પ્રક્રિયાથી લઈને તેમાં સુધારો કરાવવાની પ્રક્રિયામાં નાગરિકોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

એક તરફ જ્યાં તમામ કામગીરી ઠપ્પ હતી, ત્યાં બીજી તરફ ટૂ-વ્હિલર અને ફોર-વ્હિલરના ટેસ્ટ ટ્રેક પણ બંધ જોવા મળ્યા હતા. જે ટેસ્ટ ટ્રેક હજી પણ બે દિવસ બંધ રહેશે. જેને કારણે જે લોકો પોતાનું લાઇસન્સ કઢાવવા આવે છે, જે હવે બે દિવસ નવા લાયસન્સ કઢાવી શકવાના નથી. ટેસ્ટ આપવા આવેલા અરજદારોને પણ નિરાશ થવું પડ્યું હતું.

સૂત્રોથી મળતી માહિતી મુજબ, ટેસ્ટ ટ્રેક પરના કૅમેરા અને સર્વર બંધ હોવાને કારણે હાલ પૂરતા ટ્રેક બંધ રાખવામાં આવ્યા છે અને બે દિવસ બંધ રહેશે, જેથી લોકોને હવે પોતાના લાયસન્સ કઢાવવા માટે ટેસ્ટ બે દિવસ બાદ આપવો પડશે. આ ટેસ્ટ ટ્રેક બુધવારથી ફરીથી શરૂ થાય તેવી શક્યતા છે.

# ગુજરાતમાં અંત્યોદય રેશન કાર્ડની સંખ્યામાં ૩૩ હજારનો ઘટાડો નોંધાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં અત્યાર સુધી હજારો કિલોને મફત અનાજ વિતરણ કરી ભાજપ સરકારે વાહવાહી મેળવી લીધી છે. હવે જ્યારે ગુજરાતની અડધોઅડધ જનતા મફત અનાજ લેવા મજબૂર બની છે ત્યારે રાજ્ય અન્ન પુરવઠા વિભાગે ૫૫ લાખ શંકાસ્પદ રેશનકાર્ડ રદ કરવા કવાયત શરૂ કરી છે.

આ ઉપરાંત એક બાજુ, ગુજરાતમાં ગરીબ પરિવારોની સંખ્યા વધી રહી છે ત્યારે બીજી બાજુ, ૩૫ કિલો મફત અનાજ લેનારાં પરિવારોની સંખ્યા ઘટી હોવાનો ખુલાસો થયો છે.

એક રિપોર્ટ અનુસાર, ગુજરાતમાં અંત્યોદય કાર્ડની સંખ્યામાં ૩૩ હજારનો ઘટાડો થયો છે. સામાન્ય રીતે ગરીબી રેખા નીચે જીવતા પરિવારોને અંત્યોદય કાર્ડ હેઠળ ૩૫ કિલો ઘઉં, ચોખા સહિત અન્ય અનાજ વિનામૂલ્યે આપવામાં આવે છે.

કેન્દ્રીય અન્ન પુરવઠા મંત્રાલયના એક રિપોર્ટ મુજબ, વર્ષ ૨૦૨૧માં ૮.૧૦ લાખ અંત્યોદય કાર્ડ હેઠળ ગરીબ પરિવારોને વિનામૂલ્યે અનાજ આપવામાં આવતું હતું, જ્યારે વર્ષ ૨૦૨૫માં વિનામૂલ્યે અનાજ લેનારા કાર્ડધારકોની સંખ્યા ૭.૭૭ લાખ થઇ ગઇ છે.

છેલ્લાં પાંચેક વર્ષમાં અંત્યોદય કાર્ડ ધારકોની સંખ્યામાં ૩૩ હજારનો નોંધપાત્ર ઘટાડો થયો છે. હવે એક તરફ, ગુજરાતમાં ગામડાઓમાં ગરીબ પરિવારોની સંખ્યા ૭૫.૩૫ લાખ છે, જ્યારે શહેરી વિસ્તારોમાં ૨૬.૮૮ લાખ ગરીબ પરિવારો છે.

# અમદાવાદના જુહાપુરામાં યુવકને છરીના ત્રણ ઘા માર્યા, કાયદો વ્યવસ્થા પર સવાલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદમાં લુખ્ખા તત્ત્વો બેફામ બન્યા છે, શહેરમાં સરેઆમ હિંસાના બનાવો વધી રહ્યા છે. અસામાજિક તત્ત્વો સામે પોલીસતંત્ર વામણું સાબિત થયું હોવાથી કાયદો વ્યવસ્થા પર સવાલો ઊઠ્યા છે. આ દરમિયાન શહેરના જુહાપુરા વિસ્તારમાં ફરી એક આતંકની ઘટના બની હતી. ૩૧ ઓગસ્ટના રોજ જુહાપુરા વિસ્તારમાં સોનલ ચાર રસ્તા ઉપર જાહેરમાં એક યુવક પર છરી વડે હુમલો કરવામાં આવ્યો હતો. ટ્રાફિકથી ધમધમતા રોડ પર છરી-પથ્થરોથી મારામારી કરવામાં આવી હતી. આ સમગ્ર ઘટનામાં બે લોકોને ઇજા થતાં સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ ઘટનાનો વીડિયો પણ સોશ્યલ મીડિયામાં વાઇરલ થયો છે. આ મામલે વેજલપુર પોલીસે ચાર આરોપી સામે ગુનો નોંધી તેઓની શોધખોળ હાથ ધરી છે. મળતી વિગત મુજબ, શહેરના જુહાપુરા વિસ્તારમાં તવક્કલ પાર્કમાં અમાન શેખ તેની પત્ની સાથે રહે છે. મીઠાખળી ખાતે આવેલા ગેરેજમાં કાર વોશિંગનું કામ કરે છે. રવિવારે સાંજના સમયે તેના બે મિત્ર સાથે બર્ગમેન વાહન પર જુહાપુરા જઈ રહ્યા હતા, ત્યારે સોનલ ચાર રસ્તા ઉપર પહોંચતા એક કાળા કલરના એક્ટિવા ઉપર ત્રણ જેટલા શખસો આવ્યા હતા. અહીં આ શખસોએ અમાનને કહ્યું કે, તારી ગાડી સીઝ કરવાની છે અને બોલાચાલી કરી હતી. હું તને ઓળખતો નથી તેવું અમાને કહેતા તેને માર મારવાની શરૂઆત કરી હતી. પછી છરી કાઢી અને મારામારી કરવાની શરૂઆત થઈ હતી. જાહેર રોડ ઉપર મારામારીના દૃશ્યો જોવાં મળ્યાં હતાં.

# અમદાવાદના સરખેજમાં નકલી દારૂ બનાવતી ફેક્ટરી ઝડપાઈ, આરોપી અખ્તર અલી સૈયદની શોધખોળ શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના સરખેજ વિસ્તારમાં નકલી દારૂ બનાવતી ફેક્ટરી ઝડપાઈ હતી. સરખેજના ફતેવાડી વિસ્તારમાં આવેલી એક સોસાયટીમાં કેમિકલ યુક્ત નકલી દારૂ બનાવવામાં આવતો હોવાની બાતમી મળતા પોલીસે ત્યાં રેડ પાડી હતી અને દારૂ ઝડપી લીધો હતો. પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ શરૂ કરી છે, પોલીસે ઘરમાં નકલી દારૂ બનાવવા માટે દારૂની બોટલો, કેમિકલ, મોટા બેરલો, બોટલો અને દારૂની કંપનીના સ્ટીકરો સહિતનો મુદ્દામાલ ઝડપી પાડ્યો હતો. ત્રણ મહિનાથી મકાન ભાડે લઈને દારૂ બનાવવામાં આવતો હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. પોલીસે તમામ મુદ્દા માલ જપ્ત કરી નકલી દારૂ બનાવનાર આરોપી અખ્તર અલી સૈયદની શોધખોળ શરૂ કરી છે. છેલ્લા કેટલા સમયથી આ ફેક્ટરી ધમધમતી હતી તે દિશામાં પણ પોલીસ તપાસ શરૂ કરાઈ છે, અને દારૂ બનાવીને કયા જિલ્લામાં સપ્લાય કરાતો હતો તે અંગે પણ તપાસ શરૂ કરાઈ છે. સરખેજ પોલીસ સ્ટેશનના કર્મચારીઓને બાતમી મળી હતી કે, સરખેજ ફતેવાડી પાસે આવેલી મહંમદની સોસાયટી વિભાગ-૧માં ૫૮ નંબરના મકાનમાં નકલી દારૂ બનાવવામાં આવી રહ્યો છે, જેથી સરખેજ પીઆઇ એસ. એ. ગોહિલ અને સર્વેન્સ કોડના પીએસઆઇ તથા કર્મચારીઓ દ્વારા સોસાયટીમાં આવેલા મકાનમાં પહોંચ્યા હતાં. જોકે મકાન બંધ હાલતમાં હતું જેથી મકાનના માલિક ખાન પઠાણને બોલાવવામાં આવ્યાં હતા. તેઓની હાજરીમાં પોલીસે મકાન ખોલીને તપાસ કરતા અલગ અલગ બનાવટની દારૂની ૩૩ બોટલો, આલ્કોહોલ મીટર, ૧૦ લીટરની ક્ષમતાની કાળું કલરનું પ્રવાહી ભરેલી બોટલ, અલગ અલગ બ્રાન્ડના ખાલી પુઠાના બોક્સ, મયુર મેજિક કંપનીના ફૂડ ફલેવરની નાની ચાર બોટલો, ઢાંકણ વગરની બોટલો અને આલ્કોહોલિક પ્રવાહી ભરેલા મોટા વાદળી કલરના બેરલો તેમ જ અલગ અલગ સ્ટીકરો મળી આવ્યા હતા. પોલીસે હાલમાં ઝડપાયેલ કેમિકલને પણ તપાસ માટે એફએસએલમાં મોકલી આપ્યો હતો.

### નકલી દારૂને બ્રાન્ડેડ દારૂ તરીકે વેચાણ કરતો

પોલીસે મકાન માલિકની પૂછપરછ કરતા જાણવા મળ્યું હતું કે, ગોમતીપુર વિસ્તારમાં નાગપુર વોરાની ચાલીમાં રહેતા અખ્તર અલી સૈયદ નામની વ્યક્તિને ત્રણ મહિના પહેલા આ મકાન ભાડે આપવામાં આવ્યું હતું. ઘરમાંથી મળી આવેલા સામાન પરથી પોલીસને જાણવા મળ્યું હતું કે અખ્તર અલી આ મકાન ભાડે રાખીને જગ્યામાં કેમિકલ મિશ્રણવાળો દારૂ બનાવી બોટલમાં ભરીને વેચાણ કરતો હતો.

# રાજકોટના હીરાસર ઈન્ટરનેશનલ એરપોર્ટમાં ઑગસ્ટમાં ૯૦ હજારથી વધુ યાત્રિકો નોંધાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટના હીરાસર સ્થિત ઈન્ટરનેશનલ એરપોર્ટમાં જુલાઈ માસની સરખામણીએ ઓગસ્ટ માસમાં હવાઈ મુસાફરોની સંખ્યામાં વધારો નોંધાયો છે.

ગત જૂન માસમાં અમદાવાદમાં પ્લેન ક્રેશ દુર્ઘટના બાદ જુલાઈ માસમાં મુસાફરોએ ડરના માર્યા હવાઈ મુસાફરી ટાળી હતી, પરંતુ ઓગસ્ટ માસમાં જન્માષ્ટમી તહેવારોની રજાઓમાં હવાઈ મુસાફરોની સંખ્યામાં ફરી વધારો નોંધાયો હતો.

રાજકોટના ઈન્ટરનેશનલ એરપોર્ટમાં ગત જુલાઈ માસમાં ૮૬૩૫૩ મુસાફરનું આગમન-પ્રસ્થાન નોંધાયું હતું, જેની સરખામણીએ ગત ઓગસ્ટ માસમાં ૪૬૪૧૮ આગમન અને ૪૪૨૩૧ પ્રસ્થાન મળી કુલ ૯૦૬૪૯ મુસાફરનું આગમન-પ્રસ્થાન નોંધાયું હતું.

ઓગષ્ટ માસમાં ૨૫૫ ફલાઈટનાં ઉડ્ડયનમાં ડેઈલી સરેરાશ ૨૯૦૦ને પાર મુસાફર નોંધાયા હતા.

ઈન્ટરનેશનલ એરપોર્ટમાં તા. ૧લી સપ્ટેમ્બરથી એર ઈન્ડિયાની સવારની મુંબઈ-રાજકોટ- મુંબઈ ફલાઈટ પુનઃ શરૂ થતા ૧૩૦ આગમન ૧૪૦ મુસાફરનું પ્રસ્થાન નોંધાયું હતું.

એર ઈન્ડિયાની સવારની મુંબઈ ફલાઈટ શરૂ થતા હવે સવારે મુંબઈ જવા બપોરે એક સાંજે બે ફલાઈટ મળી કુલ પાંચ ફલાઈટ ઊડતા હવાઈ મુસાફરોને મુંબઈ આવવા-જવાનું સરળ બન્યું છે.

હવાઈ મુસાફરોની સંખ્યા વધી રહી છે.

આગામી નવરાત્રી-દિવાળીના તહેવારોમાં તમામ ફલાઈટોમાં ટ્રાફિક જોવા મળશે.

## ચાર પિસ્તોલ સાથે ત્રણ પકડાયા

મુંબઈ: કલ્યાણમાં ઘાતક શસ્ત્રો વેચવાને ઇરાદે આવેલા ત્રણ આરોપીની ધરપકડ કરી તેમની પાસેથી ચાર પિસ્તોલ જપ્ત કરવામાં આવી હતી. કલ્યાણ રેલવે સ્ટેશન નજીક એક શખસને પિસ્તોલ વેચવા આકાશ અને તેના બે સાથી આવવાના હોવાની માહિતી પોલીસને મળી હતી. માહિતીને આધારે થાણે પોલીસની એન્ટી એક્સ્ટોર્શન સેલના અધિકારીઓએ શનિવારની રાતે સ્ટેશન પરિસરમાં છટકું ગોઠવ્યું હતું. ■

## મુખ્ય પ્રધાન ફડણવીસે શિંદે અને અજિત પવાર સાથે ચર્ચા કરી

મુંબઈ: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે સોમવારે તેમના બંને નાયબ મુખ્ય પ્રધાનો એકનાથ શિંદે અને અજિત પવાર સાથે મરાઠા અનામત કાર્યકર્તા મનોજ જરાંગેના નેતૃત્વ હેઠળના મરાઠા આંદોલનથી ઉદ્ભવેલી પરિસ્થિતિ અંગે ચર્ચા કરી હતી. અહીં ઉલ્લેખનીય છે કે બંને નાયબ મુખ્ય પ્રધાનો મરાઠા સમાજના છે.

જરાંગે ૨૯ ઓગસ્ટથી દક્ષિણ મુંબઈના આઝાદ મેદાનમાં મરાઠાઓ માટે કુણબી દરજ્જાની માગણી સાથે ભૂખ હડતાળ પર ઉતરી ગયા છે, કુણબીઓ અન્ય પછાત વર્ગો (ઓબીસી)નો ભાગ છે. મરાઠા અનામત પર વિચાર કરવા માટે ગઠિત કેબિનેટ સબ કમિટીના વડા અને રાજ્યના પ્રધાન રાધાકૃષ્ણ વિખે પાટિલ અને હૈદરાબાદ, સાતારા અને અન્ય ગેઝેટ મુજબ કુણબી રેકોર્ડની તપાસ કરવા માટે રચાયેલી સમિતિના વડા નિવૃત્ત હાઈકોર્ટના ન્યાયાધીશ સંદીપ શિંદે પણ બેઠકમાં હાજર રહ્યા હતા.

સરકાર મરાઠા ક્વોટા મુદ્દાનો કાયદેસર રીતે ટકાઉ ઉકેલ શોધવા માંગે છે, એમ વિખે-પાટીલે જણાવ્યું હતું. રાજ્ય સરકાર વિવિધ કોર્ટના ચુકાદાઓ પર વિચાર-વિમર્શ કરી રહી છે જેમાં કહેવામાં આવ્યું છે કે મરાઠા સામાજિક રીતે પછાત નથી અને તેમને 'કુણબી' કહી શકાય નહીં. ■

## કલવા રેલવે સ્ટેશનને બૉમ્બથી ઉડાવી દેવાની ધમકી આપનારો પકડાયો

થાણે: થાણે જિલ્લામાં કલવા રેલવે સ્ટેશનને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપવા બદલ ૪૩ વર્ષના શખસની ધરપકડ કરવામાં આવી હોવાનું રેલવે પોલીસે જણાવ્યું હતું. ગવર્નમેન્ટ રેલવે પોલીસે (જીઆરપી) જણાવ્યું હતું કે આરોપી રૂપેશ મધુકર રણપિસેએ પોલીસ હેલ્પલાઇન નંબર પર રવિવારે સાંજે ચાર વાગ્યે કૉલ કર્યો હતો અને કલવે રેલવે સ્ટેશન પર બોમ્બ પ્લાન્ટ કરવામાં આવ્યો હોવાની જાણ કરી હતી. કૉલ દરમિયાન આરોપીએ બડબડાટ કર્યો હતો અને પોલીસને જણાવ્યું હતું કે તે કલવા સ્ટેશન પર બોમ્બ લઇને ઊભો છે અને પરિસરને ઉડાવી દેશે.

રેલવે સ્ટેશન પર તહેનાત પોલીસ અધિકારીઓને તાત્કાલિક આ કૉલ વિશે જાણ કરવામાં આવી હતી અને રેલવે પ્રોટેક્શન ફોર્સના ડોગ સ્કવોડ તથા બોમ્બ ડિટેક્શન એન્ડ ડિસ્પોઝલ સ્કવોડ દ્વારા કલવા સ્ટેશન તથા પરિસરમાં તપાસ હાથ ધરવામાં આવી હતી. જોકે તપાસને અંતે ત્યાં કોઇ પણ શંકાસ્પદ વસ્તુ મળી આવી નહોતી અને બોમ્બની વાત અફવા સાબિત થઇ હતી. દરમિયાન રેલવે પોલીસે ધમકીભર્યો કૉલ કરનારી વ્યક્તિની શોધ ચલાવી હતી અને તેને ઝડપી પાડ્યો હતો, જે દારૂના નશામાં હોવાનું જણાયું હતું. પોલીસે આ પ્રકરણે આરોપી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા અને મહારાષ્ટ્ર પ્રોહિબિશન એક્ટની સુસંગત જોગવાઇઓ હેઠળ ગુનો દાખલ કર્યો હતો. (પીટીઆઇ) ■

## મરાઠા સમુદાયને કુણબીનો દરજ્જો ન આપી શકાય: આઠવલે

મુંબઈ: ગરીબ મરાઠા સમુદાયને અનામતનો લાભ આપવો જોઈએ. સરકારે સાતારા અને હૈદરાબાદ ગેઝેટનો અભ્યાસ કરવો જોઈએ અને ગરીબ મરાઠા સમુદાયને અનામત આપવી જોઈએ. રિપબ્લિકન પાર્ટીનો મત એ છે કે ગરીબ મરાઠા સમુદાયને અનામત મળવી જોઈએ. સરકારે ધ્યાનમાં રાખવું જોઈએ કે ગરીબ મરાઠા સમુદાયને અનામત આપતી વખતે, તે ઓબીસી સમુદાય સાથે અન્યાય ન થવો જોઈએ, એમ રિપબ્લિકન પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અને કેન્દ્રીય સામાજિક ન્યાય ખાતાના રાજ્યકક્ષાના પ્રધાન રામદાસ આઠવલેએ સોમવારે જણાવ્યું હતું. તેમણે એમ પણ કહ્યું હતું કે રાજ્ય સરકારે મરાઠા સમુદાયને અનામતનો અધિકાર આપવા માટે તાત્કાલિક પગલાં લેવા જોઈએ અને મરાઠા નેતા મનોજ જરાંગેનું હિંસક આંદોલન ટૂંક સમયમાં સમાપ્ત થવું જોઈએ.

રામદાસ આઠવલેએ વર્ષા બંગલો પર મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને મળીને મરાઠા અનામતના મુદ્દા પર ચર્ચા કરી હતી. તેમણે કહ્યું હતું કે મુખ્ય પ્રધાનને વિનંતી કરી છે કે મરાઠા સમુદાયના ગરીબ મરાઠાઓને અનામત આપવાનો તાત્કાલિક માર્ગ શોધો. ■

નવમાં પાનાનું ચાલુ

### સરકાર હાઈ કોર્ટના

છૂટાછવાયા બનાવો બન્યા છે જેને પોલીસે થોડીવારમાં જ દૂર કરી દીધા હતા,' એમ તેમણે કહ્યું હતું.

'હું મુસાફરી કરી રહ્યો હતો, તેથી મને ખબર નથી કે કોર્ટે શું અવલોકન કર્યું. મને જાણવા મળ્યું છે કે કોર્ટે એવી નોંધ કરી છે કે મુંબઈમાં વિરોધ પ્રદર્શનને આપવામાં આવેલી પરવાનગીઓ અંગે કેટલાક ઉલ્લંઘનો થયા છે. કોર્ટે મુંબઈના રસ્તાઓ પર જે કંઈ થઈ રહ્યું છે તેના પર નારાજી વ્યક્ત કરી છે,' એમ તેમણે કહ્યું હતું.

તેમણે એમ પણ કહ્યું કે ક્વોટા આંદોલનથી ઊભી થયેલી પરિસ્થિતિ અંગે તેમના ડેપ્યુટીઓ અજિત પવાર અને એકનાથ શિંદે સાથે મળેલી બેઠકમાં માગણીઓ પર કાનૂની વિકલ્પોની ચર્ચા કરવામાં આવી હતી.

'અમે બધા કાનૂની વિકલ્પો પર ચર્ચા કરી અને કાનૂની ઉકેલો શોધવા માટે કામ કર્યું છે, જે કોર્ટમાં ટકી રહેશે,' એમ તેમણે કહ્યું હતું.

ફડણવીસે આ આરોપને નકારી કાઢ્યો કે આઝાદ મેદાન નજીકની દુકાનોને તેમના શટર બંધ રાખવાનું કહેવામાં આવ્યું હતું જેથી આંદોલનકારીઓને ખોરાક ન મળે.

'રસ્તાઓ પર આંદોલનકારીઓ દ્વારા કરવામાં આવેલા હોબાળાને કારણે દુકાનો બંધ કરવામાં આવી હતી. દુકાનદારોને તેમના પરિસર ખોલવાનું કહેવામાં આવ્યું છે અને પોલીસની હાજરીની ખાતરી આપવામાં આવી છે,' એમ તેમણે ઉમેર્યું હતું. ■

### તો પછી અમે પણ

નહીં, એમ જણાવતાં રાજ્યના પ્રધાન છગન ભુજબળે એવું એલાન કર્યું છે કે જો અમારી સાથે અન્યાય થશે તો અમે પણ લાખોની સંખ્યામાં મુંબઈ આવીશું. તેથી, મરાઠા અનામતને લઈને શરૂ થયેલો વિવાદ વકરવાની શક્યતા છે.

ઓબીસી સમુદાયના અગ્રણી નેતાઓની બેઠક બાદ છગન ભુજબળે કહ્યું હતું કે ઓબીસીમાંથી અનામત આપવાનું કોઈપણ મુખ્ય પ્રધાનના હાથમાં નથી. બ્રાહ્મણ સમાજ પણ ખેતી કરે છે, તો શું તેઓ પણ કુણબી બની જશે?, ઈડબલ્યુએસ અનામત આર્થિક રીતે પછાત લોકોને આપવામાં આવી છે. કોઈ જાતિને ઓબીસીમાં સમાવી શકાય નહીં. કોઈને આ અધિકાર નથી. હાલમાં ઓબીસી શ્રેણીમાં ૩૭૪ જાતિ છે. ઈડબ્લ્યુએસ ઉપરાંત મરાઠા સમુદાયને ૧૦ ટકા વધુ અનામત રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવી છે. પવાર હોય કે ફડણવીસ, કોઈ પણ જાતિઓને ઓબીસીમાં સમાવી શકે નહીં. જે પેટા જાતિઓ હતી તે ઓબીસી હેઠળ આવી ગઈ છે. તેમણે કહ્યું કે તેઓ ઓબીસીના હિસ્સામાં બીજો હિસ્સો ઇચ્છતા નથી. છગન ભુજબળે એવી ચેતવણી આપી હતી કે જો અમારી સામે જાણી જોઈને અન્યાય કરવામાં આવશે તો અમે ગણેશોત્સવ પછી મુંબઈ પણ આવીશું.

હું અહીં ઓબીસીના નેતા તરીકે બેઠો છું, હું ઓબીસીના નેતા તરીકે કેબિનેટમાં પણ બેઠો છું. ફક્ત આજે જ નહીં, પરંતુ ૩૫ વર્ષથી. જો પ્રધાનો મરાઠા તરીકે ત્યાં જઈ રહ્યા છે, તો હું પણ ગરીબ ઓબીસી માટે લડી શકું છું.

ભુજબળે એવી પણ માગણી કરી હતી કે નકલી પ્રમાણપત્રો લેનારાઓ સામે પણ કાર્યવાહી થવી જોઈએ.

### ૩૭૪ સમુદાયો વચ્ચે ફક્ત ૧૭ ટકા અનામત: ભુજબળ

મુંબઈ: મહારાષ્ટ્રના પ્રધાન અને સિનિયર ઓબીસી નેતા છગન ભુજબળે સોમવારે કહ્યું હતું કે રાજ્યમાં ૩૭૪ સમુદાયો માટે માત્ર ૧૭ ટકા અનામત ઉપલબ્ધ છે અને તેથી મરાઠાઓને અન્ય પછાત વર્ગોના ક્વોટામાં સમાવિષ્ટ ન કરવા જોઈએ.

ઓબીસી સમાજ માટે ૨૭ ટકા અનામતમાંથી ૬ ટકા વિચરતી જાતિઓ માટે, બે ટકા ગોવારી સમુદાય માટે અને અન્ય નાના ભાગો વિવિધ જૂથો માટે અનામત રાખવામાં આવ્યા છે. ફક્ત ૧૭ ટકા બાકી છે, અને એ પણ ૩૭૪ સમુદાયોમાં વહેંચાયેલી છે,' એમ ભુજબળે કહ્યું હતું.

'મરાઠાઓને ઓબીસીમાં સમાવવા જોઈએ નહીં, હું હાથ જોડીને વિનંતી કરું છું,' એમ તેમણે કહ્યું હતું.

'જો મરાઠાઓને ઘઇઇ ક્વોટા બદલ્યા વિના અનામત મળે તો અમને કોઈ વાંધો નથી,' એમ પણ તેમણે કહ્યું હતું.

જે દસ્તાવેજી પુરાવા અને ઐતિહાસિક ગેઝેટિયર્સ દ્વારા મરાઠાઓને કુણબી તરીકે માન્યતા આપવાની માગણી જેને પગલે, તેમને ઓબીસી વર્ગમાં સમાવિષ્ટ કરી શકાય.

તેમણે દલીલ કરી છે કે આ પ્રકારનું પુનઃવર્ગીકરણ ન તો કાયદેસર રીતે યોગ્ય છે કે ન તો સામાજિક રીતે વાજબી છે. ■

### મરાઠા આંદોલન

ગામના ખેડૂતોના હિત માટે પાક વીમા યોજના, ખાતરો અને બિયારણના પરીક્ષણ માટે ગ્રામ્ય સ્તરે પ્રયોગશાળાઓ સ્થાપવા વગેરે માટે લડત આપવાનો નિર્ણય કર્યો છે. આ માટે ખેડૂત-ખેડૂત કામદાર અધિકાર સંઘર્ષ સમિતિની રચના કરવામાં આવી છે.

આ વિરોધ પ્રદર્શન ૨૮ ઓક્ટોબરે મુંબઈમાં યોજાશે. આ માટે તૈયારીઓ કરવામાં આવી રહી છે. રાજ્યભરમાં બેઠકોનું આયોજન કરવામાં આવ્યું છે અને બચ્ચુ કડુ સહિત ખેડૂત આગેવાનો વિવિધ સ્થળોએ સભાઓ ગજવી રહ્યા છે.

બચ્ચુ કડુએ ગયા વર્ષે જૂનમાં ગુરુકુંજ મોઝારી ખાતે ખેડૂતો, ખેતમજૂરો અને દિવ્યાંગ લોકોના પ્રશ્નોને લઈને ભૂખ હડતાળ કરી હતી. ઉદ્યોગ પ્રધાન ઉદય સામંતના કહેવાથી બચ્ચુ કડુએ આંદોલન સ્થગિત કરવાનો નિર્ણય લીધો હતો.

બચ્ચુ કડુ પર મહાગઠબંધનમાં હોવા છતાં વિપક્ષની રાજનીતિ રમવાનો આરોપ લાગ્યો હતો. હવે કૃષિ લોન માફી આંદોલનના અવસર પર બચ્ચુ કડુએ ફરી મહાયુતિ સરકારને પડકાર ફેંક્યો છે. મહેસૂલ પ્રધાન ચંદ્રશેખર બાવનકુળે સાથે તેમને બનતું નથી. આ પરિસ્થિતિમાં સરકાર આંદોલનમાં તેમની ભૂમિકા અંગે શું વલણ અપનાવે છે એ જોવાનું રહે છે. ■

### મુંબઈના રસ્તાઓ

છે,' એમ કોર્ટે કહ્યું હતું.

છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (સીએસએમટી) અને ચર્ચગેટ રેલવે સ્ટેશન, મરીન ડ્રાઇવ પ્રોમેનેડ અને હાઈકોર્ટ બિલ્ડિંગ જેવા મહત્વપૂર્ણ સ્થળોએ આંદોલનકારીઓ એકઠા થયા છે, એમ કોર્ટે જણાવ્યું હતું.

કોર્ટે નોંધ્યું હતું કે આંદોલન શાંતિપૂર્ણ નહોતું અને દક્ષિણ મુંબઈના આઝાદ મેદાનમાં શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શન કરવાની પરવાનગી આપતી વખતે જરાંગે અને અન્ય પ્રદર્શનકારીઓએ અધિકારીઓ દ્વારા નક્કી કરાયેલી દરેક શરતનું ઉલ્લંઘન કર્યું છે.

'અમે જરાંગે અને તેમના સમર્થકોને તાત્કાલિક પરિસ્થિતિ સુધારવા અને મંગળવાર બપોર સુધીમાં શેરીઓ ખાલી કરવા અને સાફ કરવાની તક આપી રહ્યા છીએ,' એમ ખંડપીઠે અત્યંત આકરા શબ્દોમાં જણાવ્યું હતું.

કોર્ટે એમ પણ કહ્યું હતું કે જરાંગે અને તેમના સમર્થકોએ પ્રથમ દૃષ્ટિએ શરતોનું ઉલ્લંઘન કર્યું હોવાથી અને તેમની પાસે વિરોધ ચાલુ રાખવાની માન્ય પરવાનગી ન હોવાથી, કોર્ટ એવી અપેક્ષા રાખે છે કે રાજ્ય સરકાર યોગ્ય પગલાં લઈને કાયદામાં નિર્ધારિત યોગ્ય પ્રક્રિયાનું પાલન કરશે.

સરકારે સુનિશ્ચિત કરવું જોઈએ કે હવેથી વધુ પ્રદર્શનકારીઓ શહેરમાં પ્રવેશ ન કરે.

મંગળવારે વધુ સુનાવણી મુલતવી રાખતાં બેન્ચે કહ્યું હતું કે જો ત્યાં સુધીમાં જરાંગેની તબિયત વધુ બગડે તો સરકાર તેમને તબીબી સહાય પૂરી પાડશે.

'અમે શહેરમાં સામાન્ય સ્થિતિ ઇચ્છીએ છીએ. પ્રદર્શનકારીઓ સ્નાન કરી રહ્યા છે, રસોઈ કરી રહ્યા છે અને શેરીઓમાં શૌચ કરી રહ્યા છે,' એમ પણ હાઈકોર્ટે કહ્યું હતું.

બેન્ચે કહ્યું કે તેઓ જરાંગે વિશે ચિંતિત છે, જે બેમુદત ભૂખ હડતાળ પર છે અને કહ્યું હતું કે જ્યારે દરેક નાગરિકને વિરોધ કરવાનો અધિકાર છે, ત્યારે તે શાંતિપૂર્ણ રીતે અને માન્ય મર્યાદામાં થવું જોઈએ.

### સીએસએમટી

ભેગા થતાં વાહનવ્યવહાર થંભી ગયો હતો. કેટલાક આંદોલનકારીઓએ સવારે સીએસએમટી, મહાપાલિકા માર્ગ અને મેટ્રો થિયેટરની નજીક બેસ્ટની બસો સહ અન્ય વાહનોને રોકવાનો પ્રયાસ કર્યો હતો, પણ પોલીસે તેમને વિખેરી નાખ્યા હતા. પોલીસે સીએસએમટી તરફ જતા ટ્રાફિકને અન્ય રૂટ પર વાળ્યો હતો. આઝાદ મેદાન ખાતે મરાઠા અનામત આંદોલનને કારણે ટ્રાફિક પોલીસે સવારે ૯.૩૦ વાગ્યાથી ભારે વાહનો માટે જે. જે. બ્રિજ બંધ કરી દીધો હતો. સીએસએમટી જતી કે ત્યાંથી પસાર થતી બેસ્ટની બસોના રૂટને બદલવામાં અથવા સ્થગિત કરવામાં આવ્યા હતા. આઝાદ મેદાન વિસ્તારમાં ભારે પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો, પરંતુ આંદોલનકારીઓ તેમને પણ ગાંઠ્યા નહોતા. રિઝર્વ બૅંક ઇમારત સામે પણ તેમણે સૂત્રોચ્ચાર કર્યા હતા. અમુક જૂથોએ શેરબજારની ઇમારતમાં ઘૂસવાનો પ્રયાસ કર્યો હતો, પણ સુરક્ષારક્ષકોએ તેમને રોક્યા હતા. બાદમાં તેમણે બહાર ઊભા રહીને સૂત્રોચ્ચાર કર્યા હતા. સોમવારે સવારે સીએસએમટી સંકુલ, મહાપાલિકા મુખ્યાલની સામે અને આસપાસ મોટી સંખ્યામાં આંદોલનકારીઓએ વિરોધ પ્રદર્શન કર્યું હતું. આથી ખાસ કરીને વીકએન્ડની રજાઓ બાદ સોમવારે કામધંધે જવા નીકળેલા પ્રવાસીઓ હેરાન-પરેશાન થઇ ગયા હતા. દરમિયાન ઇસ્ટર્ન ફ્રીવે અને દક્ષિણ મુંબઈ તરફ જતા અન્ય માર્ગો પર ટ્રાફિક ધીમો હતો, પણ ગયા સપ્તાહની જેમ સ્થગિત નહોતો. મરાઠા આંદોલનને ધ્યાનમાં રાખીને આઝાદ મેદાન અને આસપાસ વધારાના પોલીસ દળને તહેનાત કરવામાં આવ્યા છે અને દક્ષિણ મુંબઈ તરફ જતા ઘણા માર્ગ પર બેરિકેડ્સ લગાવી દેવામાં આવ્યા છે. ■

### ..તો પાંચ કરોડથી

સરકારે ફક્ત એટલું જ કહેવું પડશે કે તે હૈદરાબાદ, સાતારા અને અન્ય ગેઝેટિયર્સ લાગુ કરી રહી છે અને મરાઠાવાડાના તમામ મરાઠાઓને કુણબી જાહેર કરી રહી છે. આવા પ્રમાણપત્રોનું વિતરણ જિલ્લા કલેક્ટર અને તહસીલદાર દ્વારા કરી શકાય છે,' એવો દાવો જરાંગેએ સોમવારે કર્યો હતો. 'મરાઠાઓ મુંબઈ આવવાની રાહ જોઈ રહ્યા છે. તેઓ યોગ્ય સમયની રાહ જોઈ રહ્યા છે. જો ફડણવીસ માંગણીઓ નહીં સ્વીકારે તો પાંચ કરોડથી વધુ મરાઠા મુંબઈ આવશે,' એમ તેણે કહ્યું હતું. મરાઠા અનામતની માગણી માટે મુંબઈ આવેલા મરાઠા સમુદાયના સભ્યો છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (સીએસએમટી) અને દક્ષિણ મુંબઈના અન્ય વિસ્તારોમાં એકઠા થયા છે, જેને કારણે ટ્રાફિક જૅમ અને મુસાફરોને અગવડ પડી રહી છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, પોલીસે સીએસએમટી વિસ્તાર તરફ જતો ટ્રાફિક ડાયવર્ટ કર્યો હતો, જ્યારે બૃહન્મુંબઈ ઇલેક્ટ્રિક સપ્લાય એન્ડ ટ્રાન્સપોર્ટ (બેસ્ટ) ઉપક્રમે પણ સીએસએમટી તરફ જતા તમામ રૂટ પર બસો સ્થગિત, ડાયવર્ટ અથવા ઘટાડી દીધી હતી. ■

## જૈન મરણ

**ઝાલાવાડી સ્થાનકવાસી જૈન**

પીર ભડીયાદ નિવાસી હાલ વિરાર માલતીબેન ભોગીલાલ વાડીલાલ હકાણી (ઉં. વ. ૭૬) તે સ્વ. વિમળાબેન જશવંતલાલ શાહની સુપુત્રી. ધર્મેશ, મનીષ, નિલેશ, રૂપા, હિરલ, અલકાના માતુશ્રી. કાજલ, ઉર્મિલા, નલીનકુમાર, મીતેષકુમાર, હિરેનકુમારના સાસુ. મનસુખભાઇ, રસીકભાઇ, મંગુબેન, લીલીબેનના ભાભી. સ્વ. નિતીનભાઇ, પંકજભાઇ, નરેશભાઇ, ભરતભાઇ, કામીની નયનકુમારના બેન. શનિવાર, તા. ૩૦-૮-૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા સ્થા. જૈન**

મોરબી નિવાસી હાલ દાદર સ્વ.જશવંતીબેન ગુણવંતરાય દફતરીના પુત્રવધૂ માલતીબેન. તે સ્વ. મનોજ દફતરીના ધર્મપત્ની. રાયેશ તથા પૂજાના માતુશ્રી. ભાવનગર નિવાસી સ્વ. નિર્મળાબેન પ્રતાપભાઇ ગાંધીના સુપુત્રી. સ્વ.ભરતભાઇ દફતરીના નાનાભાઇના પત્ની. અ. સૌ. હંસા અશોકભાઇ શાહ, અ. સૌ. રીમા કિરણભાઇ ભાયાણીના ભાભી. તા. ૧-૯-૨૫ને સોમવારના રોજ અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ડેડાણ નિવાસી હાલ સાંતાક્રુઝ ગં. સ્વ. હંસાબેન દેસાઇ (ઉં. વ. ૯૪)તે સ્વ. પ્રતાપરાય ધારસીભાઇ દેસાઇના ધર્મપત્ની. તે હરેન્દ્ર, સંજીવ, સુભગ, વિપુલ અને નીપાના માતુશ્રી. તે નીશા, ફાલ્ગુની, તૃપ્તિ, ડિમ્પલ અને ભરત બાખડાના સાસુ. સ્વ. સમરતબેન અને સ્વ. કેશવલાલ નથુભાઇ મહેતાના સુપુત્રી. તે રુષભ-હિરલ, મૌલિક-પૂજા, નીલ-રિશિતા, પંક્તિ-ગૌરવ, ગ્રીષ્મા-સાહિલ તથા ધ્વનિ-કંજીનના દાદી. તે આકાશ, યુવિકા અને આર્યનના નાની. તા. ૩૧-૮-૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨-૯-૨૫ના મંગળવારે ૪થી ૬. ઠે. હિરાવતી બેન્કવેટ હોલ, જે. કે. મહેતા રોડ, સાંતાક્રુઝ (વેસ્ટ).

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ઉના નિવાસી હાલ કાંદિવલી અરુણાબેન મહેન્દ્રભાઇ દોશીના સુપુત્ર રશ્મીન મહેન્દ્રભાઇ દોશી (ઉં. વ. ૫૨) તા. ૩૦-૮-૨૫ના શનિવારે અવસાન થયેલ છે. જે અપેક્ષાબેનના પતિ. ધ્રુવી, આગમ, આંગીના પિતા. જુલી સમીરભાઇ (ગાધકડા) પૂ. સા. ભ. સંવેગયશાશ્રીજી તથા પૂ. સા. ભ. દીપયશાશ્રીજી મ. સા. ના, સંસારીભાઇ. સોભાગચંદ નાનજીના ભાઇના દીકરા. નંદલાલ હરીચંદ (બોરડા)ના ભાણેજ તથા સસુર પક્ષે ધીરજલાલ કાનજી શાહ (પાલીતાણા)ના જમાઇ. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝાલાવાડી દશા શ્રીમાળી દેરાવાસી જૈન**

સુરેન્દ્રનગર નિવાસી હાલ સાયન, વિનયકાંત ધીરજલાલ શાહ રવિવાર તા. ૩૧-૮-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે અરુણાબેનના પતિ. સર્જીત, નિલીમા (નીધી)ના પિતા. કિરીટ, કાર્તિક, જીતેન્દ્ર, કોકિલા, બાલચંદભાઇ વોરા, સ્વ. ઇંદુબેન યોગેશ કુસુમગર, સ્વ. નીરુબેન મહેન્દ્ર શાહનાં ભાઇ. ખુશ્બુ, મયંકભાઇના સસરા. સાસરા પક્ષે બોટાદ નિવાસી દુર્લભજી ધનજીભાઇ બગડીયાના જમાઇ. ભાવયાત્રા માનવસેવા સંઘ, ૩જે માળે, સાયન (વેસ્ટ), મંગળવાર, તા. ૨-૯-૨૫ના સાંજે ૪થી ૫.૩૦.

**માંગરોળ જૈન**

માંગરોળ નિવાસી હાલ બેંગલોર પ્રેમવંતીબેન શેઠ (ઉં. વ. ૯૮) તે સ્વ. વિનયચંદ્ર (માધુભાઇ) ત્રિભોવનદાસ શેઠના ધર્મપત્ની ગુરુવાર, તા. ૨૮-૮-૨૫ના અરિહંતશરણ પામેલ છે. સ્વ. રૂક્ષમણી જગમોહન ચત્રભુજના દીકરી. તે સ્વ.જયાબેન, સ્વ. કુસુમબેન તથા પ્રમોદભાઇના બેન. સ્વ. સુરેખા, સુનીલ, મયુરી તથા આશિતના માતુશ્રી. તે સુધીર, ભારતી, બિમલ તથા મનીષના સાસુજી. તે અપેક્ષા, પુનીત, રાહુલ, સ્નેહા તથા સ્વ. પ્રિયલના દાદીમાં. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર રાખવામાં આવેલ નથી.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

મોટા સમઢીયાળાવાળા હાલ મુલુંડ સ્વ. કાન્તિલાલ ભૂરાલાલ શેઠના ધર્મપત્ની હીરાલક્ષ્મી તા. ૨૯-૮-૨૫ના અરિહંતશરણ પામેલ છે (ઉં. વ. ૯૫) તે સ્વ. કુમુદબેન, સ્વ. સ્નેહલભાઇ, રાજેશભાઇ, રંજનબેન મહેશકુમાર શાહ, પ્રતિમાબેન પરિમલભાઇ દેસાઇ, ભારતીબેન ભરતકુમાર શાહ તથા પૂર્ણિમાબેન હરેશકુમાર દફતરીના માતુશ્રી. માયાબેન તથા હીનાબેનના સાસુ. મિથુન, શ્રેણિક, રિદ્ધિ હર્ષકુમાર ગાંધી તથા પાર્થના દાદી. પરિજા, મોનિકા, ધ્વનીના દાદીસાસુ. રિયાન, ઇશાના પરદાદી. પ્રાર્થનાસભા મંગળવાર, તા. ૨-૯-૨૫ના ઓબેરોય અનિમ્મા કલબ હાઉસ, પાંચમે માળે, એલ.બી.એસ, રોડ, મુલુંડ (વે).

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થા. જૈન**

લખતર નિવાસી હાલ ભાયંદર સ્વ. ચીમનલાલ મણીલાલ શાહના ધર્મપત્ની ગં. સ્વ. ઇંદુબેન શાહ (ઉં. વ. ૮૧) તે પ્રકાશભાઇ, મેહુલભાઇના માતુશ્રી. અવનીબેનના સાસુ. ભીમજીભાઇ ખંધારની સુપુત્રી. તે સ્વ. રજનીબેન રસીકલાલ, સ્વ. લલિતાબેન રમણીકલાલના દેરાણી. ગં. સ્વ. વિદ્યાબેન ન્યાલચંદ કામાણીના ભાભી. રવિવાર તા. ૩૧-૮-૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર તથા સાદડી પ્રથા બંધ છે.

**વાગડ વિ. ઓ. જૈન**

ગામ લાકડિયાના વિશાલ અતુલ હિરજી શાહ (ઉં. વ. ૩૯) રવિવાર, તા. ૩૧-૮-૨૫ના અરિહંતશરણ પામેલ છે. સ્વ. દિવાળીબેન હિરજી કરમશીના પૌત્ર. ગીતાબેન અતુલના પુત્ર. વિરકતાના પતિ. પાર્શ્વના પિતાશ્રી. રિતેશ, શ્વેતાના ભાઇ. ઘાટકોપરના બીનાબેન સંજયભાઇ દોશીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. ૪૧૪, એ-૮૦૩, ગુરુકૃપા ગંગાવ, વલ્લભબાગ લેન, સાંઇબાબ મંદિરની પાસે, ઘાટકોપર (ઇસ્ટ).

**કચ્છી ગુર્જર જૈન**

કચ્છી માંડવીના હાલ સાંતાક્રુઝ, ઉષાબેન અશોકભાઈ શાહના પુત્ર. મિતેષ (ઉં. વ. ૫૦) તા. ૨૯/૮/૨૫ શુક્રવારના અરિહંતશરણ પામેલ છે. દિપાલીના પતિ. શ્રેયના પિતા. અમિષનાં મોટાભાઈ. અંજનાબેન દિનેશભાઇ શાહના જમાઈ, મિત્તલના જેઠ, લૌકિક વ્યવહાર રાખેલ નથી. સી, ૩૬ અનુ એપાર્ટમેન્ટ, મિલન સબ વે, સાંતાક્રુઝ વેસ્ટ.

**વિશા નીમા જૈન**

વેજલપુર નિવાસી હાલ નાલાસોપારા ઈસ્ટ, ગિરીશભાઈ રમણલાલ ગાંધી (ઉં.વ.૭૦) સંગીતાબેનના પતિ. હીરલ-શ્રદ્ધાના પિતાશ્રી, વિરલકુમાર - ગૌરવકુમારના સસરા, જૈનમ - પ્રિથિવના નાના. તા. ૨૨/૮/૨૫ના અરિહંતશરણ પામ્યા છે. બી/૨૦૫, સુકંચન એપાર્ટમેન્ટ, પાણીની ટાંકી પાસે, તુલીંજ રોડ, નાલાસોપારા ઈ. લૌકીક વ્યવહાર બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

લાકડીયાના વિશાલ અતુલ હીરજી શાહ (ઉં. વ. ૩૯) તા. ૩૧-૦૮-૨૫ના અરિહંત શરણ પામેલ છે. ગીતાબેન અતુલ શાહના પુત્ર. વિરક્તાના પતિ. પાર્શ્વના પિતાશ્રી. રીતેશ, શ્વેતાના ભાઇ. ઘાટકોપરના બીનાબેન સંજયભાઇ દોશીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. એડ્રેસ : અતુલ શાહ, ૧૪૧/એ, ૮૦૩, ગુરુકૃપા ગગાવ, વલ્લભબાગ લેન, સાંઇબાબા મંદિરની પાસે, ઘાટકોપર (ઇ.).

નાની ખાખરના સાધના ગુલાબચંદ શાહ (દેઢીયા) (ઉં. વ. ૮૭) તા. ૩૧/૮/૨૫ના અવસાન પામેલ છે. કસ્તુરબેન મેઘજી પાસુના પુત્રવધુ. ગુલાબચંદના પત્ની. રાજુ, નમીતા, રૂપલના માતુશ્રી. નવાવાસના વાલબાઇ વીરજીની સુપુત્રી. ગંગાબાઇ દેવજી, રતનબેન દેવરાજ, જયવંતી પોપટલાલ, જયન્દ્રી કલ્યાણજી, લક્ષ્મીબેન શાંતીલાલના બેન. સદ્ગતની ઇચ્છાનુસાર પ્રાર્થના રાખેલ નથી. ઠેકાણુ : રાજુ ગુલાબચંદ શાહ, એ/૧/એ, તારાબાગ એસ્ટેટ, ૨૮૭, ચર્નીરોડ, મુંબઇ-૪૦૦૦૦૪.

પત્રીના શાંતાબેન ધરોડ (ઉં. વ. ૮૩) તા. ૩૧/૦૮/૨૫ના અમદાવાદ મધ્યે અવસાન પામ્યા છે. ભાણબાઇ નેણશી કેશવજીના પુત્રવધૂ. ડો. સ્વ. પોપટલાલનાં પત્ની. ડો. અતુલ અને સુચેતાના માતુશ્રી. મુન્દ્રાના લક્ષ્મીબેન હરિલાલ ખીમજીના પુત્રી. હરખચંદ, તનસુખ અને મધુબાળા પ્રવીણભાઇ ગાલાના બેન. પ્રાર્થના રાખેલ નથી. સરનામું : ડો. અતુલ પોપટલાલ ધરોડ, સી/૮૧, કર્મચારી નગર-૧, રન્ના પાર્ક, ઘાંટલોડિયા, અમદાવાદ - ૩૮૦૦૬૧.

છસરાના લાલજી ગાંગજી ફુરિયા (ઉં. વ. ૯૦) તા. ૩૦/૮ના અરિહંતશરણ પામ્યા છે. જેતબાઈ ગાંગજીના પુત્ર. કસ્તુરબેનના પતિ. પ્રફુલ્લ, નિતીન, નીનાના પિતા. ડો. અમૃત, વસંત, નવિન, કેસર (કલ્પના) જેઠાલાલ, નિર્મળા (નીલમ) પ્રવિણના ભાઈ. કુંદરોડીના નાનબાઈ/વેલબાઈ ડુંગરશી હંસરાજના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. લાલજી ગાંગજી : ૧૫, મહાવીર કુંજ, ગરોડીયા નગર, ઘાટકોપર-ઈ. મું-૭૭.

મોખાના દામજી (વેલજી) મેઘજી રાંભિયા (ઉં. વ. ૮૫) તા. ૨૬/૮ ના અરિહંત શરણ પામેલ છે. સુંદરબેન મેઘજીના પુત્ર. જયાના પતિ. કેતન, નીશાના પિતા. વસનજી, ડુંગરશી, પ્રવિણચંદ્ર, તલકશી, કસ્તુર, કુંવર, જવેર, નિર્મળાના ભાઈ. ભોરારા સોનબાઈ ડુંગરશી વીરજી દેઢિયાના જમાઈ. પ્રા. વર્ધમાન સ્થા. જૈન સંઘ સંચાલિત કરસન લધુ નિસર હોલ, જ્ઞાન મંદિર રોડ, દાદર (વે). ટા.૪ થી ૫.૩૦. નિ. કેતન રાંભિયા- એ/૪૦૨, ઓમ સાઈ કરણ પેલેસ, એકસર રોડ, બોરીવલી (વે). મું- ૯૨.

દેશલપુર (કંઠી)ના કસ્તુરબેન કલ્યાણજી કુંવરજી શાહ (વોરા) (ઉં. વ. ૮૩) તા. ૩૦/૮ ના અવસાન પામેલ છે. મઠાબાઈ કુંવરજીના પુત્રવધૂ. કલ્યાણજીના ધર્મપત્ની. રાજેશ, દિપક ના માતુશ્રી. ભુજપુર પાનબાઈ ભીમશી ગાલાના પુત્રી. ગાંગજી, નિર્મળા, શાંતિલાલ, સુંદરજી, ધીરજલાલ, કલ્પના, ભારતીના બેન. પ્રાર્થના રાખેલ નથી. ફોન આવકાર્ય. નિ. ડી. કે. શાહ- એ/૯૦૨, કલબેલાઈફ, આહુજા ટાવર, એકસર રોડ, બોરીવલી (વેસ્ટ). મુંબઈ - ૯૧. મો.

મોટા આસંબીયાના સુંદરબેન પ્રેમજી છેડા (ઉં. વ. ૯૫) તા. ૩૧-૮-૨૫ના અવસાન પામેલ છે. લધાભાઇ છેડાના પુત્રવધૂ. પ્રેમજી લધાના પત્ની. કમલ, નેમચંદ, ગીરીશના માતા. ના. તુંબડીના ખેતબાઇ લખમશી ખીમરાજના પુત્રી. ઝવેરચંદ, લાડબાઇ ખીમજી, મો. આસંબીયાના કેસરબાઇ હીરજી, મણીબાઇ ચાંપશી, ભાણબાઇ નાનજી, શાંતાબેન ખીમજીના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. મંજુલા નેમચંદ છેડા, ૨૦૪, તાશ્કંદ, એસ.વી.પી.રોડ, બોરીવલી (વેસ્ટ).

દેવપુરના રાજેશ ગાલા (ઉં. વ.૬૩) તા.૩૦-૮-૨૫ના અવસાન થયેલ છે. હિરબાઈ ખીમજીના પુત્ર. કિરણના પતિ. વિશાલ, વૈશાલીના પિતા. સ્વ. જયંતિલાલ, છગનલાલ, તુષાર, જયવંતી, કસ્તુરના ભાઈ. સુશીલાબેન હરખચંદના જમાઈ. પ્રાર્થના સભા રાખેલ નથી. નિ. કિરણ ગાલા, ૨૦૧, ૩૭, પૃથ્વી એપાર્ટમેન્ટ, એમ.જી. રોડ, ગોરેગામ (વે.).

## હિન્દુ મરણ

સિહોર નિવાસી હાલ કાંદિવલી સ્વ. લીલાવંતીબેન બાલુભાઈ ભુતાના સુપુત્ર ભૂપેન્દ્રભાઈ (ઉં.વ. ૮૩) તાઃ ૩૦/૦૮/૨૫ શનિવારના શ્રીજીચરણ પામેલ છે તે અરુણાબેનના પતિ. તે સ્વ. હીરાલક્ષ્મીબેન, સ્વ.ધીરજલાલ, સ્વ. અનસુયાબેન, સ્વ. મંજુલાબેનના ભાઈ. તે ભાવના ચંદ્રેશ સંઘવી, જ્યોતિ ભાવિન ઠક્કર, હેમા મહેશ શાહના પિતા. તે હર્ષિલ, નિહાર, આર્યન, શૌર્યના નાના. તે સ્વ. મોતીલાલ જમનાદાસ ભુતાના જમાઈ, તે સ્વ. પંકજ, હેમંત, રાજેન્દ્રના કાકા. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી રાજગોર**

ગામ કચ્છ નાના રતડીઆ સ્વ. દેવજી કાનજી ભટ્ટના પત્ની ગં. સ્વ. સાકરબાઇ (ઉં. વ. ૯૫) તા. ૨૭-૮-૨૫ બુધવારના શ્રીજીચરણ પામેલ છે. તે ગામ ભોજાયના સ્વ. લક્ષ્મીબાઇ કેશવજી રાજગોરના દીકરી. સ્વ. પ્રભાશંકર, સ્વ. નવીનચંદ્ર, સ્વ. ખુશાલીબેન, અમૃતબેન, ચંદ્રકાન્તના માતુશ્રી. સ્વ. કરસનદાસ, સ્વ. વાસુદેવ, ગં. સ્વ. કસ્તુરબેન, ગં.સ્વ. રંજનબેન, પ્રિતીના સાસુમા. ભારતી, રૂપાલી, બીના, દિપેન, નિલેશ, શિતલ, હરિઓમ અને રિદ્ધિના દાદીમાં. ગં. સ્વ. નર્મદાબેન ગૌરીશંકર નાકરના મોટાબેન. પ્રાર્થનાસભા તેમ જ લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

ફોર્ટ સોનગઢ નિવાસી સ્વ. પરમાણંદદાસ મનસુખલાલ મહેતાના ધર્મપત્ની ગં. સ્વ. ઇંદુબેન (ઉં. વ. ૯૫) હાલ મુંબઇ તા. ૨૯-૮-૨૫ શુક્રવારના શ્રીજીચરણ પામ્યા છે. તે તરુણભાઇ, સોહિણાબેન, શોભનાબેન તથા ભાવનાબેનના માતા. અ. સૌ. પલ્લવી, પ્રફુલચંદ્ર દલાલ, સ્વ. હર્ષદભાઇ સંઘવી વિજયભાઇ વોરાના સાસુ. પરાગ તથા નિશિતના દાદી. સ્વ. કુસુમબેન વસંતરાય મહેતા તથા સ્વ. માણેકબેન હીરાલાલ મહેતાના ભાભી. પિયરપક્ષે ગાંફવાળા સ્વ. પોપટલાલ હ. વકીલના પુત્રી. સર્વ લૌકિક પ્રથા બંધ રાખવામાં આવેલ છે.

**કપોળ**

ડુંગરવાળા હાલ મુંબઇ સ્વ. મનસુખલાલ ધનજીભાઇ વોરાના ધર્મપત્ની સુશીલાબેન (ઉં. વ. ૯૦) તે તા.૩૧-૮-૨૫ના રવિવારના શ્રીજીચરણ પામેલ છે. તે સમીર, ભૂપેશ, છાયા મુકેશકુમાર મહેતાના માતુશ્રી. તે સ્વાતી તથા નીતાના સાસુ. અ. સૌ. ધ્વનિ નિસર્ગ, અ. સૌ. દૃષ્ટિ ભવ્ય, અખીલ, અ. સૌ. પ્રિયલ પ્રણવ મહેતા, અ. સૌ. ઇશા મિતેશભાઇ મોદી. અ. સૌ. હિરલ ઉવેલના દાદીમા ને નાનીમા. પિયર પક્ષે ચત્રભૂજ માધવજી પારેખના દીકરી. પ્રાર્થનાસભા તેમ જ સર્વે લૌકિક વ્યવહાર બંને પક્ષ તરફથી બંધ છે.

**હાલાઇ લોહાણા**

મૂળ વતન જામખંભાળીયા હાલ વિરાર, સ્વ. મધુબેન કિશોરભાઈ રાડીયા (ઉં.વ.૮૫) તા. ૩૦/૮/૨૫ શનિવારના શ્રીજીચરણ પામેલ છે. સ્વ. પરસોત્તમભાઇ તથા સ્વ. મોતીબેનનાં પુત્રવધૂ. સ્વ.નારણદાસ તથા સ્વ. રંભાબેન ભાયાણીના પુત્રી, મનોજભાઈ, વિજયભાઈ, મનીષભાઈ તથા ભારતીબેન રાજેષભાઇના માતુશ્રી. સ્વ. શાંતિલાલ, સ્વ. પ્રવીણભાઈ, મહેન્દ્ર, સ્વ.નવનીતભાઈ, સ્વ. જીતેન્દ્રભાઈ, હંસાબેન લક્ષ્મીકાંત સોમૈયાના બેન. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

અ.સૌ. ત્રિવેણીબેન પલણ (ઉં. વ.૬૮) તે સ્વ. રુક્ષ્મણીબાઈ રવિલાલ ગોવિંદજી પલણનાં કચ્છ ઢોરીવાલા હાલે મુલુંડ, જયેષ્ઠ પુત્રવધુ, તે રમેશભાઈના ધર્મપત્ની, સ્વ. રાધાબાઈ ભાણજી મુળજી રૂપારેલ કચ્છ ગામ સંગડ હાલે મુલુંડવાલાનાં સુપુત્રી અ.સૌ. જયોતિ રાજેશકુમાર, અ.સૌ. કવિતા મેહુલકુમાર, જયેશ, દેવેન્દ્રના માતૃશ્રી, ગં.સ્વ. કાંતાબેન મહેશકુમાર, હરીશભાઈ, અ.સૌ. રસિલાબેન અરવિંદકુમાર, સ્વ. અ.સૌ. ભારતીબેનના ભાભી, અ.સૌ. સ્મૃતિ, અ.સૌ. હેતાના સાસુજી. રવિવાર તા. ૩૧-૮-૨૫ના મુલુંડ રામશરણ પામ્યાં છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા ૨જી સપ્ટેમ્બર ૨૦૨૫ મંગળવારના ૫:૩૦ થી ૭. સારસ્વતવાડી, ગ્રાઉન્ડ ફલોર, ઝવેર રોડ, મુલુન્ડ વેસ્ટ. લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.

**વિસા સોરઠીયા વણિક**

બાલાગામ નિવાસી હાલ વિલે પાર્લે, ગુણવંતરાય હરીદાસ શાહ (ઉ.૯૫) તે સુરેશ, ગિરીશ, સ્વ. દિપિકા તથા ધર્મેન્દ્રના પિતા, ભાવના, સ્વ. રેખા, સ્મીતાના સસરા. ફોરમ, માનસી, ઋત્વિજાના દાદા તથા રાજના નાના, તા. ૦૧.૦૯.૨૦૨૫ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઈ લોહાણા**

જામરાવલ નિવાસી હાલ વિરાર, ગં. સ્વ. મંગળાબેન રતિલાલ કોટેચા(ઉ.વ.૧૦૧) તા. ૩૧/૮/૨૦૨૫ રવિવારનાં શ્રીજીચરણ પામેલ છે, તે ત્રિભોવનદાસ, કનૈયાલાલ, હસમુખ, બિપિન, ઉમેશ અને મંજુલાબેન, ભારતીબેન, સ્વ. પ્રફૂલાબેન, દક્ષાબેનના માતુશ્રી, જયંતીલાલ રાયઠઠ્ઠા, સ્વ. જગદિશકુમાર દત્તાણી, કુમાર રાયચુરા, નીતિન રાચ્છ, સ્વ. સુશિલાબેન, જશુબેન, ચંદ્રિકા, રાખી, ફાલ્ગુનીનાં સાસુ. સમીર, મીરાં, કાજલ, કોમલ, અમિત, અભિલાષા, કૃપા, રાજ, કૃણાલ, પુષ્ટિનાં દાદીમા. ઉમેશ, ડિમ્પલ, હેતલ, ડોલી, કોમલ, આશિષ અને અવિકનાં નાની, સ્વ. રતનશી વસરામ ઠકરારના દિકરી. પ્રાર્થનાસભા તા. ૨/૯/૨૫ મંગળવારનાં ૪:૩૦ થી ૬, જલારામ હોલ, જલારામ મંદિરની ઉપર, પી.પી રોડ, બસ ડેપોની બાજુમાં, વિરાર પશ્ચિમ.

**કચ્છ કડવા પાટીદાર**

કચ્છ ગામ દોલતપર હાલે થાણા, સ્વ.સવિતાબેન જબુઆણી (ઉં.વ.૭૪) તા. ૩૧-૮-૨૫ના રામશરણ પામેલ છે. તે સ્વ. ગાંગુબેન ધનજી જબુઆણીના પુત્રવધૂ. સ્વ. પુરષોત્તમ જબુઆણીના પત્ની, મનીષ, હેમલ, અલકાબેન હરેશ જાદવાણી, ભાવનાબેન નીતિન ખેતાણીના માતુશ્રી, મીનાબેન હેમલ, હરેશકુમાર જાદવાણી, નીતિનકુમાર ખેતાણીના સાસુમા, વિરજીભાઈ, સ્વ. શિવદાસભાઈ, માવજીભાઈના ભાતૃપત્ની, ખારાશંકરભાઈ, ભવાનજીભાઈના ભાભી. તેમની પ્રાર્થનાસભા તા.૦૩-૦૯-૨૫, બુધવારે ૪ થી ૫. શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજવાડી, લેવીનો કપુર કમ્પાઉન્ડ, કેસર મિલ, થાણા વેસ્ટ.

## પારસી મરણ

એમી કાવસ દસ્તુર તે મરહુમ એરવદ કાવસના ધનીયાની. તે મરહુમો ઓસતી આલામાય ઓસતા એદરજી કોતવાલના દીકરી. તે અનાહીતા તથા મરહુમ રોહીનતનના માતાજી. તે પરસી રુસી સ્પેનસરના સાસુજી. તે મરહુમો તેહમુરસ, તેહમી, ખોરશેદ, હોમાય ને દાદીના બહેન. તે દેરીક ને નેવીલીના મમઇ. તે મરહુમો ઓસતી હીરામાય ને એરવદ પીરોજશા દસ્તુરના વહુ.(ઉ. વ. ૯૮) રે. ઠે. એ-૧/૫, ન્યુ ખરેઘાટ કોલોની, બાબુલનાથ રોડ, ગ્રાન્ટરોડ, મુંબઇ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨-૯-૨૫ના દીને બપોરે ૩.૪૦ વાગે વાચ્છા ગાંધી અગિયારીમાં છેજી.

હેક્તર હોશંગ મહેતા તે દેઝના ધની. તે મરહુમો દીના હોશંગ મહેતાના દીકરા. તે દીના ને આશદના પપા. તે ડો. શાહરુખ ને ઝીયાના સસરા. તે સુનનુંના ભાઇ. તે ઝીનાના મમાવા. (ઉં. વ. ૮૯) રે. ઠે. ૬-બી, એમપ્રેસ કોર્ટ, ૧૪૨ મહર્ષી કર્વે રોડ, ચર્ચગેટ, મુંબઇ-૪૦૦૦૨૦. ઉઠમણાંની ક્રિયા : તા. ૨-૯-૨૫ને દીને બપોરના ૩.૪૦ વાગે, ઉપરની હોડીવાલા બંગલીમાં છેજી.

નાદિના કે. નવરોજી (ઉં. વ. ૭૩) તે મરહુમ કેરસે નવરોજી અને મરહુમ જેની નવરોજીની પુત્રી. તે નાદિશ નવરોજીની બહેન. તે લારિસ્સા, તારોનિશ, આરવના આન્ટી. રે. ઠે. ૨, ફેરફિલ્ડ કો.ઓ.હા.સો.લિ, ગ્રાઉન્ડ ફલોર, કુમારી જેઠી.ટી. સિપાહી માલાની માર્ગ, કે. સી. કોલેજની સામે, ચર્ચગેટ, મુંબઇ-૪૦૦૦૨૦.

### જરાંગેએ પાણી

અદાલતમાં ટકશે.સોમવારે જરાંગેએ પાણી પીવાનું બંધ કરી દીધું હતું, એવો દાવો તેમના સમર્થકોએ કર્યો હતો. તેમણે ફરી એકવાર પ્રતિજ્ઞા લીધી હતી કે જ્યાં સુધી સરકાર મરાઠા સમુદાયને અન્ય પછાત વર્ગો (ઓબીસી) શ્રેણી હેઠળ ૧૦ ટકા અનામત આપવાની તેમની માંગણી પૂર્ણ નહીં કરે ત્યાં સુધી તેઓ પીછેહઠ કરશે નહીં. રાજ્ય સંચાલિત જેજે હોસ્પિટલના ડોકટરોની એક ટીમ આઝાદ મેદાન ગઈ હતી અને જરાંગેનું બ્લડ પ્રેશર અને સુગર લેવલ તપાસ્યું હતું. મરાઠા અનામતના મુદ્દા પર કેબિનેટ સબ-કમિટીના વડા વિખે પાટીલ રવિવારે રાત્રે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને મળ્યા હતા અને પરિસ્થિતિની ચર્ચા કરી હતી.

'અમે આ મુદ્દાને ઉકેલવા માટે કામ કરી રહ્યા છીએ. હું સંમત છું કે તેમાં સમય લાગી રહ્યો છે, પરંતુ ઉકેલ કોર્ટમાં ટકાઉ હોવો જોઈએ,' એમ વિખે-પાટીલે સોમવારે પત્રકારોને જણાવ્યું. ■

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

# તન-મન-ધનથી રહો તરોતાજા

# My EMI કરાવશે લાંબા ગાળે સંપત્તિનું સર્જન...




ગૌરવ મશરૂવાળા
feedback@bombaysamachar.com

'માથે EMI ભરવાનો બોજ ન હોય તો ઘણી રાહત હોય છે...'

એક વિદેશી બૅન્કમાંથી ઉચ્ચ હોદ્દા પરથી નિવૃત્ત થયેલા બેન્કરના આ શબ્દો છે. એમના મોંઢે આ વાક્ય સાંભળીને મને થોડી નવાઈ લાગી. બૅન્કર તરીકે એમણે હંમેશાં લોનને સમર્થન આપ્યું હતું. અગાઉ એક વખત તો એમણે હોમ લોન વહેલી ચૂકતી કરી દેવાની મારી સલાહનો વિરોધ પણ કર્યો હતો.

જોકે, આ વખતે એમણે કહ્યું કે લોન ચૂકવવાની જવાબદારી માથે હોય એ મોટો બોજ હોય છે. નિવૃત્ત થયા પછી એમને એ બોજ ઘણો ભારે લાગતો હતો.

આ બૅન્કર સાથે થયેલા અનુભવ જેવો અનુભવ મને અગાઉ પણ થયેલો છે. એક મલ્ટિનેશનલ કંપનીના ચીફ એક્ઝિક્યુટિવ ઑફિસર લોન ચૂકતે કર્યા પછી ઘણી રાહત અનુભવતા હતા.

એમને નોકરીમાં મજા ન હતી. એ નોકરીની સાથે સાથે લોનનો બોજ તેમની માનસિક તાણનું કારણ બન્યો હતો. એમને પરિવાર સાથે વિતાવવા માટે તથા પોતાના શોખ માટે પણ સમય મળતો ન હતો. લોન ભરી દેવાયા બાદ એમણે તરત જ નોકરી બદલી કાઢી, કારણ કે નવી જગ્યાએ એમણે ઓછો સમય આપવો પડતો હતો. પગાર પણ થોડો ઓછો હતો, પરંતુ પરિવાર સાથે વિતાવેલા સમયનું મૂલ્ય એમને મન ઘણું વધારે હતું. એ કહેવા લાગ્યા હતા, 'હવે લોન ચૂકવી દેવાઈ હોવાથી હું મુક્ત પંખી બની ગયો છું.'

જો કોઈ વ્યક્તિએ દર મહિને અમુક નિશ્ચિત જવાબદારી પૂરી કરવાની હોય તો એમણે શું કરવું જોઈએ? લોનની EMI ભરવી કે મ્યુચ્યુઅલ ફંડ સ્કીમની SIP કરાવવી?

ખરું પૂછો તો નિયમિતપણે બૅન્કની રિકરિંગ ડિપોઝિટમાં રકમ જમા કરાવવાથી વધુ સારું લાગે અને લાંબા ગાળે સંપત્તિસર્જન પણ થઈ શકે.

લોન લેવામાં કંઈ ખોટું નથી. લોન કોઈ મોજશોખ પાછળ ખર્ચ કરવા માટે હોવી જોઈએ નહીં. જોકે, જ્યાં સુધી લોન માથે હોય ત્યાં સુધી લાંબા ગાળાનું સંપત્તિસર્જન થઈ શકતું નથી. લોકો કરવેરાનો લાભ લેવા માટે લોન ચાલુ રખાવતા હોવાના અને લોન ચૂકવવા માટેની રકમનું રોકાણ કરતા હોવાના દાખલા મેં જોયા છે.

પ્રથમ નજરે આ વ્યૂહ સારો દેખાતો હોય છે અને અમુક લોકો પોતાના મતે ઘણો સારો કહેવાય એવો એ વ્યૂહ અપનાવ્યાનો આનંદ પણ લેતા હોય છે. વાસ્તવમાં, આ વલણ અમ્યુઝમેન્ટ પાર્કની જોય રાઇડમાં બેસવા જેવું છે. તેમાં આનંદ અને રોમાંચ મળે છે, પરંતુ થોડા સમય માટે. તેમાં કોઈ અદ્ભુત વ્યૂહ હોતો નથી, ફક્ત થોડા સમય માટે માણસને સારું લાગે છે.

લાંબા ગાળે સંપત્તિસર્જન કરવું હોય તો મૂળભૂત સિદ્ધાંતોને વળગી રહેવું જરૂરી છે. મૂળભૂત સિદ્ધાંત એ છે કે પહેલાં લોન ચૂકવી દેવી અને લોન ચૂકવી દેવાયા બાદ વધતી રકમનું રોકાણ કરવું. લોન ચૂકવવા માટે અમુક મૂડીનો ઉપયોગ કરવો પડશે, પરંતુ લોન ચૂકવી દેવાયા બાદ બધી જ મૂડી રોકાણ કરવા માટે ઉપલબ્ધ બનશે. તેને પગલે આપણી બેલેન્સ શીટની નેટવર્થ વધશે.

લોન ચૂકવાયા બાદના રોકાણથી સંપત્તિસર્જન થઈ શકે છે. જે ઍસેટ માટે લોન લેવાઈ હતી એ ઍસેટ અને લોન ચૂકવી દેવાયા બાદ નિયમિતપણે કરાયેલું રોકાણ એ બન્ને વસ્તુઓ આપણી નેટવર્થ બની જાય છે. તમામ લોન ચૂકતે થયા બાદ બેલેન્સ શીટમાં જે ઍસેટ બચે એ આપણી નેટવર્થ બને છે.

આથી કહેવાનું કે હંમેશાં My - EMI પર લક્ષ કેન્દ્રીત કરો. એમાં EMI એટલે ઈક્વેટેડ મંથલી ઈન્સ્ટોલમેન્ટ્સ (Equated Monthly Instalments) નહીં, પણ ઈરેડિકેટ મંથલી ઇન્સ્ટોલમેન્ટ્સ (Eradicate Monthly Instalments) અને ત્યાર બાદનું ઈક્વલ મંથલી ઇન્વેસ્ટમેન્ટ્સ (Equal Monthly Investments). ઈક્વલ મંથલી ઇન્વેસ્ટમેન્ટ્સથી જ લાંબા ગાળે સંપત્તિનું સર્જન થાય છે. ■

# વસિયતનામું બનાવતી વખતે આવી ભૂલો અચૂક ટાળવી...

ફાઈનાન્સના ફંડા
મિતાલી મહેતા

આ દસ્તાવેજ ઘણો મહત્ત્વનો છે. આ વિશે આપણે આ કોલમમાં પ્રારંભિક વાતો કરી છે. જોકે, વીલ તૈયાર કરતી વખતે કોઈ ભૂલ ન થાય એ જોવું-જાણવું જરૂરી છે. આવી અમુક સામાન્ય ભૂલો વિશે અહીં જાણીએ, જેમકે...

સામાન્ય રીતે લોકો પોતાની ઍસેટ્સ કોને વહેંચવી એના વિશે લખતા હોય છે, પરંતુ પોતાની પાસે કુલ કેટલી ઍસેટ્સ છે એના વિશે ફોડ પાડીને કંઈ લખતા નથી. વાસ્તવમાં અલગ અલગ પ્રકારની કઈ ઍસેટ પોતાની પાસે છે એ લખવું જરૂરી છે. ઉદાહરણ તરીકે, 'સોનું; લખ્યું હોય તો સોનું કેટલા ગ્રામ છે એ લખવું જોઈએ, ' જમીન' લખ્યું હોય તો જમીન ક્યાં છે અને કેટલા ક્ષેત્રફળની છે એ, પણ જણાવવું જરૂરી છે. જો 'શેર' હોય તો વસિયતનામું બનાવતી વખતે કઈ કંપનીના કેટલા શેર છે એ લખવું જોઈએ, વગેરે.

જેમને મિલકત આપવાની છે એ વ્યક્તિ સગીર વયની હોય તો એના માટે વાલી (ગાર્ડિયન)ની નિમણૂક કરવી જરૂરી છે.ગાર્ડિયન નહીં નીમવાની ભૂલ પણ ઘણા લોકો કરતા હોય છે.

નવું વસિયતનામું બનાવતી વખતે અગાઉ જેટલાં પણ વસિયતનામાં બનાવ્યાં હોય તો એ રદ કરવાને લગતી જાહેરાત લોકો કરતા નથી. એમ તો, વસિયતનામું જે છેલ્લે બનાવાયું હોય એ જ લાગુ પડે છે, પરંતુ નવું વસિયતનામું બનાવતી વખતે સલામતી ખાતર ડિક્લેરેશન કરી લેવું જોઈએ કે 'અગાઉનાં તમામ વસિયતનામાં રદબાતલ કરવામાં આવે છે.'

આ જ રીતે, ઍસેટ્સમાં થતા ફેરફારની નોંધ કરાતી નથી. અમુક ઍસેટ્સમાં સમયાંતરે વધ-ઘટ થતી હોય છે. આથી વસિયતનામામાં એ ફેરફારોની પણ નોંધ કરી લેવાની તકેદારી લેવાવી જોઈએ.


હવે એ જાણીએ કે 'પ્રોબેટ' એટલે શું?

વસિયતનામાનું પ્રોબેટ એટલે અદાલતે આપેલું વસિયતનામાની સચ્ચાઈનું પ્રમાણપત્ર.

વસિયતનામાના અમલની પ્રક્રિયા શરૂ કરવા માટે પ્રોબેટ જરૂરી હોય છે. મિલકતની યાદી તથા વસિયતનામાની નકલ સાથે અદાલતમાં અરજી કરીને પ્રોબેટ મેળવી શકાય છે. ટેસ્ટેટરે વ્યક્ત કરેલી ઈચ્છા અનુસાર મિલકતની વહેંચણી કરવા માટેની વિનંતી એમાં કરવાની હોય છે.

અદાલત પ્રોબેટ આપે એટલે કે વસિયતનામાને પ્રમાણિત કરે ત્યારે એક્ઝિક્યુટરે વસિયતનામાનો અમલ કરવા માટે આવશ્યક પગલાં ભરવાનાં હોય છે.

અહીં જણાવવું રહ્યું કે પ્રોબેટ દર વખતે જરૂરી હોતી નથી. જ્યારે સ્થાવર મિલકતની




વહેંચણી કરવાની હોય અથવા ઘણું ઊંચું મૂલ્ય ધરાવતી ઍસેટની વહેંચણી કરવાની હોય ત્યારે પ્રોબેટનું મહત્ત્વ વધી જાય છે, કારણ કે તેના આધારે જ ટાઇટલના માલિકનું નામ બદલવામાં આવે છે અને ભવિષ્યમાં કોઈ વાદ-વિવાદ ઊભો થાય નહીં એ સુનિશ્ચિત કરી શકાય છે. પ્રોબેટ મારફતે ઍસેટ ટ્રાન્સફર કરવામાં આવે ત્યારે વારસદારોને હકપૂર્વક ટાઇટલ મળી જાય છે.

જો પ્રોબેટની સામે કોઈ વાદ ઊભો કરવામાં આવે નહીં તો સમગ્ર પ્રક્રિયા છથી બાર મહિનામાં પૂરી થઈ જાય છે. જો કોઈ વાંધો વચકો ઊભો થાય તો આખી પ્રક્રિયા ઘણી લાંબી અને ખર્ચાળ બની જાય છે. પ્રોબેટ અદાલત મારફતે થતી હોવાથી એનો દસ્તાવેજ જાહેર બની જાય છે અને કોઈ પણ વ્યક્તિ સંબંધિત વસિયતનામું જોઈ શકે છે.

## વસિયતનામાનું રજિસ્ટ્રેશન

અહીં ખાસ જણાવવાનું કે વસિયતનામાનું રજિસ્ટ્રેશન ફરજિયાત નથી. ટેસ્ટેટર માટે એ વૈકલ્પિક માર્ગ છે. જો એનું રજિસ્ટ્રેશન કરાવવામાં આવે તો એ પુરાવો સરકારી ચોપડે નોંધાઈ જાય છે અને એમાં કોઈ પણ ઘાલમેલ થઈ શકતી નથી. અહીં એ પણ જણાવવાનું કે રજિસ્ટ્રેશન કરાવ્યા પછી પણ ટેસ્ટેટર ધારે ત્યારે પોતાના વસિયતનામામાં ફેરફાર કરાવી શકે છે. જ્યારે એ નવું વસિયતનામું બનાવે ત્યારે અગાઉનાં બધાં વસિયતનામા આપોઆપ રદબાતલ થઈ જાય છે.

વસિયતનામું રજિસ્ટર કરાવતી વખતે સ્ટેમ્પ ડ્યૂટી ભરવી પડતી નથી, ફક્ત રજિસ્ટ્રેશન ફી ભરવાની હોય છે. પોતાના વસિયતનામાનું રજિસ્ટ્રેશન કરાવવા જાતે સબ-રજિસ્ટ્રારના કાર્યાલયમાં જવું પડે છે.

## વસિયતનામું રજિસ્ટર કરાવવાના ફાયદા

૧) વસિયતનામું સાચું છે એ પુરવાર કરવા માટે રજિસ્ટ્રેશન અત્યંત ઉપયોગી બાબત છે. રજિસ્ટર કરાવાયેલા

વસિયતનામાને પડકારવાનું ઘણું મુશ્કેલ હોય છે, કારણ કે ટેસ્ટેટરે પોતે સબ-રજિસ્ટ્રારની ઑફિસમાં જઈને રજિસ્ટ્રેશન કરાવેલું હોય છે. વસિયતનામું રજિસ્ટર કરાવાયેલું હોય તો એની ખરાઈ કરાવવા માટે સાક્ષીને બોલાવવાની પણ જરૂર પડતી નથી.

૨) જો વસિયતનામાના મૂળ દસ્તાવેજમાં કોઈ ઘાલમેલ કરવામાં આવી હોય તો એને સબ-રજિસ્ટ્રારની ઑફિસમાં ઉપલબ્ધ નકલ સાથે સરખાવી શકાય છે. આમ, કોઈ પણ ગરબડ થઈ હોય તો પકડાઈ જાય છે.

૩) વસિયતનામાનો મૂળ દસ્તાવેજ ઘરમાંથી ક્યાંક ખોવાઈ ગયો હોય કે કોઈ કારણસર એનું અસ્તિત્વ ન હોય તો સબ-રજિસ્ટ્રારની ઑફિસમાંથી એની સર્ટિફાઇડ કોપી મેળવી શકાય છે.

૪) લીઝહોલ્ડ પ્રોપર્ટી સંબંધે વસિયતનામું બનાવવામાં આવ્યું હોય તો પ્રોબેટ પ્રાપ્ત કરતાં પહેલાં મ્યુટેશન રજિસ્ટરમાં એન્ટ્રીમાં સુધારો કરાવવા માટે તેનો ઉપયોગ થઈ શકે છે.

અહીં એ પણ જણાવવું જરૂરી છે કે રજિસ્ટર્ડ વસિયતનામાની ચકાસણી બીજી કોઈ વ્યક્તિ કરી શકતી નથી. ટેસ્ટેટર પોતે જ એની પ્રમાણિત નકલ મેળવી શકે છે. એમના મૃત્યુ પછી એમના પરિવારના સભ્ય કે એક્ઝિક્યુટરની ઓળખની ખાતરી થયા બાદ એમને નકલ મળી શકે છે.

## વસિયતનામાને પડકાર

વસિયતનામું દબાણ હેઠળ, દગાબાજીથી કે અનુચિત પ્રભાવ નાખીને અથવા ટેસ્ટામેન્ટરી કેપેસિટી કે આશય ન હોવા છતાં બનાવવામાં આવ્યું છે એવી શંકા હોય ત્યારે વસિયતનામાને અદાલતમાં પડકારી શકાય છે. વસિયતનામાનું અયોગ્ય રીતે એક્ઝિક્યુશન થયું છે એવી શંકાના આધારે પણ પડકારી શકાય છે. ધારો કે, વસિયતનામા પર ઓછામાં ઓછા બે સાક્ષીની સહીની જરૂર હોય છે. જો એ ન હોય તો એને પડકારી શકાય છે.

વસિયતનામા વિશે આપણે આટલી અગત્યની વિગતવાર વાત કરી લીધા બાદ હવે આશા રાખીએ કે વાંચકો સત્વરે પોતપોતાનું વસિયતનામું બનાવી લેશે. ■

# પ્લાસ્ટિક બોટલમાં પાણી પીવું કેટલું સલામત?

feedback@bombaysamachar.com
આરોગ્ય એક્સપ્રેસ
રાજેશ યાજ્ઞિક



પાણી મનુષ્યના જીવન માટે મૂળભૂત જરૂરિયાત છે. જેટલી મહત્ત્વપૂર્ણ સ્વચ્છ હવા છે, તેટલું જ મહત્ત્વપૂર્ણ છે સ્વચ્છ, પીવાલાયક પાણી. સમગ્ર વિશ્વમાં વસતિના પ્રમાણમાં પાણીનાં પ્રર્યાપ્ત સ્ત્રોત ન હોવાથી જળસંગ્રહ અતિ મહત્ત્વનો છે.

વ્યક્તિગત રીતે લોકો પહેલાના જમાનામાં માટીનાં વાસણો, તે પછી ધાતુનાં, જેમકે તાંબા-પિત્તળનાં વાસણોમાં અને પછી સ્ટેઇનલેસ સ્ટીલનાં વાસણોનો ઉપયોગ કરતા હતાં, પણ પછી આધુનિક ટેક્નોલોજીના જમાનામાં વજનમાં હલકા અને આર્થિક રીતે સસ્તા એવા પ્લાસ્ટિકનો વપરાશ વધવા લાગ્યો.

'ઓપન એક્સેસ જર્નલ બીએમજે ગ્લોબલ હેલ્થ'માં પ્રકાશિત એક અહેવાલ મુજબ, આરોગ્ય નિષ્ણાતોએ ચેતવણી આપી છે કે બોટલબંધ પાણી માનવ અને પૃથ્વીના સ્વાસ્થ્ય પર જે મોટો અને વધતો જતો પ્રભાવ પાડી રહ્યું છે તેના ઉપયોગ પર તાત્કાલિક પુનર્વિચાર કરવાની જરૂર છે, કારણ કે વિશ્વભરમાં દર મિનિટે ૧૦ લાખ પાણીની પ્લાસ્ટિક બોટલ ખરીદવામાં આવે છે, વધતી માગ વચ્ચે આ આંકડો હજુ પણ વધવાની ધારણા છે.

આમ વિશ્વભરમાં લગભગ બે અબજ લોકો જેમને પીવાનું પાણી મર્યાદિત અથવા બિલકુલ મળતું નથી એ બધા બોટલબંધ પાણી પર આધાર રાખે છે, પરંતુ બાકીના લોકો માટે, તે મોટાભાગે સુવિધા અને માર્કેટિંગ દ્વારા લોકો પર પાડવામાં આવતા પ્રભાવને લઈને બોટલબંધ પાણી નળના પાણી કરતાં વધુ સુરક્ષિત અને ઘણીવાર આરોગ્યપ્રદ છે એવી વાત વધુ પ્રસરે છે, પણ હકીકત શું છે?

પર્યાવરણ વિજ્ઞાન અને ટેક્નોલોજી નામના મેગેઝિન દ્વારા પ્રકાશિત અહેવાલ આપણને પ્લાસ્ટિકની બાબતમાં ચોંકાવનારી માહિતી આપે છે. આ અહેવાલમાં જણાવાયું છે કે દરરોજ ૩૯,૦૦૦ થી ૫૨,૦૦૦ સૂક્ષ્મ પ્લાસ્ટિક કણો વિવિધ માધ્યમો દ્વારા આપણા શરીરમાં પ્રવેશ કરી રહ્યા છે અને આ માટેનું સૌથી મોટું માધ્યમ પ્લાસ્ટિક બોટલ છે. શ્વાસ લેતી વખતે શરીરમાં જતા માઈક્રોપ્લાસ્ટિકને પણ ઉમેરી દેવામાં આવે તો તેની સંખ્યા ૭૪,૦૦૦ માઈક્રો પ્લાસ્ટિકની આસપાસ થવા જાય છે. માઇક્રોપ્લાસ્ટિક્સ એ પોલિમર ટુકડાઓ છે, જે ૦.૨ ઇંચ (૫ મિલીમીટર) થી ઓછાથી લઈને એક ઇંચના ૧/૨૫,૦૦૦મા ભાગ (૧માઇક્રોમીટર) સુધીના હોઈ શકે છે. તેનાથી નાની કોઈપણ વસ્તુ નેનોપ્લાસ્ટિક છે, જેને મીટરના અબજમાં ભાગમાં માપવી પડે છે.

પેન્સિલવેનિયાના અમુક નિષ્ણતોએ એક સંયુક્ત અભ્યાસ હાથ ધર્યો હતો, જેમાં નવ દેશોમાં ૧૧ અલગ અલગ બ્રાન્ડ દ્વારા વેચાતા બોટલબંધ પાણીના ૯૩% નમૂનાઓમાં સૂક્ષ્મ અને નેનોપ્લાસ્ટિકનું અસ્તિત્વ જોવા મળ્યું હતું. કતારના કોર્નેલ મેડિસિનના નિષ્ણાતો સમજાવે છે કે, પ્લાસ્ટિક બોટલોમાંથી હાનિકારક રસાયણો છૂટા પાડીને તેમાં સંગ્રહિત પદાર્થોમાં ભળવાનું જોખમ ખૂબ વધુ હોય છે, ખાસ કરીને જો તે લાંબા સમય સુધી સંગ્રહિત હોય, અથવા સૂર્યપ્રકાશ અને ઊંચા તાપમાનના સંપર્કમાં હોય. અંદાજે ૧૦% થી ૭૮% બોટલબંધ પાણીના નમૂનાઓમાં દૂષકો હોય છે, જેમાં માઇક્રોપ્લાસ્ટિક્સનો સમાવેશ થાય છે. એનું ઘણીવાર હોર્મોન (અંતઃસ્ત્રાવી) વિક્ષેપકો તરીકે વર્ગીકરણ કરવામાં આવે છે.

તમે જો પ્લાસ્ટિક ઉત્પાદનોની જાહેરાત અથવા તેમના ઉપર લગાવેલા લેબલ ધ્યાનથી જોયા હોય તો મોટાભાગે તેના ઉપર તે 'બીપીએ મુક્ત' હોવાનું જાહેર કરવામાં આવે છે. કોઈપણ પ્લાસ્ટિકનું ઉત્પાદન બીપીએ મુક્ત હોય તો તેને ખાદ્ય પદાર્થો માટે યોગ્ય મનાય છે, પણ લાંબા ગાળે તે પ્લાસ્ટિક ઉત્પાદનો મનાય છે તેટલા સલામત નથી હોતા તેવું નિષ્ણાતો કહે છે. કેમકે ઘણી વખત તેના સિવાયના અન્ય એવા વિકલ્પ વપરાયા હોઈ, જે હાનિકારક હોય. માઇક્રોપ્લાસ્ટિક દૂષણ ઓક્સિડેટીવ તણાવ, રોગપ્રતિકારક શક્તિને નુકસાન અને લોહીની ચરબીના સ્તરમાં ફેરફાર સાથે સંકળાયેલું છે. આવાં બધાને કારણે મોટી ઉંમરે હાઈ બ્લડ પ્રેશર, કાર્ડિયોવેસ્ક્યુલર રોગ, ડાયાબિટીસ ઈત્યાદિ જેવી બીમારી થઈ શકે છે. કેટલાક કિસ્સામાં તે કેન્સરનું કારણ બનતું હોવાનું પણ મનાય છે.

આવી પરિસ્થિતિમાં આપણા માટે સરળ ઉપાય એ છે કે, બને ત્યાં સુધી પ્લાસ્ટિક બોટલનો ઉપયોગ ટાળવો. આજે તો તાંબાની કે સ્ટેઇનલેસ સ્ટીલની રૂપકડી બોટલ પણ બજારમાં ઉપલબ્ધ હોય છે. દેખાવમાં આકર્ષક હોવા સાથે, તે આરોગ્યની દ્રષ્ટિએ સલામત પણ ખરી. ઘરમાં પણ બને તેટલો પ્લાસ્ટિકનો ઉપયોગ ઓછો કરવો જોઈએ. કાચ, સ્ટેનલેસ સ્ટીલ, તાંબા જેવા અન્ય વિકલ્પોનો ઉપયોગ આપણા આરોગ્ય માટે હિતકારક છે. ■

# રેડિયોલોજીમાં AIનો ઉપયોગ: ફાયદા ને જોખમ!

feedback@bombaysamachar.com
ફોકસ
નિધિ શુકલા

દરેક ક્ષેત્રમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) નો ઉપયોગ વધી રહ્યો છે અને તબીબી ક્ષેત્ર પણ તેનાથી અલગ નથી. ખાસ કરીને રેડિયોલોજીમાં એટલે કે એક્સ-રે, MRI જેવા પરીક્ષણોમાં AIનો ઉપયોગ ઝડપથી વધી રહ્યો છે. જો કે આ સાથે દર્દીઓની ગોપનીયતા અને ડેટાની સુરક્ષા અંગે પણ પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. ઇન્ડિયન જર્નલ ઓફ રેડિયોલોજી એન્ડ ઇમેજિંગમાં પ્રકાશિત થયેલા તાજેતરના લેખમાં ડોકટરે આ વિશે વિગતવાર વાત કરી. તેમણે ચેતવણી આપી હતી કે AIનો ઉપયોગ વધી રહ્યો છે, પરંતુ તેની યોગ્ય તપાસ અને મૂલ્યાંકન એટલી ઝડપથી થઈ રહ્યું નથી. તેઓ કહે છે કે જો રેડિયોલોજીમાં AIનો યોગ્ય રીતે ઉપયોગ કરવો હોય, તો તેના માટે તબક્કાવાર વ્યૂહરચના બનાવવાની જરૂર છે.

### રેડિયોલોજીમાં AI કેવી રીતે મદદ કરી રહ્યું છે?

રેડિયોલોજીમાં AI અને મોટા ભાષા મોડેલો (LLMs) નો ઉપયોગ ઘણી રીતે થઈ રહ્યો છે. આ તકનીકો ડૉક્ટરોને રિપોર્ટ તૈયાર કરવામાં, દર્દીઓની તપાસ કરવામાં અને હૉસ્પિટલના ઓપરેશનને સરળ બનાવવામાં મદદ કરી રહી છે. ઉદાહરણ તરીકે AIની મદદથી, એક્સ-રે અથવા MRI છબીઓને ઝડપથી અને સચોટ રીતે સમજી શકાય છે. આ તકનીકો માત્ર સમય બચાવતી નથી પણ ડોકટરોને વધુ સારા નિર્ણયો લેવામાં પણ મદદ કરે છે. જો કે, તેની સાથે કેટલાક પડકારો છે, જેમાંથી સૌથી મોટી ચિંતા દર્દીના ડેટાની સુરક્ષા છે.

### સમસ્યાનું કારણ શું છે?

જ્યારે AI મોડેલો ક્લાઉડ પર કામ કરે છે, ત્યારે દર્દીઓની વ્યક્તિગત માહિતી જેમ કે તેમનો તબીબી ઇતિહાસ અથવા પરીક્ષણ રિપોર્ટ દેશની સરહદોની બહાર જઈ શકે છે. આ ગોપનીયતાને જોખમમાં મૂકી શકે છે. ભારતના ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન એક્ટ ૨૦૨૩ સ્પષ્ટપણે જણાવે છે કે દર્દીનો સંવેદનશીલ ડેટા તેમની સંમતિ વિના



વિદેશ મોકલી શકાતો નથી. આવી સ્થિતિમાં, ડોકટર સૂચવે છે કે AI મોડેલ સ્થાનિક રીતે એટલે કે હૉસ્પિટલની અંદર બનાવવું જોઈએ અને ચલાવવું જોઈએ. આ ડેટા સુરક્ષિત રાખશે અને કાનૂની નિયમોનું પણ પાલન કરવામાં આવશે.

### રોડમેપ અસરકારક બની શકે છે

ડોક્ટરોએ AIનો સુરક્ષિત અને અસરકારક રીતે ઉપયોગ કરવા માટે ૩-પગલાંનો રોડમેપ બનાવવાની સલાહ આપી છે. ચાલો જાણીએ તેના વિશે.

### ઉપયોગ કરતા પહેલા

ઉપયોગ કરતા પહેલા AI સિસ્ટમનું સંપૂર્ણ પરીક્ષણ કરવું જોઈએ. આમાં ટેકનિકલ પરીક્ષણો તેમ જ સુરક્ષા સંબંધિત તમામ પાસાઓની તપાસનો સમાવેશ થાય છે. અઈ સિસ્ટમ યોગ્ય રીતે અને સુરક્ષિત રીતે કાર્ય કરી રહી છે તેની ખાતરી કરવી મહત્ત્વપૂર્ણ છે.

**ઉપયોગ દરમિયાન :** જ્યારે હોસ્પિટલમાં AI સિસ્ટમનો ઉપયોગ શરૂ થાય છે, ત્યારે તેને નિયંત્રિત રીતે અમલમાં મૂકવો જોઈએ. આનો અર્થ એ છે કે શરૂઆતમાં તેને નાના પાયે અજમાવવા જોઈએ, જેથી જો કોઈ ભૂલ હોય, તો તેને ઝડપથી પકડી શકાય.

**ઉપયોગ પછી :** AI સિસ્ટમનું સતત નિરીક્ષણ કરવું જરૂરી છે. તેની કામગીરી તપાસવી જોઈએ અને જો કોઈ ખામી જોવા મળે, તો તેને તાત્કાલિક સુધારવી જોઈએ. ■

feedback@bombaysamachar.com

## તંદુરસ્તી-મનદુરસ્તી

ભાણદેવ

# ‘સ્મૃતિ પરિશુદ્ધ’ થતાં સ્વભાન ચાલ્યું જાય છે



(ગતાંકથી ચાલુ)

સમાપત્તિના ચાર પ્રકારો છેઃ

(I) સવિર્તકઃ

तत्र शब्दार्थज्ञानविकल्पैः सडकीर्णा सवितर्का समापतिः। - यो. सू.; १-४२

‘શાબ્દિક જ્ઞાન, યથાર્થજ્ઞાન અને ઈન્દ્રિયજન્ય જ્ઞાન- આ ત્રણે વિકલ્પોથી સંકીર્ણ થયેલી સમાપત્તિને સવિતર્ક સમાપત્તિ કહે છે.’

આપણે આગળ જોઈ ગયા છીએ કે સમાપત્તિમાં વિષય અને ચિત્તનું તાદાત્મ્ય થાય છે. આ તાદાત્મ્યથી વિષયનું રહસ્ય પ્રગટ થાય છે. યૌગિક રહસ્યવિદ્યા પ્રમાણે પદાર્થ દેખાય છે તેટલો જ અને તેવો જ નથી. ભૌતિક પદાર્થ પણ રહસ્યપૂર્ણ ઘટના છે. આ જ્ઞાન શબ્દ ઈન્દ્રિયો કે તર્કથી મેળવી શકાય તેમ નથી. તે માટે વિશિષ્ટ દૃષ્ટિ (છઠ્ઠી ઈન્દ્રિય)નો વિકાસ થવો જોઈએ. સમાપત્તિમાં આ રહસ્યોદ્‌ઘાટન થાય છે. પરંતુ આ સવિર્તક સમાપત્તિ પ્રારંભની અવસ્થા છે. આ સમાપત્તિ ત્રણે પ્રકારના જ્ઞાનથી સંકીર્ણ થયેલી હોય છે.

‘શાબ્દિક જ્ઞાન, યથાર્થજ્ઞાન અને ઈન્દ્રિયજન્ય જ્ઞાન - આ ત્રણે વિકલ્પોથી સંકીર્ણ થયેલી સમાપત્તિને સવિતર્ક સમાપત્તિ કહે છે.’

શાબ્દિક જ્ઞાન એટલે શાબ્દિક વર્ણનથી મળેલું જ્ઞાન, ઈન્દ્રિયજન્ય જ્ઞાન એટલે પંચેન્દ્રિય દ્વારા મેળવેલું જ્ઞાન, તાર્કિક જ્ઞાનનો સમાવેશ પણ આમાં જ કરવામાં આવે છે; કારણ કે તર્ક પણ પ્રત્યક્ષ પર આધારિત છે. આ બંનેથી પર એક ત્રીજું રહસ્યપૂર્ણ જ્ઞાન છે, જેનાથી વિષયનું ખરું રહસ્ય પ્રગટ થાય છે. આ ત્રણે જ્ઞાનને અનુક્રમે શબ્દ, જ્ઞાન અને અર્થ કહેવામાં આવેલ છે. શાબ્દિક જ્ઞાન અને ઈન્દ્રિયજન્ય જ્ઞાન હજુ હાજર છે, તેથી રહસ્યોદ્‌ઘાટન સંપૂર્ણ થતું નથી. આ ત્રણે પ્રકારનાં જ્ઞાનથી સંકીર્ણ હોવાથી આ સમાપત્તિ સવિર્તક સમાપત્તિ ગણાય છે.

(II) નિવિતર્કઃ

स्मृति परिशुद्धौ स्वरूप शून्येवार्थमात्रनिर्भासा निर्वितका। - यो. सू.: १४३

‘સ્મૃતિ પરિશુદ્ધ થતાં સ્વભાન ચાલ્યુ જાય છે, ત્યારે ખરું જ્ઞાન પ્રકાશિત થાય છે. આ અવસ્થાને નિર્વિતર્ક સમાપત્તિ કહે છે.’

નિર્વિતર્ક સમાપત્તિ સવિતર્ક સમાપત્તિ પછીની ભૂમિકા છે. અહીં ત્રણે પ્રકારનાં જ્ઞાનની સંકીર્ણતા ચાલી જાય છે. માત્ર ખરું જ્ઞાન (રહસ્યપૂર્ણ જ્ઞાન) જ પ્રકાશિત થાય છે તેને अर्थमात्रनिर्भास કહે છે.

अर्थमात्रनिर्भासની આ અવસ્થા આવે છે કેવી રીતે?

સામાન્ય અવસ્થામાં માત્ર શબ્દજન્ય અને ઈન્દ્રિયજન્ય જ્ઞાન જ હોય છે. સવિતર્ક સમાપત્તિમાં એક ડગલું આગળ વધીને ‘અર્થ’ જ્ઞાનનો ઉદય થાય છે. પરંતુ હજુ ત્રણે જ્ઞાનની મિશ્રિત અવસ્થા છે. આ મિશ્રણનું કારણ શું છે? સ્મૃતિ. કારણ કે શાબ્દિક જ્ઞાન અને ઈન્દ્રિયજન્ય જ્ઞાન (તર્કજન્ય જ્ઞાન સહિત) સ્મૃતિ પર આધારિત હોય છે. પ્રત્યક્ષીકરણ (Perception) આ પ્રકારના જ્ઞાનનો પાયો છે. અને પ્રત્યક્ષીકરણની પ્રક્રિયા સ્મૃતિ વિના બની શકે જ નહિ. તેથી સ્મૃતિ આ મિશ્રણમાં કારણભૂત છે. સ્મૃતિની પરિશોધન થતાં નિમ્ન પ્રકારનાં બંને જ્ઞાન આડખીલીરૂપ બનતાં અટકે છે; અને ખરું રહસ્યજ્ઞાન પરિશુદ્ધ સ્વરૂપો પ્રગટે છે. આ તથ્યને અહીં ‘स्मृति परिशुद्धौ’ દ્વારા સૂચિત કરેલ છે.

સવિતર્કમાંથી નિર્વિતર્કમાં જતાં બીજી પણ એક ઘટના ઘટે છે. તે છે स्वरुपशून्यमिव - સ્વભાવની ચેતનાનો લોપ. સવિતર્ક કરતા નિર્વિતર્ક સમાપત્તિમાં વધુ ઊંડાણ છે. ચેતના વધુ ઊંડી જતાં સ્વભાન ચાલ્યું જાય છે. તેને જ સ્વરૂપશૂન્યમિવ કહેવામાં આવે છે.

સ્વરૂપ (સ્વભાન)નો અર્થ અહીં અહંકારી ચેતના છે. इव શબ્દ વાપર્યો છે, તે બતાવે છે કે અહીં પણ સ્વનું ભાન સંપૂર્ણપણે ચાલ્યું જતું નથી.

(III-IV) સવિચાર અને નિર્વિચારઃ

સમાપત્તિના ઉપરોક્ત બંને પ્રકારોનાં સ્વરૂપ અને સંબંધ જેવાં જ સ્વરૂપ અને સંબંધ સવિચાર અને નિર્વિચાર સમાપત્તિના પણ છે. ભિન્નતા માત્ર એટલી છે કે અહીં સમાપત્તિનો વિષય સૂક્ષ્મ છે.

ऐतयैव सविचारा निर्विचारा त सूक्ष्मविषया व्याख्याता।। यो. सू.; १-४४

‘આનાથી (પ્રથમ બંને સમાપત્તિના વર્ણનથી) સૂક્ષ્મ વિષયવાળી સવિચાર અને નિર્વિચાર સમાપત્તિની પણ વ્યાખ્યા થઈ ગઈ.’

પ્રથમ બન્ને સ્વરૂપો અને આ બંને સ્વરૂપોનો ભેદ ‘સૂક્ષ્મવિષયા’ શબ્દ દ્વારા સૂચિત થાય છે.

સૂક્ષ્મ વિષયોમાં તન્માત્રાઓ, મન, અહંકાર અને અવ્યક્ત પ્રકૃતિ સુધીના પદાર્થોનો સમાવેશ થાય છે.

निर्विचार वैशारधैडध्यात्म प्रसादः। यो. सू.: १-४७

એટલે કે નિર્વિચાર સમાપત્તિનો અભ્યાસ દૃઢ થતાં અધ્યાત્મનો પ્રસાદ મળે છે. તે જ અવસ્થા વિશે આગળ જતાં કહે છેઃ

ऋतंभरा तत्र प्रज्ञा। यो. सू.; १-४८

‘તે અવસ્થામાં ઋતંભરા પ્રજ્ઞાનો ઉદય થાય છે.’

ઋત એટલે વિશ્વ વ્યવસ્થાનું સત્ય. તેનું જ્ઞાન આ પ્રજ્ઞાથી થાય છે, તેથી તેને ઋતંભરા પ્રજ્ઞા કહે છે.

૫. ઉન્નત અંતરંગ યોગઃ

ધારણા, ધ્યાન, સંપ્રજ્ઞાત સમાધિ તથા તેના પ્રકારો અને સમાપત્તિ તથા તેના પ્રકારો વિશે આપણે જોયું. હવે પછી આપણે સમાધિના ઉચ્ચ સ્વરૂપો વિશે જોઈશું. આમ તો ધારણાથી પ્રારંભીને કૈવલ્ય સુધીના સમગ્ર ક્ષેત્રને અંતરંગયોગ કહે છે. પરંતુ તેના પણ જો બે વિભાગો કરીએ તો ધારણાથી સંપ્રજ્ઞાત સમાધિ સુધીના ક્ષેત્રનો પ્રથમ વિભાગ અને ત્યાર પછીના ઉચ્ચ સ્વરૂપના સમાધિ પ્રકારોથી કૈવલ્ય સુધીનો બીજો વિભાગ ગણાય છે. પ્રથમ વિભાગ યમાદિના બહિરંગયોગની તુલનાએ અંતરંગ યોગ છે, પરંતુ બીજા વિભાગની તુલનાએ તો તે પણ બહિરંગ છે.

त्रयमन्ड्गं पूर्वेभ्यः।। यो. सू.; ३-७

‘આ ત્રણે (ધારણા, ધ્યાન, સંપ્રજ્ઞાત સમાધિ) પૂર્વે કહેલાની તુલનાએ અંતરંગ છે.’’

तदपि बहिरंड्ग निर्बीजस्य। यो. सू.; ३-८

‘તે પણ નિર્બીજની તુલનાએ બહિરંગ છે.’

સમાધિનાં આ ઉચ્ચ સ્વરૂપો એટલે કે ઉન્નત અંતરંગયોગ વિશે પતંજલિએ બહુ સંક્ષેપમાં નિર્દેશ કર્યો છે અને તેમ થવાનું કારણ એ છે કે આ અવસ્થાઓ વિશે કાંઈ પણ કહેવું બહુ મુશ્કેલ છે. આ અશબ્દ અવસ્થાઓ છે. તેમનું નિર્વચન ન કરી શકાય. આમ છતાં જે કહેવાયું છે, તેને આધારે આપણે તેમને સમજવાનો પ્રયત્ન કરીએ. જે અનુભવગમ્ય છે, તેને શબ્દગમ્ય બનાવવાનો પ્રયત્ન હંમેશાં અપૂર્ણ રહેવાનો, એટલું ધ્યાનમાં રાખવું જોઈએ.

યોગસૂત્રમાં ઉન્નત અંતરંગયોગની ચાર અવસ્થાઓનો નિર્દેશ કરવામાં આવ્યા છે -

(૧) અન્ય સમાધિ (૨) નિર્બીજ સમાધિ (૩) ધર્મમેઘ સમાધિ (૪) કૈવલ્ય.

(૧) અન્ય (અસંપ્રજ્ઞાત) સમાધિઃ

સમાધિના આ સ્વરૂપથી ઉન્નત અંતરંગયોગનો પ્રારંભ થાય છે. ‘અન્ય’ શબ્દ ‘સંપ્રજ્ઞાત સમાધિથી આગળની સમાધિ’ એમ સૂચવવા માટે વપરાયો છે. અર્થાત્‌ અહીં ‘અન્ય’નો અર્થ ‘અસંપ્રજ્ઞાત સમાધિ’ છે; જો કે પતંજલિએ ‘અસંપ્રજ્ઞાત’ શબ્દનો પ્રયોગ કર્યો નથી. આ શબ્દનો પ્રયોગ અન્ય ભાષ્યકારો દ્વારા થયો છે.

અસંપ્રજ્ઞાત એટલે પ્રજ્ઞાહીન, એવો અર્થ નથી, પણ સંપ્રજ્ઞાતથી અન્ય અર્થાત્‌ જુદી, એવો અર્થ છે. સંપ્રજ્ઞાત સમાધિ પ્રજ્ઞાયુક્ત છે. અહીં પણ પ્રજ્ઞા તો છે જ અને વધુ વિકસિત છે. સમાધિના આ અને આગળના સ્વરૂપનું નિર્વચન શક્ય નથી, તેમ સૂચવવા માટે ‘अन्य’ શબ્દનો પ્રયોગ થયો છે. આમ વસ્તુતઃ આ ‘अन्य’ શબ્દ દ્વારા પતંજલિએ ઘણું કહી દીધું છે.

સમાધિના પ્રસ્તુત સ્વરૂપ વિશે પતંજલિ એક સૂત્ર આપે છેઃ

विराम प्रत्ययाभ्यासपूर्वः संस्कार शेषोडन्यः। यो. सू.; १-१८

‘પ્રત્યયોના વિરામનો અભ્યાસ જેની પહેલા કરવામાં આવ્યો છે અને જેમાં હજુ સંસ્કારો શેષ રહ્યા છે, તેવા સમાધિ સ્વરૂપને ‘અન્ય’ કહેવામાં આવે છે.

આ વ્યાખ્યામાં ‘અન્ય’ સમાધિ વિશે ત્રણ લક્ષણો સૂચિત કરવામાં આવ્યાં છે.

(ક્રમશઃ)■

feedback@bombaysamachar.com

## વિશેષ

રેખા દેશરાજ

# ભીની ઋતુમાં હળદર છે રામબાણ ઈલાજ



કાચી હળદર કે ફ્રેશ ટર્મરિક રૂટ એક અત્યંત પ્રભાવી અને પારંપારિક હર્બલ ઓષધી છે. ખાસ કરીને ચોમાસાની મોસમમાં સંક્રમણ, અપચો અને ચામડી સંબંધી સમસ્યા વધી ગઈ છે. કાચી હળદરનો દવા તરીકે ભારતમાં સદીઓથી ઉપયોગ કરવામાં આવે છે અને આને ઘણો લાભદાયી માલુમ પડે છે. ચોમાસામાં હળદરથી તંદુરસ્તીના શું લાભ થાય છે?

### ચોમાસામાં સંક્રમણથી બચાવ કરે છે?

કાચા હળદરમાં રહેલું કર્ક્યુમિન એક શક્તિશાળી એન્ટિબેકટરયિલ, એન્ટિવાઈરલ અને એન્ટિફંગલ તત્વ છે. આ તત્વ મોસમ બદલતાં શરદી, ઉધરસ, ખરાબ ગળું અને તાવ વગેરથી રક્ષા કરે છે. વરસાદની મોસમમાં લોકોનું પાચનતંત્ર નબળું થાય છે. ચોમાસામાં હળદરનો ઉપયોગ પાંચન સંબંધી સક્રિયતા વધારે છે. તે બધા પાચન રસને સક્રિય કરે છે. કાચી હળદરનો ઉપયોગથી ગૅસ, અપચો અને પેટ ફુલવા જેવી સમસ્યા નથી થઈ.

### પ્રતિરક્ષા પ્રણાલી મજબૂત કરે છે?

કાચા હળદર એક નૈસર્ગિક ઈમ્યુનીટી બુસ્ટર છે. ચોમાસામાં રોગપ્રતિબંધક ક્ષમતા ઘટતી જાય છે. હળદર તેને ફરી સર્કિય કરવામાં મદદરૂપ સાબિત થાય છે. ચોમાસામાં હળદરનો ઉપયોગ આપણી રોગ પ્રતિરોધક ક્ષમતા વધારે છે. આ ચામડીના સંક્રમણ અને ફૂગના રોગથી પણ બચાવે છે. વરસાદમાં ચમાડી પર ગુમડા, સુકી ખંજવાળ અને એથ્લેટ ફૂટ જેવી સમસ્યા છે. કાચી હળદર આ સમસ્યાનું આસાનીથી નિવારણ કરે છે. કાચી હળદરના ઉપયોગથી વરસાદમાં એક વધુ ફાયદો થાય છે. આ ગાંઠ અને સાંધાના દર્દમાં રાહત દે છે. ચોમાસાના દિવસમાં સાંધાના દર્દ વધી જાય છે. હળદરમાં સોજાવિરોધી ગુણ હોય છે. આથી તેના ઉપયોગથી સાંધાના દર્દમાં રાહત આપે છે.

### કાચી હળદરનો ઉપયોગ કઈ રીતે?

ચોમાસામાં કાચા હળદરનો ઉપયોગ દૂધ વડે થાય છે. એક કે બે ઈંચના આદુના ટુકડાને છીણીને એક કપ ગરમ દૂધમાં નાખવો જોઈએ.આને મધ સાથે પણ લઈ શકાય. એક ચમચી છીણેલા હળદરમાં એક ચમચી મધ નાખો. વધુ એક ઉપાય એ છે કે કાચી હળદરવાળી ચા અને કાઢા બનાવો. આ માટે આદુ, કાળી મરી, તુલસી અને હળદર નાખી ગરમ કાઢો પીવો લાભદાયક હોય છે. તમે હળદરનો લેપ પણ કરી શકો. જો ફંગલ ઈન્ફેકશન થાય તો હળદરનો લેપ લગાડવાથી તરત જ લાભ થાય છે.

ચોમાસામાં હળદરને શાકભાજી કે ચટણીમાં વાપરવામાં આવે તો ઘણો ફાયદો થાય છે. જો હળદરને આદુ અને કોથમીર સાથે પીસીને ખાવામાં આવે તો વરસાદના તમામ સંક્રમણોથી ફાયદો થાય છે.

### સાવધાની રાખો

એક સાથે ત્રણ-ચાર ઈંચ હળદરનું સેવન ન કરો. આનાથી ગૅસ કે બળતરા થઈ શકે. જે લોકોને પીત્તની સમસ્યા છે એ લોકો હળદરના સેવનમાં સંયમ રાખે. જે લોકો બ્લડ સુગર કે બ્લડ થીનરની દવા લે છે એ લોકો પણ ડૉક્ટરની સલાહ પછી જ હળદરનું સેવન કરે.

આ રીતે હળદર એક પ્રાકૃતિક ઓષધ છે જે ચોમાસમાં પણને અનેક રોગથી બચાવે છે. તે પ્રતિકાર શક્તિ વધારે છે. આથી જ ચોમાસામાં ઊર્જાવાન અને તંદુરસ્ત રહેવા હળદરનું સેવન કરો. ■

feedback@bombaysamachar.com

## ફોકસ પ્લસ

રશ્મિ શુક્લ

# વિટામિન-ઈની ઊણપ કેમ થાય છે?




વિટામિન-ઇ એક આવશ્યક પોષક તત્ત્વ છે, જે ફક્ત આપણી ત્વચા અને આંખોના સ્વાસ્થ્ય માટે જ જરૂરી નથી, પરંતુ તે સ્નાયુઓ અને નર્વસ સિસ્ટમના યોગ્ય કાર્યમાં પણ મદદ કરે છે. શરીરમાં આ વિટામિનનો અભાવ ઘણી સમસ્યાઓનું કારણ બની શકે છે.

વિટામિન-ઇ એક શક્તિશાળી એન્ટીઑકિસડન્ટ છે, જે શરીરના કોષોનું સમારકામ કરે છે. તે ત્વચા, આંખો અને રોગપ્રતિકારક શક્તિ માટે ફાયદાકારક છે. ઉપરાંત તે શરીરના સ્નાયુઓ અને નર્વસ સિસ્ટમના કાર્યમાં મદદ કરે છે. વિટામિન-ઇ કુદરતી રીતે ઘણી ખાદ્ય ચીજોમાં જોવા મળે છે. આમાં સૂર્યમુખીના બીજ, બદામ, પાલક અને વનસ્પતિ તેલનો સમાવેશ થાય છે. તેની સંતુલિત માત્રા શરીરને સ્વસ્થ રાખવામાં મદદ કરે છે, પરંતુ જ્યારે શરીરને તે પૂરતું મળતું નથી, ત્યારે તે ઊણપગ્રસ્ત થઈ જાય છે. ચાલો જાણીએ કે તેની ઊણપનાં કારણો શું છે. વિટામિન-ઇ ની ઊણપનાં ઘણાં કારણો હોઈ શકે છે. સૌથી સામાન્ય કારણ ખોટી ખાવાની આદતો છે, જેમાં વિટામિન-ઇથી ભરપૂર ખોરાકનો સમાવેશ થતો નથી. આ ઉપરાંત, ક્રોનિક પેનક્રેટાઇટિસ, સિસ્ટિક ફાઇબ્રોસિસ અને સેલિયાક રોગ જેવા કેટલાક રોગો શરીરની વિટામિન-ઇ શોષવાની ક્ષમતાને અસર કરે છે.

શિશુઓમાં આ ઊણપ અકાળ જન્મને કારણે થઈ શકે છે. કેટલાક કિસ્સાઓમાં લાંબા સમય સુધી ખૂબ ઓછી ચરબીવાળો ખોરાક લેવાથી પણ તેની ઊણપ થાય છે, કારણ કે વિટામિન-ઇ ચરબીમાં ઓગળી જાય છે અને જ્યારે પૂરતી ચરબી હોય ત્યારે જ શરીરમાં યોગ્ય રીતે કાર્ય કરે છે.

### વિટામિન-ઈની ઊણપનાં લક્ષણ શું છે?

એક નામાંકિત હોસ્પિટલના મેડિસિન વિભાગના ડૉ. સમજાવે છે કે વિટામિન-ઇ ની ઊણપનાં લક્ષણો ધીમે ધીમે દેખાય છે અને શરીરના સામાન્ય કાર્યને ગંભીર અસર કરી શકે છે. આ ઊણપ ખાસ કરીને સ્નાયુઓ અને નર્વસ સિસ્ટમને અસર કરે છે.

### આ છે અન્ય લક્ષણઃ

**સ્નાયુઓની નબળાઈઃ** શરીરના સ્નાયુઓમાં શક્તિનો અભાવ હોઈ શકે છે.

**થાક અને સુસ્તીઃ** હંમેશાં થાક લાગવો અથવા ઓછી ઊર્જા હોવી.

**સંતુલનનો અભાવઃ** ચાલતી વખતે કે ઊભા રહીને અસ્થિરતા અનુભવવી.

**આંખની સમસ્યાઓઃ** ઝાંખી દ્રષ્ટિ અથવા નબળી દ્રષ્ટિ.

**ત્વચા પર અસરઃ** ત્વચા શુષ્ક, નિર્જીવ અને ઝડપથી વૃદ્ધ દેખાય છે.

**રોગપ્રતિકારક શક્તિમાં ઘટાડોઃ** શરીર ચેપનો ભોગ બની શકે છે.

બાળકોમાં વિકાસ અટકી જાય છેઃ શારીરિક અને માનસિક વિકાસ પર અસર થઈ શકે છે.

### તેને કેવી રીતે અટકાવવો?

લીલા પાંદડાવાળાં શાકભાજી, સૂકાં ફળો, બીજ અને વનસ્પતિ તેલનો સમાવેશ કરીને સ્વસ્થ આહાર લો.

ઓછી ચરબીવાળા ખોરાક ટાળો.

સમય સમય પર આરોગ્ય તપાસ કરાવો, ખાસ કરીને જો કોઈ પાચન રોગ હોય.

ડોક્ટરની સલાહ મુજબ પૂરક ખોરાક લો.


બાળકો અને વૃદ્ધોનું ખાસ ધ્યાન રાખો, કારણ કે તેઓ ઊણપથી પીડાય તેવી શક્યતા વધુ હોય છે. ■

feedback@bombaysamachar.com

## મોજની ખોજ

સુભાષ ઠાકર

# જેનું સર્જન એનું વિસર્જન નક્કી...




‘લો આવી ગયા પાછા? કોઈ ભક્તોએ ન સંઘર્યા?’

પૂજ્ય મહાવીર પ્રભુ ગણપતિ વિસર્જન પછી ગણપતિને મીઠો ઠપકો આપતા હતા :

‘હીરો ઘોઘે જઈ આવ્યો ને ડેલીએ હાથ દઈ આવ્યો? શું ફેણ્યું નીચે જઈને? બેક ટુ પેવેલિયન...ખોટો સમય બગડ્યો ને? મેં તમને ગયા વર્ષે પણ કીધેલું ‘ભાઈ ગણેશ, જે માણસોને આપણે ૭૦-૭૫ વર્ષનું આયખું આપી નીચે મોકલતા જઈએ એ જ માણસો તમને દોઢ, પાંચ કે સાત દિવસ લાડ લડાવી રવાના કરી દેતા હોય એવી પૃથ્વી પર, જવાનું શું કામ? લાડવા ખાવા? વાહ વાહ મેળવવા? મોઢામાંથી આહ નીકળી જાય એવી વાહને શું કરવી છે? એ લોકો તો લલકારે : ‘પુઢચા વર્ષી લવકરયા’ પણ એમ નઈ થાય કે ગણપતિ બાપા આવ્યા છે તો ભલે બે દિવસ વધારે રહેતા... જેનું આપણે સર્જન કર્યું હોય એ જ આપણું આટલું જલદી વિસર્જન કરે ને ખારા દરિયાના ભરોસે આ રીતે છોડી દે.. ?! ને મેં તમને જે દશામાં જોયા...બા-પ-રે..’

‘પ્લીઝ મહાવીર પ્રભુ, જખમ પર મીઠું ન ભભરાવો...’ ગણેશ બોલ્યા

‘તો શું મરચું ભભરાવું? હળદર, હિંગ કે જીરું ભભરાવુ? અરે, એજ મીઠુ મીઠું બોલી મસ્કા મારે છે ને તમે કહો છો જખમ પર મીઠુ ?’

‘અરે મારા પ્રભુ, યુ આર રાઈટ. એટલે આ વખતે તો પ્યોર ગુજરાતીમાં કહી દીધુ ‘નહિં મેલુ રે તારા ફળિયામાં પગ નહિં મેલુ’ ને હિન્દીમાં પણ દરેક ગલીમાં કહી દીધું ‘તેરી ગલીયોમેં ના રખ્ખેંગે કદમ આજકે બાદ..’ પણ પછી પ્રભુ બન્યું એવું કે પેલા માટીવાળા, રંગવાળા, શિલ્પીઓ, મંડપવાળા, ડેકોરેશનવાળા, લાઈટવાળા, ફૂલવાળા, પ્રસાદવાળા, અગરબત્તીવાળા, માઈકવાળા આ બધા મારી સામે મોરચો માંડી બેઠા ને વિનંતી કરી, કરગર્યા ‘ના બાપા ના, જોજો...એવું ન કરતા...અરે, આપ આવવાનું માંડી વાળશો તો અમારા વળતાં પાણી શરૂ થશે ને અમારે જીવવું ભારે પડશે... આપના આગમન પર તો અમે નભીએ છીએ... આપ આવો છો ત્યારે તો આપના ભક્તો થકી અમારું એક વર્ષ નભી જાય એટલું મળી જાય છે.... ’

એટલું કહેતા તો બધા નીચે નમીને મારો પગ પકડતા બોલ્યા : ‘પ્રભુ , અમે તમારા બે પગ પકડીએ ને તમે અમારો એક હાથ પણ ન પકડો? પ્લીઝ ગણેશજી, વી ડોન્ટ વોન્ટ ટુ મિસ યુ...ને તમે તો વિઘ્નહર્તા છો...’

‘એ ખરું,પણ તમે બધા મારા માટે વિઘ્નકર્તા બની જાવ છો એનું શું?’

‘અમે વિઘ્નકર્તા?’ બધા એકસાથે બોલ્યા

‘યસ જુઓ, મારી ઊંચાઇ તો ૭-૮ ફૂટની ને તમે સ્પર્ધામાં ૭૦-૮૦ ફૂટની મૂર્તિ બનાવવા મંડી પડ્યા. બીજું મને લાડુ ભાવે ને તમે આપો તો તમારી ભાવના સમજું છું, પણ લાડવા ઉપર લાડવા.... મારું મસ્તક હાથીનું છે, પેટ નઈ ! મારી હોજરીનો વિચાર નઈ કરવાનો?ડાયાબિટીસ થઇ જાય ત્યાં સુધી લાડવા ધરાવો છો, પણ ક્યારેય પીઝા-બર્ગર નઈ આપવાના? ભગવાનોની જીભને પણ સ્વાદનો ચટાકો અને મન હોય છે, પણ તમે મને ઉલ્લુ જ બનાવો છો.’

‘આ બધું અમે જાણીએ છીએ,પણ તમે ક્યાં અમારી પ્રાર્થના સાંભળો છો?’

પ્રાર્થના શબ્દ સાંભળી મારી છટકી ‘મેં જોઈ વોટસએપ તમારી પ્રાર્થના ... અરે અક્કલમઠ્ઠાઓ, તમારી ભીખ પણ કેવી મારા દ્વારે આવી જોરજોરથી ગાઓ છો :‘રિદ્ધિ દે સિદ્ધિ દે..યુ નો? એ બન્ને મારી વાઈફ છે! આ તે પ્રાર્થના છે કે મજાક?’

‘હશે પ્રભુ એવા પણ હશે પણ એ ૨૫%ને લીધે અમને અન્યાય ન કરો. માફ કરો.... મિચ્છામિ દુક્કડમ્‌!’

‘મહાવીર પ્રભુ, મનમાં થયું કે વાત તો સાચી છે મારા આ નાનકડા આયુષ્યની બોલબાલા તો આ બધા થકી છે તો શું કામ સંબંધો બગાડવા...હે?’

‘ભાઈ ગણેશ’ પ્રભુ મહાવીર બોલ્યા ‘તમે કાયમી રહી શકો ખરા?’

‘અરે પ્રભુ’ હસીને ગણેશ બોલ્યા ‘કાયમી તો આપણે પણ ક્યાં કોઈને રહેવા દઈએ છીએ. સમય થાય એટલે આપણે જ આપણા સર્જનનું વિસર્જન કરીએ છીએ. આપણે એમનું સિત્તેર વર્ષે કરીએ તો એ સાત દિવસે...ફરક શું પડે છે?’

‘વાહ ગણેશ વાહ’ પ્રભુ મહાવીર બોલ્યા : ‘જોકે, એને એ સમજાવાની જરૂર હતી કે ક્યારેક જે દોડવાથી નથી મળતું એ છોડવાથી મળે છે! ’

શું કહો છો? ■

feedback@bombaysamachar.com

## સ્વાસ્થ્ય સુધા

શ્રીલેખા યાજ્ઞિક

# સ્વાદસભર વાલમાં સમાયેલાં છે અનેક પોષક ગુણ...



આજનાં ડિજિટલ યુગમાં આપણે બધા જ મોબાઈલમાં મસ્ત બની ગયા છીએ. સમયસર મોબાઈલની બેટરી ચાર્જ કરવી જ પડે છે. તે માટે યોગ્ય પ્રકારનું ચાર્જર હોવું આવશ્યક છે. ક્યારેક એવું બને કે ચાર્જર આપણી સાથે ના હોય તો આપણે આકુળ-વ્યાકુળ બની જઈએ. એવો ભય સતાવ્યા કરે કે થોડીવારમાં મોબાઈલ બંધ પડી જશે. તેવું જ આપણા શરીરનું છે. યોગ્ય સમયે, ઋતુ પ્રમાણે, ભૂમિ તથા પ્રકૃતિની સાથે સમન્વય સાધે તેવો આહાર લેવો આવશ્યક છે. જો આમ કરવામાં ના આવે તો શરીર નાની-મોટી બીમારીનું ઘર બનતાં વાર ના લાગે. તેથી જ પ્રત્યેક દેશની-રાજ્યની ઋતુને ધ્યાનમાં રાખીને આહાર અપનાવવો જોઈએ. જે લાંબેગાળે શરીરને માટે અત્યંત લાભકારી બની રહે છે. જાપાનીઝ, ઈટાલિયન કે કોરિયન વાનગીની મજા જે તે દેશમાં લેવી જોઈએ. તે જ પ્રમાણે ભારતમાં રહીને ભારતીય વાનગીનો આસ્વાદ માણતાં રહેવાથી આહાર-વિચાર-આચારને તંદુરસ્ત બનાવી શકાય છે. તેથી જ આજે આપણે આજે એક વિસરાતા મખમલી કઠોળ તરીકે ઓળખાતા 'સફેદ વાલ'ની વાત કરવાના છીએ. તેનો યોગ્ય રીતે આહારમાં ઉપયોગ કરવો આવશ્યક છે. અન્યથા તે પેટમાં ગેસ કરી શકે છે.

ગુજરાત-સૌરાષ્ટ્રમાં ગણેશજીને નૈવેદ્ય ધરાવવા માટે ઘઉંના લોટમાં ગોળની સાથે શુદ્ધ ઘી ભેળવીને લાડુ બનાવવામાં આવે છે. લાડુ દેખાવમાં અત્યંત આકર્ષક તેવા ગોળાકાર બેઠા ઘાટના હોય છે. કેટલાંક લાડુ શોખીનો ખાંડના લાડુ પણ બનાવતા હોય છે. વળી લાડુ ખાવાની ખાસ સ્પર્ધા બ્રાહ્મણો દ્વારા યોજવામાં આવે છે. જેમાં નાના-મોટા, સ્ત્રી-પુરુષો ઉત્સાહથી ભાગ લેતાં હોય છે. લાડુનું ભોજન પીરસાતું હોય તો ક્યો બ્રાહ્મણ અલગ રહી શકે! પ્રત્યેક વર્ષે 'લાડુ-સ્પર્ધા'ને ઉત્તમ પ્રતિસાદ મળે છે. પ્રત્યેક ઘરમાં લાડુની સાથે સફેદ વાલ, બટાકાનું રસાવાળું ખટ્ટમધુરુ શાક ખાસ બનાવવામાં આવે છે. જે શુદ્ધ ઘીમાં બનેલાં લાડુને પચવામાં મદદ કરે છે. તેથી જ લાડુ સાથે વાલ બનાવવાનો રિવાજ આપણે ત્યાં જોવા મળે છે. લગ્ન પ્રસંગમાં વાલનું શાક અચૂક બને છે. સફેદ વાલમાં સ્વાસ્થ્યવર્ધક અનેક પોષક ગુણો સમાયેલાં હોય છે. દેખાવમાં આકર્ષક સફેદ વાલના દીવાના અનેક સ્વાદરસિયા જોવા મળે છે. મહારાષ્ટ્રમાં પણ વાલને વિવિધ રીતે ઉપયોગમાં લેવામાં આવે છે. જેમ કે રસાવાળા વાલ, ફણગાવેલાં વાલની આમટી, વાલની ઉસળ કે વાલની પેટિસ વગેરે ગણાવી શકાય.

આજની યુવા પેઢી સ્વાસ્થ્ય પ્રત્યે વધુ સતર્ક બનતી જોવા મળી રહી છે. વળી ભારતની વિસરાતી વાનગીઓ પાછી ભાણામાં સ્થાન મેળવે તે માટે સતત પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. ભારતમાં વાલનું ઉત્પાદન મહારાષ્ટ્રના કોંકણ પ્રદેશના રાયગઢ જિલ્લામાં મોટા પ્રમાણમાં થતું જોવા મળે છે. વાલનો કિલોનો ભાવ આશરે ૯૩-૧૦૦ રૂપિયાની આસપાસ જોવા મળે છે. ભારતીય વાલની નિકાસ મોટા પ્રમાણમાં થાય છે. વર્ષ ૨૦૩૦ સુધીમાં વાલનું વિશ્વમાં બજાર ૪.૩ ટકાથી વધુ આગળ વધે તેવી શક્યતા છે. આમ તો એવું જાણવા મળે છે કે વાલની ખેતી વિશ્વમાં ૧૦૦૦ વર્ષથી થાય છે. જેમાં સફેદ વાલનો સમાવેશ થાય છે. વાલમાં ફાઈબર તથા પ્રોટીનનું પ્રમાણ વધુ હોવાથી તેને પોષક તત્ત્વોનું પાવર હાઉસ ગણવામાં આવે છે. વળી અન્ય પોષક ગુણો જેવા કે ફૉલેટ, મેગ્નેશ્યિમ, વિટામિન બી-૬ વગેરેનો સમાવેશ થાય છે.

**પ્રોટીનથી ભરપૂર :** સફેદ વાલમાં પ્રોટીનની માત્રા ભરપૂર સમાયેલી હોય છે. જે માસપેશીઓને સ્વસ્થ રાખવામાં મદદ કરે છે. વળી તેમાં એમિનો એસિડની માત્રા હોય છે. જે પ્રોટીનના નિર્માણમાં મુખ્ય ભૂમિકા ભજવે છે. વળી અનેક શારીરિક પ્રક્રિયામાં મુખ્ય ભૂમિકા ભજવે છે. જેમ કે માંસપેશીનું નિર્માણ, પોષક તત્ત્વ પરિવહન, હાર્મોન ઉત્પાદનનો સમાવેશ કરી શકાય. શાકાહારી ભોજન કરતી વ્યક્તિ માટે સફેદ વાલ પ્રોટીનનું પ્રમાણ શરીરમાં જળવાઈ રહે તે માટે અગત્યની ભૂમિકા ભજવે છે.

**ફાઈબરથી ભરપૂર :** વાલમાં ફાઈબરની માત્રા ભરપૂર સમાયેલી હોય છે. ફાઈબરની ઉચ્ચ માત્રા ખોરાકને સારી રીતે પચવામાં મદદ કરે છે. પાચનક્રિયા મજબૂત બનવાની સાથે મળ ત્યાગની સમસ્યાથી ચિંતિત વ્યક્તિને રાહત અપાવે છે.

**હાડકાં મજબૂત બનાવે છે :** સફેદ વાલમાં પ્રોટીનની સાથે કૅલ્શિયમની માત્રા સારા પ્રમાણમાં સમાયેલી હોય છે. જેને કારણે આહારમાં નિયમિત સમાવેશ કરવાથી હાડકાં બરડ બનતાં અટકે છે. હાડકાં સંબંધિત અન્ય વ્યાધિથી શરીરના વિવિધ અંગોને બચાવવાં હોય તો વાલનું સેવન સ્વાસ્થ્યવર્ધક ગણાય છે.

**વજનને નિયંત્રણમાં રાખવામાં ઉપયોગી :** વાલમાં પ્રોટીન-ફાઈબરની માત્રા સારા પ્રમાણમાં સમાયેલી હોય છે. જેને કારણે વાલની કોઈપણ વાનગીનું સેવન કર્યા બાદ લાંબા સમય સુધી ભૂખ લાગતી નથી. જેને કારણે વ્યક્તિ અકારણ વધુ ભોજન કરવાથી બચી શકે છે. સંશોધન દ્વારા જાણવા મળ્યું છે પ્રોટીન-ફાઈબરથી ભરપૂર આહારનું સેવન કરવાથી વ્યક્તિ પોતાના વજન ઉપર સરળતાથી નિયંત્રણ મેળવી શકે છે. પાચનક્રિયામાં સુધારો થવાની સાથે મસલ માસ ઈન્ડેક્સમાં સુધારો થઈ શકે છે.

**ઍનિમિયાની તકલીફમાં ગુણકારી :** વાલનું નિયમિત પ્રમાણભાન રાખીને સેવન કરવાથી શરીરમાં લોહીની ઉણપ હોય તે દૂર કરી શકાય છે. કેમ કે વાલમાં આયર્નની માત્રા સમાયેલી હોય છે. જેને કારણે તેના સેવન બાદ શરીરમાં લોહીની ઊણપ દૂર કરવામાં મદદ મળી શકે છે. શરીરમાં રેડ સેલ્સની માત્રામાં વધારો થઈ શકે છે. શરીરમાં ખરાબ કૉલેસ્ટ્રોલની માત્રામાં નોંધપૂર્ણ ઘટાડો જોવા મળે છે.

**હૃદયની તંદુરસ્તી માટે ગુણકારી :** વાલનું સેવન હૃદયની તંદુરસ્તી માટે લાભકારક ગણવામાં આવે છે. કેમ કે વાલમાં પોટેશ્યિમ તથા મેગ્નેશ્યિમની માત્રા ભરપૂર હોવાને કારણે તેના સેવન બાદ ધમનીમાં લોહી સુચારૂ રીતે ફરવા લાગે છે. વળી વાલમાં ફાઈબરની માત્રા વધુ હોવાથી લોહીમાં કૉલેસ્ટ્રોલનું પ્રમાણ ઘટાડવામાં મદદ કરી શકે છે.

**રોગપ્રતિકારક શક્તિ વધારવામાં મદદરૂપ :** વાલમાં ભરપૂર માત્રામાં ઝિંક, કૉપર, વિટામિન બી -૬ જેવાં પોષક તત્ત્વો શરીરમાં અંદરથી તાકાત બક્ષે છે. ઝિંકનું મુખ્ય કામ શરીરમાં થયેલ ઈજાને સમારવાનું છે. શરીરને સોજાથી બચાવે છે. શરદી ખાંસી જેવી સામાન્ય બીમારીમાં વાલનો ઉપયોગ ગુણકારી ગણાય છે.

**વાલને ભોજનમાં લેવાની વિવિધ રીત :** સફેદ વાલને ૭-૮ કલાક પાણીમાં પલાળ્યા બાદ પ્રેશરકુકરમાં ૭-૮ સિટી વગાડ્યા બાદ બરાબર પકાવીને ખાઈ શકાય. ૭-૮ કલાક પાણીમાં પલાળ્યા બાદ તેને ફણગાવ્યા બાદ તેનું સ્વાદિષ્ટ ઉસળ બનાવી શકાય. બાફેલાં વાલને વાટીને તેનો તાહિની સૉસ બનાવી શકાય છે. બાફેલાં વાલને થોડાં તેલમાં સાંતળીને સૂપમાં ભેળવીને ખાઈ શકાય છે. પલાળેલાં વાલને અધકચરાં વાટીને તેની ટિક્કી સ્વાદિષ્ટ બને છે.

## ખટ્ટ મધૂરું વાલનું શાક



**સામગ્રીઃ** ૧ કપ રંગુની વાલ, ૧ કપ કોથમીર, ૨ મોટી ચમચી ગોળ, ૧ નાની ચમચી આમલી, ૧ નાની ચમચી અજમો, ૧ નાની ચમચી લાલ મરચાંનો ભૂકો, ૨ ચમચી ધાણાજીરું, ૧ નાની ચમચી ચણાનો લોટ, ૧ નાની ચમચી આખા ધાણા, ચપટી હિંગ, ૧ ચમચી વાટેલાં આદું મરચાં, ૧ નાની ચમચી ગરમ મસાલો, સ્વાદાનુસાર મીઠું વઘાર માટે ૧ ચમચી તેલ - ૧ ચમચી ઘી.

**બનાવવાની રીત :** સૌ પ્રથમ રંગુની સફેદ વાલને ૭-૮ કલાક બરાબર ધોઈને પલાળી રાખવા. ત્યાર બાદ તેને બાફી લેવાં. હવે એક કડાઈમાં તેલ મૂકીને તેમાં અજમો -હિંગ ભેળવીને વઘાર તૈયાર કરવો. તેમાં ૧ નાની ચમચી ચણાનો લોટ ધીમા તાપે શેકી લેવો. લોટ શેકાઈ જાય ત્યારબાદ તેમાં લાલ મરચું, ધાણાજીરું ભેળવીને તરત જ બાફેલાં વાલ ઉમેરીને બરાબર હલાવતાં રહેવું. ગોળ તથા આમલીનો માવો ભેળવવો. વાટેલાં આદું-મરચાં ભેળવવા. સ્વાદાનુસાર મીઠું ઉમેરવું. આખા ધાણા તથા ૧ ચમચી શુદ્ધ ઘી ઉમેરીને થોડી વાર સિઝવવું. આંચ બંધ કરીને ગરમ મસાલો ઉપરથી ભભરાવીને કોથમીરથી સજાવીને ગરમાગરમ સ્વાદિષ્ટ વાલનું રસાવાળું શાક લાડુ-પુરી સાથે પીરસવું. ■

feedback@bombaysamachar.com

## આહારથી આરોગ્ય સુધી

ડૉ. હર્ષા છાડવા

# વૃદ્ધત્વ રોકવા માટે જરૂરી છે કોલેજન પ્રોટીન



આપણા શરીર માટે અનિવાર્ય પોષક તત્ત્વ એટલે પ્રોટીન છે, જે ત્વચા, વાળ અને સ્નાયુઓના આરોગ્ય માટે મહત્ત્વપૂર્ણ છે. જે શરીરના વિકાસ કોષોના નિર્માણ અને વિવિધ શારીરિક કાર્યો માટે આની ભૂમિકા મહત્ત્વની છે. શરીરના કોષોને સુધારવા કે નવા બનાવવા માટે આહારમાં લગભગ આઠ ગ્રામ જેટલું પ્રોટીન આવશ્યક છે. જે મજબૂત હાડકાં, સ્નાયુ પાચન ઉત્સેચકો (એન્ઝાઇમ) હાર્મોનના નિર્માણ એન્ટી બોડી (જે શરીરને ચેપ સામે રક્ષણ આપે). ઓકિસજનના પરિવહન માટે, વિટામિન-એ સાથે સંયોજન કરીને સ્વસ્થ દૃષ્ટિમાં મદદ કરે છે. પ્રોટીનની ઊણપને કારણે શરીરનો બાહ્ય વિકાસ અટકી જાય છે. તેમ જ વિવિધ રોગોને સાજો કરવામાં મુશ્કેલી પડે છે. તેમ જ પ્રોટીન શરીરમાં વધી જતા કીડનીને નુકસાન પહોંચે છે. તેમ જ વધુ પડતું પ્રોટીન શરીરમાં કેલ્શિયમની ઊણપનું કારણ બની શકે છે. વધારાનું પ્રોટીન ન પચવાની નિશાનીઓ ગેસ, અપચો, અને એસિડીટી જેવી વ્યાધિઓ થાય છે.

સ્વસ્થ ત્વચા કે વૃદ્ધત્વના ચિહ્નો, કરચલીઓ, ત્વચા ઢીલી પડતી સમસ્યાઓને અટકાવવા કોલેજન પ્રોટીન ખૂબ જ જરૂરિયાત હોય છે. કોલેજન એક માળખાકીય પ્રોટીન છે. જે માનવ શરીર ઉત્પન્ન કરે છે. તેમાં એમિનો એસિડ ગ્લાયસીન, પ્રોલાઇન અને હાઇડ્રોકસી પોલીન હોય છે. આની ઊણપથી વૃદ્ધત્વ જલદી આવે છે.

કોલેજન હાડકાંને પણ મજબૂત કરે છે. હાડકાં માટે બિલ્ડિંગ બ્લોક છે જે હાડકાંને નબળા પડતા અટકાવે છે. તેમ જ ત્વચાને મજબૂત બનાવી દે છે. જેથી વૃદ્ધત્વ કે કરચલીઓ જલદી ન આવે. વાળ અને નખ માટે એક સ્તર તૈયાર કરે છે. જેથી તે મજબૂત રહે. કોલેજન વિના રક્તવાહિનીઓ લચીલી બનતી નથી. લચીલી બનાવવા કોલેજન પ્રોટીનની આવશ્યક્તા છે. જેથી સાંધાના દુખાવા થતાં નથી. કોલેજન લગભગ ત્રીસ ટકા જેટલું પ્રોટીન બનાવે છે. ઉંમર વધતાં શરીરમાં કોલેજનનું ઉત્પાદન ઘટે છે. જેથી ચાલીસની ઉંમર પછી હાડકાં નબળા પડે. વાળ ખરવા લાગે, ત્વચા ઢીલી પડવા લાગે છે. આ પ્રોટીન સમપ્રમાણમાં પહેલેથી લેવું જરૂરી છે. વ્યાધિઓ આવ્યા પછી તે વ્યવસ્થિત થતાં ઘણો સમય લાગી જાય છે.

આહારમાં કોલેજનનું સ્તર વધારવા માટે વિટામિન-એ, સિવાય ઝીંક અને લ્યૂટીન જેવા તત્ત્વોની જરૂર પડે છે. આની માટે યોગ્ય આહારનું આયોજન ઉપયોગી છે. સપ્લિમેન્ટની આવશ્યકતા નથી, સપ્લિમેન્ટના કારણે ઘણીવાર આડઅસર જોવા મળે છે. જે બીજી વ્યાધિઓને વધારી દે છે. એન્ટિ-એજિંગ કોલેજન માટે પ્રોટીન પાઉડર લોકો લેતાં હોય છે. તેની માટેની ગોળીઓ તેમ જ લિક્વિડ ડ્રીંક પણ મળે છે જે નુકસાનકારક સાબિત થયા છે. આડઅસર ઓછી છે પણ તે શરીરને બીમાર રાખે છે. જેમ કે ચક્કર આવવા, માથાનો દુખાવો, ઝાડા થવા વગેરે. બજારમાં અનેક પ્રકારની બ્રાન્ડ અને વિકલ્પ છે જે ઘણાં મોંઘા છે. સારા પરિણામની આશા ઓછી છે. શરૂઆતથી પ્રાકૃતિક ખોરાક જ લેવો જરૂરી છે. બજારમાં મળતા પ્રોટીન પાઉડર પ્રોટીન શેકને કોફીમાં મેળવી લેતાં લોકોને પરિણામ દુઃખદાયી આવ્યા છે. બજારમાં પ્રોટીનના શેકની બોલબાલા છે. જેના કારણે લોકો ભરમાઇ જાય છે.

આહારમાં સાકરનું પ્રમાણ વધી જતાં તે એડવાન્સ ગ્લાઇકેશન એન્ડ પ્રોડક્ટ બની જતાં તે પ્રોટીનના અણુઓને નુકસાન પહોંચાડે છે. જેથી ત્વચા સૂકી અને ભંગુર બની જાય છે. કેફેનવાળી વસ્તુઓ જેવી કે ચહા, કોફી, ચોકલેટ કે અન્ય ડ્રિન્ક ઇલાસ્ટિનને નુકસાન કરી દે છે તેથી કરચલીઓ જલદી આવી જાય છે. નિકોટીન (જે ચહા-કોફીમાં વપરાય) ત્વચાની રક્તવાહિનીઓને સંકુચિત કરી નાખે. જેથી ઓકિસજન અને પોષક તત્ત્વોનો પ્રવાહ અટકી જાય છે. આના કારણે સાંધાઓમાં તકલીફ આવે છે. કોલેજની ઉણપ કે સ્પલિમેન્ટને કારણે સ્વાભાવિક રુપથી તેનું સ્તર ઓછું થાય અને વ્યાધિઓ દેખાવા માંડે. વધુ પડતો સૂર્ય પ્રકાશથી પણ કોલેજનની ઊણપ થાય છે.

સ્ત્રીઓ પોતાની ત્વચા અને વાળને સુંદર બનાવી રાખવા જાતજાતના પ્રોડક્ટ્સ વાપરતી હોય છે. ઘણા ક્રીમો અને લેપો લગાડતી હોય છે. વાળ માટે ઘણાંય શેમ્પુ બદલે છે. નટ, નટીઓની જાહેરાત જોઇ તે વસ્તુઓનો ઉપયોગ કરે છે. ત્વચાને ગોરી રાખવાના ક્રીમો તેમ જ સનસ્ક્રીન લોશનનો વપરાશ ખૂબ જ વધ્યો છે. જેના કારણે વાળ અને ત્વચાનું મોટું નુકસાન બે-ચાર વર્ષમાં જ દેખાય છે. વાળ લગભગ નાની ઉંમરમાં જ સફેદ થઇ જાય છે. ત્વચા પર કાળા ડાઘ દેખાય છે. હાર્મોનની વ્યાધિઓ મોટા પ્રમાણમાં દેખાય છે. જેથી નાની ઉંમરે થાક જણાય છે. ચિડાચિડાપણું વધી જાય છે. થોડુ જ કામ કરતાં માથાનો દુખાવો થાય છે. પીસીઓડીની વ્યાધિ લગભગ ટીનએજરોમાં દેખાય છે. પુરુષોમાં પણ નાની વયમાં ટાલ (ટકલ) પડી જાય છે. ઘણા યુવાનોના વાળ સંપૂર્ણ સફેદ થઇ જાય છે. નાની ઉંમરમાં જ આંખોની વ્યાધિ અને ચશ્માં આવી જાય છે. રિફાઇન્ડ ખાદ્ય-પદાર્થ અને કેફેનવાળા ખાદ્ય પદાર્થ, વધુ પડતા સ્પાઇસી પદાર્થ ટાળવા જોઇએ. પ્રોટીન યુક્ત આહારની માત્રા સિમિત પ્રમાણમાં લેવી જોઇએ.

કોલેજન પ્રોટીન યુક્ત આહાર લેવા જોઇએ. જેમ કે લીલા પાંદડાવાળી ભાજી, કેલ, પાલક, બીકચોય લેટયુસ, વોટરક્રેસ (પાણીચી ભાજી) મોરરા ભાજી, ટાકળા, ખટીચૂક ભાજી, અંબાડી ભાજી, પોઇ ખાખરા ભાજી, ફલાવરના પાન જેવી પાંદડાવાળી ભાજી એ પ્રોટીનનો સ્રોત છે.

વિટામિન-સી વાળો આહાર, પપનસ, સંતરા, સંતરાની છાલનું શાક, આમળા, પરપોટા (યલોબેરી) અલ્હાબાદીર પેરુ (લાલ હોય છે) દેશી પેરુ બીમલી, સ્ટારફૂટ, (કમરૂખ), બ્લેક બેરી, બ્લુ બેરી, ચણીયા મણીયા બોરુ, ઉન્નાબ (એક જાતના બોર) સુરતી બોર (સૂકાબોર) ગ્રીન એપલ, ઝીંક અને કોપર માટે બધા જાતના સુકામેવા લેવા જોઇએ.

પ્રોટીન માટે આપણી પાસે દાળોનો ભંડાર છે. લીલા વટાણાની દાળ, લીલી તુવેરની દાળ, શકકરીયા (સ્વીટ પોટેટો) ત્વચાને નિખાર આપે છે. પરપલ (સુરતી કંદ) ત્વચાને મજબૂતી આપે છે. કાચા લીલા ટમેટા, સિમલા મરચા, કાકડી, ગાજર, મદ્રાસ કાકડી જેવી શાકભાજી ત્વચા અને વાળનું સૌદર્ય વધારે છે.

ત્વચામાં કરચલી પડે તે પહેલા વાળ ખરે તેથી પહેલાં જ આહારમાં સુધારો લાવવો જરૂરી છે. એક વીસ વર્ષની યુવતીના વાળ લગભગ બધા જ ખરી ગયા હતા. તે વધુ પડતું જંકફૂડ, સોસ (કેચજી) વધુ લેતી. તેમ જ પાતળા થવાની દવાને કારણે વાળ બધા જ ખરી ગયા હતા. યોગ્ય વિટામિન-સી વાળો આહાર લેતા બે વર્ષ પછી તેણીના વાળ પાછા આવ્યા. સંતરાની છાલનું શાક ખૂબ જ કામ આવ્યું. માલ્ટા (સંતરા જેવું) આની છાલનું શાક પ્રોટીન અને વિટામિન -સીથી ભરપૂર છે. છાલ ફેંકવી નહી આનો ઉપયોગ શાક બનાવી કે ચટણી બનાવી લઇ શકાય છે. ■

feedback@bombaysamachar.com

## આરોગ્ય પ્લસ

સંકલનઃ સ્મૃતિ શાહ-મહેતા

# પથરી એટલે શું?


કિડની કે મૂત્રમાર્ગમાં કડક સ્ફટીક જેવું ખનિજ કે જે, કૅલ્શિયમ ઑક્ઝેલેટ્સ, ફોસ્ફરસ, યુરીકએસિડ વગેરેથી બનેલું હોય છે. એ પથરી (Kidney Stones) તરીકે ઓળખાય છે.

### શું આપ જાણો છો?...

* વિશ્વમાં ૨૦માંથી ૧ વ્યક્તિને જીવનકાળ દરમ્યાન પથરી થાય છે.
* સ્ત્રીઓ કરતાં પુરુષોને પથરી વધુ પ્રમાણમાં થાય છે.

### પથરી થવાનાં લક્ષણ

જો પથરી નાની હોય તો તે પોતાની રીતે પેશાબ દ્વારા બહાર નીકળી જાય છે, પરંતુ જો મોટી હોય તો એનાં આ મુજબનાં લક્ષણ હોય છે :




* કમર, મૂત્રાશય, નાભિ, મસ્તક વગેરેમાં ખૂબ જ દુઃખાવો થાય.
* પથરી જ્યારે કિડનીમાંથી મૂત્રનળીમાં આવે ત્યારે મૂત્રનળી સાંકડી હોવાથી મૂત્ર વિસર્જન સમયે ખૂબ જ પીડા થાય છે. અને પેશાબમાં લોહી પણ આવી શકે છે.
* વારંવાર થોડો થોડો પેશાબ થવો અને પેશાબમાંથી દુર્ગંધ આવવી અને શરીરમાં પરસેવો વધુ વળવો.

### પથરી થવાનાં કારણ

* ૨૦થી ૪૦ વર્ષ સુધીના લોકોને પથરી વધુ પ્રમાણમાં થાય છે.
* મૂત્રના વેગને રોકવાથી પથરી થવાની સંભાવના વધી જાય છે.
* વધુ પડતા ગળ્યા, ખારા અને ક્ષારવાળા પદાર્થોના સેવનથી.
* પાણી ઓછું પીવાથી તેમજ પેશાબ ઓછો આવવાથી.
* દારૂના વ્યસનથી.
* વધારે તડકામાં રહેવાથી કે વધારે શ્રમ કરવાથી.
* જાડાપણું, ડાયાબિટીસ કે વધારે બ્લડપ્રેશર હોવાથી.
* મૂત્રાશયનું ઈન્ફેક્શન થવાથી.
* અમુક પ્રકારની દવાઓના સેવનથી.
* સંભોગ વખતે વીર્યના વેગને રોકવાથી.
* અમુક લોકોને વારસાગત પણ થઈ શકે છે.

### પથરી વિશે મહત્ત્વની માહિતી

પથરીના દર્દીએ આહારમાં આ ત્રણ બાબત ધ્યાનમાં રાખવી જરૂરી છે.
પથરી મોટે ભાગે કૅલ્શિયમ ઑક્ઝેલેટ્સથી બનેલી હોય છે.

**(૧) ઓછા સોડિયમયુક્ત (મીઠાયુક્ત) આહાર લેવાઃ**
કેમ કે, ખોરાકમાં વધુ મીઠું (સોડિયમ) આવવાથી તે વધારાનું સોડિયમ લોહીમાં રહેલ કૅલ્શિયમને કિડનીમાં જમા કરશે. પછી કિડની તે કૅલ્શિયમને મૂત્રનળી દ્વારા બહાર કાઢવાનો પ્રયત્ન કરે છે, તેથી મૂત્રનળીમાં કૅલ્શિયમની પથરી થઈ શકે છે.

**(૨) ઓછા ઓક્ઝેલેટ્સ યુક્ત આહાર લેવાઃ**
કેમ કે, આહારમાં ઓક્ઝેલેટ્સ યુક્ત પદાર્થો વધવાથી તે ઓક્ઝેલેટ્સનું લોહીમાંથી કિડનીમાં જઈ પથરીમાં રૂપાંતર થાય છે.

**(૩) વધુ કૅલ્શિયમયુક્ત આહાર લેવાઃ**
ઘણા લોકો એવું માનતા હોય છે કે, પથરી દરમ્યાન કૅલ્શિયમ યુક્ત પદાર્થો જેવા કે, દૂધ-દહીં ન જમવા જોઈએ, પરંતુ તે ખોટી માન્યતા છે. આહારમાં કૅલ્શિયમની માત્રા ઓછી કરવાથી ઓક્ઝેલેટ્સની પથરી થવાની શક્યતા વધી જાય છે. એટલું જ નહીં, પરંતુ કૅલ્શિયમ ઓછું કરવાથી હાડકાં સંબંધી અનેક રોગ થઈ શકે છે.

### સાવધાની

* પાણી વધુ પીવું.
* કબજિયાત ન રહે તેની ખાસ સાવધાની રાખવી.
* રોજ ૨૫થી ૩૦ મિનિટ શ્રમ કરવો.

### પથરીના દર્દી માટે આહાર... શું જમવું ?

* રોજ ૩-૪ લિટર પાણી પીવું.
* વધુ કૅલ્શિયમયુક્ત આહાર લેવોઃ દૂધ, દહીં, સફરજન, કેળાં, સૂકોમેવો વગેરે...
* પાણીમાં જવ નાખી ઉકાળીને ગાળી લેવું, તે છૂટથી પીવું.
* કળથી, મેથી, મૂળા અને તાંદળજાની ભાજી વધુ લેવી.

### શું ન જમવું?

* વધુ મીઠાયુક્ત આહાર.
* વધુ ઓક્ઝેલેટ્સયુક્ત આહારઃ નશીલા પદાર્થો, દ્રાક્ષ, નારંગી, સ્ટ્રોબેરી, બીટ, ગાજર, ફલાવર, રીંગણ, લીલાં મરચાં, શક્કરિયાં, મરી વગેરે.
* પૉલિશ કરેલા ચોખા, ઘઉંનો લોટ વગેરે ઓછા જમવા.
* ક્ષારવાળા પદાર્થો ખૂબ જ ઓછા જમવાઃ ટમેટાં, પાલખ આદિ ભાજી, રીંગણ, ભીંડો, મગફળી, શક્કરિયા, બીટ વગેરે...
* કોઈપણ પ્રકારની સોડા ન લેવી અને ચા-કોફી પણ વધુ ન લેવા.
* વધુ ગળ્યાં અને ખાટાં પદાર્થો ઓછાં જમવાં.

### પથરીના વિવિધ ઉપચાર

૧.) સવાર-બપોર અને સાંજ ૧ ચમચી ગોખરુનું ચૂર્ણ ફાકીને પાણી પીવું.

૨.) રોજ સવાર-સાંજ નાળિયેરના પાણીમાં ૧ ચણા જેટલું સિંધાલૂણ નાખીને પીવાથી પથરી તૂટીને ભૂકો થઈ પેશાબ દ્વારે નીકળી જાય છે.

૩.) મૂળાના પાનની ઘીમાં બનાવેલી ભાજીમાં લીંબુનો રસ મેળવી રોજ જમવાથી કિડનીની પથરી ઓગળી જાય છે.

૪.) લીંબુના રસમાં સિંધવ-મીઠું મેળવીને ઊભાં ઊભાં પીવાથી પથરી ઓગળી જાય છે.

૫.) એક ગ્લાસ નાળિયેરના પાણીમાં લીંબુનો રસ મેળવી રોજ સવારે પીવું.

૬.) કારેલાનો રસ છાશ સાથે પીવો.

૭.) એક મહિના સુધી રોજ સવારે ગાયના દૂધની છાશમાં સિંધવ-મીઠું નાખીને ઊભાં ઊભાં પીવાથી પથરી પેશાબ દ્વારા બહાર નીકળી જાય છે.

૮.) રોજ રાત્રે ૫૦ ગ્રામ કળથી પાણીમાં પલાળી, તેને સવારે ઉકાળી ગાળીને પીવાથી પથરી મટે છે.

૯.) ઘઉં અને ચણાને સાથે ઉકાળીને, તેના ઉકાળામાં ચપટી સુરોખાર નાખી ઉકાળો પીવાથી પથરી ભાંગીને ભૂકો થઈ જાય છે.

૧૦.) રોજ ૧ દાડમ ખાવું અથવા ૧ કપ દાડમનો જ્યૂસ પીવો. ■

# અમારા લાડકા બાપ્પા


ધીરેન સંઘવી - માટુંગા



ઐશ્વર્યા કરન તન્ના-બોરીવલી વેસ્ટ



શ્રી ભાઈ સાવંત અને ફેમિલી - વેનગુરલા



દર્ષિત મહેશ પુજારી - કાંદિવલી વેસ્ટ


ખુશ આશર - કાંદિવલી વેસ્ટ


ઈન્દ્રપ્રસ્થા સોસાયટી - મીરા રોડ ઈસ્ટ


સ્વેતા ડાની - કાંદિવલી વેસ્ટ


સ્વપ્નાલી મીલિંદ પરબ - ડોંબિવલી વેસ્ટ


સ્મિત અને ભવ્ય રાવલ - કાંદિવલી વેસ્ટ


ધર્મેશ ઠક્કર - અહમદાવાદ (હાડવદ)



દિવ્યેશ પંડે - વલસાડ


કમલા આશિષ - કાંદિવલી વેસ્ટ


હિર જાસ્મીન રાવલ - નૈરૂલ


જિગર રોહિતકુમાર પુજારી - પુણે


કાર્તિક નિગાંધી - ગોરેગાંવ વેસ્ટ


વિરાજ ચંદરાણી


હરીશ ભટ્ટ - વિલેપારલે ઈસ્ટ


સ્મિતા દવે- અમદાવાદ


થાનવાલા ફેમિલી - ગોરેગાંવ


હર્ષવર્ધનભાઈ ગૌવર્ધન નગર - કાંદિવલી વેસ્ટ

## મુંબઈ સમાચાર
### ગણેશભક્તોને નિમંત્રણ

ગણેશોત્સવ નિમિત્તે ઘરે, સોસાયટીમાં કે સાર્વજનિક સ્થળે ગણપતિ બાપ્પાની મૂર્તિઓ લાવનારા શ્રદ્ધાળુઓને મૂર્તિ, સુશોભનના ફોટા ‘મુંબઈ સમાચાર’ને નામ, સ્થળ લખી નીચે આપેલા વૉટ્સએપ નંબર ઉપર મોકલવા વિનંતી.

**વૉટ્સએપ નં. ૭૦૪૫૪૩૦૫૭૯**

## ફન વર્લ્ડ

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.


### ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| વકી | GODOWN |
| વક્ર | POSSIBILITY |
| વક્તા | POISON |
| વખ | ORATOR |
| વખાર | BENT |

### ઓળખાણ પડી?

ઈટલી, રશિયા અને જ્યોર્જિયામાં ‘આંતરરાષ્ટ્રીય મહિલા દિન’ નિમિત્તે સ્ત્રીઓને અર્પણ કરવામાં આવતા આ પીળા રંગનું ફૂલ ઓળખાયું?



અ) DAYLILY બ) IRIS ક) ACACIA ડ) GOLDENROD

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ રિ | દ્ધિ | ■ | ૨ સિ | દ્ધિ | ■ | ૩ લા | ૪ ભ | ■ | ૫ શુ |
| ષ | ■ | ૬ ય | ■ | ■ | ૭ ઢે | ■ | ૮ રા | સ | ભ |
| ૯ ભ | ૧૦ ર | થા | ર | ■ | ૧૦-અ ફુ | ૧૧ ગા | વો | ■ | ■ |
| ■ | ૧૨ વ | ક | ■ | ૧૩ ડ | ■ | દી | ■ | ૧૪ મ | ૧૫ ઉ |
| ૧૬ પ | ■ | મ | ■ | ૧૭ રા | ૧૮ ચો | ■ | ૧૯ મં | જૂ | ષા |
| ૨૦ રિ | ૨૧ સ | ■ | ૨૨ ર | મ | ખા | ણ | ■ | ર | ■ |
| ૨૩ ક | મિ | ૨૪ ક | ■ | ણું | ■ | ■ | ૨૫ મ | ણ | ૨૬ કો |
| ૨૭ મા | ધ | વી | ૨૮ કા | ■ | ૨૯ ફૂ | તિ | કા | ■ | ક |
| ■ | ■ | ૩૦ ત | ટ | સ્થ | તા | ■ | ૩૧ ચ | કી | ન |
| ૩૨ હા | થી | ■ | લું | ■ | ર્થ | ■ | તું | ■ | દ |

### શબ્દલાલિત્ય
સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ■ | ૪ | ૫ | | ૬ | ■ |
| ૭ | | ■ | ૮ | | ■ | | ■ | ૯ | ૧૦ |
| ૧૧ | | | ■ | ■ | ■ | ૧૨ | ૧૩ | | |
| | ■ | ■ | ૧૪ | ■ | ૧૫ | | | ■ | |
| ■ | ૧૬ | ૧૭ | ■ | ૧૮ | | | ■ | ૧૯ | |
| ૨૦ | | | | | ■ | ■ | ૨૧ | | ■ |
| | | | | | ■ | ૨૨ | | | ૨૩ |
| ■ | ૨૪ | ■ | ૨૫ | ■ | ૨૬ | ■ | ૨૭ | | |
| ૨૮ | | | | ■ | ૨૯ | ૩૦ | | ■ | |
| ૩૧ | | ■ | ૩૨ | | | | ■ | ૩૩ | |

**આડી ચાવી**

૧. ગણેશજીનું એક નામ (૪)
૪. સ્વરમાધુર્ય, ગાન, સ્વર (૪)
૭. અવેજી, નકલી (૨)
૮. પુનઃ એકવાર (જો. છૂ.) (૨)
૯. હિંમત (૨)
૧૧. મહી અને ઢાઢર નદી વચ્ચેનો પ્રદેશ (૩)
૧૨. અર્થ, ભાવાર્થ (૪)
૧૪. દેવું કરીને પણ --- પીવું (૧)
૧૫. પ્યાર (૩)
૧૬. કંકુવાળા પંજાની છાપ (૨)
૧૮. ચોપડીઓનો, દુશ્મન (૩)
૧૯. ઝેર (૨)
૨૦. જુલમી (૫)
૨૧. વળાંક, આંબળો (૨)
૨૨. ઓછામાં ઓછું (૪)
૨૭. અટકાવવું તે (૩)
૨૮. ઉજજવળ, ભપકાદાર (૪)
૨૯. વિષયવાસના (૩)
૩૧. --- મૂકવો એટલે રસિક બનાવવું (૨)
૩૨. હાથી જેવું મુખ ધરાવતા ભગવાન (૪)
૩૩. અણી (૨)

**ઊભી ચાવી**

૧. વડની શાખા (૪)
૨. અનુક્રમ પ્રમાણે (૩) (જો. છૂ.)
૩. એક વાદ્ય (૨)
૫. એક બંગાળી મીઠાઇ (૫)
૬. નાનો તાલુકો (૩)
૧૦. લખલૂટ (૪)
૧૩. દૂધ ઉપર તરે (૨)
૧૫. એક પૌષ્ટિક પીણું (૨)
૧૬. આવ્યા હોત તો સારું --- (૨)
૧૭. તુચ્છ (૩)
૧૮. હૃદયમાં રહેલું (૩)
૧૯. બદલો (૪)
૨૦. ગણેશજીની પત્ની (૨)
૨૧. રામે ચૌદ વરસ --- ભોગવ્યો (૪)
૨૩. મણિધર, નાગ (૪)
૨૪. અજવાળું (૩)
૨૫. રસ્તો (૩)
૨૬. --- સહન એટલે જીવનશૈલી (૩)
૨૮. હૃદય (૨)
૩૦. જંગલ, રાન (૨)

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

‘જનતાની દરકાર કરવી નેતાનો ધર્મ છે’ પંક્તિમાં ‘દરકાર’ શબ્દનો અર્થ જણાવો.

અ) ગણતરી બ) વ્યવસાય ક) નોંધણી ડ) પરવા

### માતૃભાષાની મહેક

આંખની ઘણી કહેવતો છે.આંખ અને કાન વચ્ચે ચાર આંગળનો ફેર એટલે નજરે જોયેલું સાંભળેલા કરતાં વધુ વિશ્વસનીય હોય છે. આંખ આંજી સહેવાય પણ ફૂટી ના સહેવાય એટલે સભ્યતા ભરેલું જૂઠું સહન થાય પણ ચોખ્ખેચોખ્ખું અપમાન સહન ન થઈ શકે. આંખ આડા કાન કરવા એટલે નજર સામે જાણી જોઈને ખોટું કામ થવા દેવું.

### ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ PELOLOGY નો અભ્યાસ કરે છે એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) જમરૂખ બ) કાદવ ક) પ્રવાસ ડ) ક્રિયા

### ઈર્શાદ

આવન-આવન કહ ગયે, કર ગયે કોલ અનેક;
ગણતાં-ગણતાં ઘસ ગઈ જીભાં, હારી આંગળીઓની રેખ.

- મીરાંબાઈ

### માઈન્ડ

યુરોપનું કયું શહેર ‘સિટી ઓફ ગ્રેનાઈટ’ - અડદિયા પથ્થરના શહેર તરીકે ખ્યાતિ ધરાવે છે? શહેરના બધા મકાન ગ્રેનાઈટના બનેલા છે.

અ) Aberdeen બ) Copenhagen ક) Helsinki ડ) Dublin

### સુડોકુ-૯૦૮૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | | ૭ | | | | ૩ | | ૧ |
| | ૯ | | | | | | ૫ | |
| ૫ | | ૧ | ૨ | | ૩ | ૭ | | ૯ |
| | ૩ | | | | ૮ | | ૧ | |
| ૭ | | | | | | | | ૨ |
| | ૧ | | ૫ | | | | ૩ | |
| ૪ | | ૯ | ૬ | | ૫ | ૧ | | ૩ |
| | ૫ | | | | | | ૬ | |
| ૨ | | ૬ | | | | ૫ | | ૪ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૯૦૭૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૮ | ૭ | ૧ | ૨ | ૪ | ૩ | ૫ | ૯ |
| ૧ | ૫ | ૩ | ૮ | ૯ | ૬ | ૪ | ૭ | ૨ |
| ૯ | ૨ | ૪ | ૫ | ૭ | ૩ | ૮ | ૬ | ૧ |
| ૭ | ૩ | ૮ | ૨ | ૬ | ૧ | ૯ | ૪ | ૫ |
| ૪ | ૧ | ૯ | ૭ | ૮ | ૫ | ૬ | ૨ | ૩ |
| ૨ | ૬ | ૫ | ૩ | ૪ | ૯ | ૭ | ૧ | ૮ |
| ૩ | ૭ | ૧ | ૬ | ૫ | ૮ | ૨ | ૯ | ૪ |
| ૮ | ૪ | ૬ | ૯ | ૧ | ૨ | ૫ | ૩ | ૭ |
| ૫ | ૯ | ૨ | ૪ | ૩ | ૭ | ૧ | ૮ | ૬ |

### ગયા મંગળવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| રકમ | AMOUNT |
| રકાબી | SAUCER |
| રખડવું | WANDER |
| રખોપિયો | WATCHMAN |
| રજની | NIGHT |

માઈન્ડ ગેમ
ચંદીગઢ

ઓળખાણ પડી?
MAPLE

ગુજરાત મોરી મોરી રે
સાપ

ચતુર આપો જવાબ
અર્થ જણાવો
ઝરૂખો

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મૂલરાજ કપૂર (૩) તાહેર ઔરંગાબાદવાલા (૪) શીરીન ઔરંગાબાદવાલા (૫) અબ્દુલ્લા એફ. મુનીમ (૬) શ્રીમતી ડો. પ્રકાશ કટકિયા (૭) સુભાષ મોમાયા (૮) નૈસધ દેસાઈ (૯) ભારતી બુચ (૧૦) ખુશરૂ કાપડિયા (૧૧) વિપીન શાહ (૧૨) શ્રદ્ધા આશર (૧૩) પુષ્પા પટેલ (૧૪) નૂતન વિપીન શાહ (૧૫) પ્રવીણ વોરા (૧૬) જીત શાહ (૧૭) મહેન્દ્ર લોઢાવીયા (૧૮) મીનળ કાપડીયા (૧૯) જ્યોતી ખાંડવાલા (૨૦) નિખીલ બંગાળી (૨૧) અમીષી બંગાળી (૨૨) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૩) અમરીષ ઓઝા (૨૪) નયન ગિરીશ મિસ્ત્રી (૨૫) મહેશ સંઘવી (૨૬) ભાવના કર્વે (૨૭) મનીષ શેઠ (૨૮) ફાલ્ગુની શેઠ (૨૯) જયવંત પદમશી ચિખલ (૩૦) મહેશ દોશી (૩૧) ગિરીશ બાબુભાઈ મીસ્ત્રી (૩૨) દેવેન્દ્ર સંપટ (૩૩) અંજુ ટોલિયા (૩૪) અલકા વાણી (૩૫) વીણા સંપટ (૩૬) ડાયના સંતોકે (૩૭) અલકા વાણી (૩૮) કમલ માતલિયા (૩૯) નિતીન જયંતીલાલ બજરીયા (૪૦) પુષ્પા ખોના (૪૧) કિશોર સંઘરાજકા (૪૨) અરવિંદ કામદાર (૪૩) જ્યોત્સના ગાંધી (૪૪) રમેશ દલાલ (૪૫) ઈનાક્ષી દલાલ (૪૬) નયના મિસ્ત્રી (૪૭) રસિક જુઠાણી ટોરેન્ટે-કેનેડા (૪૮) ડો. પ્રકાશ કટકિયા (૪૯) ધીરેન્દ્ર મુલરાજ (૫૦) ગીતા ઉદ્દેશી (૫૧) પ્રતિમા પમાણી

## અનામતની આગ



(તસવીરઃ જયપ્રકાશ કેળકર અને અમય ખરાડે)

## જરાંગે અનશન પર મક્કમ

# મુંબઈના રસ્તાઓ ખાલી કરાવવાનો આજ બપોર સુધીનો સમય

### જરાંગેનું આંદોલન શાંતિપૂર્ણ નથીઃ હાઈ કોર્ટ

મુંબઈઃ મુંબઈમાં છેલ્લા ચાર દિવસથી ચાલી રહેલા મરાઠા અનામત આંદોલનને કારણે મુંબઈગરાને ખાસ્સી હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે અને આ બાબતની ગંભીર નોંધ લેતાં મુંબઈ હાઈ કોર્ટે મરાઠા કાર્યકર્તાઓ અને મરાઠા આંદોલન સામે અત્યંત આકરું વલણ અપનાવતાં મંગળવાર બપોર સુધીમાં બધા જ રસ્તાઓ ખાલી કરાવવાનો આદેશ આપ્યો હતો. તેમણે એવી પણ નોંધ કરી હતી કે આ આંદોલન શાંતીપુર્ણ નથી તેમ જ તમામ શરતોનું ઉલ્લંઘન કરવામાં આવ્યું છે.

હાઈકોર્ટે મુંબઈમાં સામાન્યતા પુનઃસ્થાપિત કરવાનો આગ્રહ રાખ્યો હતો અને જરાંગે અને તેમના સમર્થકોને પરિસ્થિતિ સુધારવા અને મંગળવાર બપોર સુધીમાં બધી શેરીઓ ખાલી કરાવવાની છેલ્લી તક આપી હતી.

જસ્ટિસ રવિન્દ્ર ઘુગે અને ગૌતમ અંખડની બેન્ચે એક ખાસ સુનાવણીમાં જણાવ્યું કે પ્રદર્શનકારીઓ આઝાદ મેદાન - આંદોલન માટે નિયુક્ત સ્થળ - પર રહ્યા નથી અને દક્ષિણ મુંબઈના ઘણા મહત્વપૂર્ણ વિસ્તારોને બ્લોક કરી દીધા છે. 'પરિસ્થિતિ અત્યંત ગંભીર છે અને મુંબઈ શહેર વ્યવહારીક રીતે સ્થગિત થઈ ગયું

(જુઓ પાનું ૪) ▶▶

### પાંચ કિલોમીટર સુધી વાહનોની લાઇન

નવી મુંબઈઃ મુંબઈ પોલીસે સોમવારથી મુંબઈમાં પ્રવેશતા વાહનોની તપાસ શરૂ કરી છે. પરિણામે, વાહનોની કતારો લગભગ પાંચ કિલોમીટર સુધી લાગી હતી. મરાઠા અનામત માંગ આંદોલનને પગલે મુંબઈ પોલીસ એક્શન મોડમાં આવી હતી. સાયન પનવેલ રૂટથી મુંબઈ જતી વખતે ખાડી બ્રિજ જ્યાં સમાપ્ત થાય છે, ત્યાંથી માનખુર્દ સુધી નાકાબંદી લાદવામાં આવી છે. તમામ પ્રકારના વાહનોની તપાસ કરવામાં આવી રહી છે.

### વગર પરવાનગીએ ચાલી રહ્યું છે આંદોલનઃ સરકાર

મુંબઈ હાઈ કોર્ટમાં મરાઠા ક્વોટા અંગેની સુનાવણી વખતે એડવોકેટ જનરલ બિરેન્દ્ર સરાફે કોર્ટને જણાવ્યું હતું કે આઝાદ મેદાનમાં વિરોધ પ્રદર્શન માટેની પરવાનગી ફક્ત ૨૯ ઓગસ્ટ માટે જ આપવામાં આવી હતી.

તેમણે ઉમેર્યું હતું કે જરાંગે અને તેમના સમર્થકોએ દરેક શરત અને બાંયધરીનું ઉલ્લંઘન કર્યું છે.

જ્યારે કોર્ટે પ્રશ્ન કર્યો કે સરકાર પરિસ્થિતિનો સામનો કેવી રીતે કરવાની યોજના ધરાવે છે, ત્યારે સરાફે કહ્યું કે ચાલી રહેલા ગણપતિ ઉત્સવને ધ્યાનમાં રાખીને સરકાર અને પોલીસે પરિસ્થિતિમાં સંતુલન જાળવવું પડશે.

'આકરા પોલીસ બળનો ઉપયોગ કરવો સરળ હશે પણ તેનું પરિણામ ખરાબ આવશે. આપણે રસ્તા પર પ્રદર્શનકારીઓ અને નાગરિકો વચ્ચે નાજુક સંતુલન જાળવવાની જરૂર છે,' એમ સરાફે કહ્યું હતું. ■

# ...તો પાંચ કરોડથી વધુ મરાઠા મુંબઈ આવશેઃ જરાંગે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મરાઠા અનામત કાર્યકર્તા મનોજ જરાંગેએ સોમવારે એવી ચેતવણી ઉચ્ચારી હતી કે જો મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ મરાઠા સમુદાયની ક્વોટા સંબંધિત માંગણીઓ નહીં સ્વીકારે તો પાંચ કરોડથી વધુ મરાઠા મુંબઈમાં આવશે.

મહાનગરના દક્ષિણ ભાગમાં આઝાદ મેદાન ખાતે સમુદાય માટે ક્વોટા માટેનું આંદોલન ચોથા દિવસે પ્રવેશ્યું હતું, જરાંગેએ ફડણવીસ પર આ મુદ્દા પર નિર્ણય લેવામાં જાણી જોઈને વિલંબ કરવાનો આરોપ લગાવ્યો હતો.

'મરાઠા સમુદાયને અનામત આપવાનો નિર્ણય લેવો ખૂબ જ સરળ છે. રાજ્ય

(જુઓ પાનું ૪) ▶▶

### જરાંગેએ પાણી છોડ્યું

મુંબઈઃ મરાઠા અનામતની માગણીને લઈને દક્ષિણ મુંબઈના આઝાદ મેદાનમાં ભૂખ હડતાળ પર ઉતરેલા મનોજ જરાંગે-પાટીલે સોમવારે પાણી પીવાનું બંધ કર્યા બાદ તેમના સ્વાસ્થ્યની તપાસ ડોક્ટરોએ કરી હતી.

મડાગાંઠ અકબંધ રહેતા, મહારાષ્ટ્રના પ્રધાન રાધાકૃષ્ણ વિખે પાટીલે જણાવ્યું હતું કે સરકાર મરાઠા ક્વોટાના મુદ્દાના ઉકેલ પર કામ કરી રહી છે જે કાયદાની

(જુઓ પાનું ૪) ▶▶

### સરકાર હાઇ કોર્ટના નિર્દેશોનો અમલ કરશેઃ ફડણવીસ

#### કાયદો અને વ્યવસ્થા ખોરવાઈ ગઈ હોવાના આરોપને ફગાવી દીધો હતો.

મુંબઈઃ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે સોમવારે જણાવ્યું હતું કે, મનોજ જરાંગેના નેતૃત્વ હેઠળ મુંબઈમાં ચાલી રહેલા મરાઠા અનામત માટેના આંદોલન પર બોમ્બે હાઇકોર્ટના નિર્દેશોનો વહીવટીતંત્ર અમલ કરશે.

તેમણે એમ પણ કહ્યું કે સરકાર મરાઠા અનામત માટેની માગણી પરની મડાગાંઠને ઉકેલવા માટે કાનૂની વિકલ્પો શોધવા પર વિચારણા કરી રહી છે.

સરકાર એ પણ સુનિશ્ચિત કરશે કે જરાંગેના દાવા મુજબ, હવેથી વધુ આંદોલનકારીઓ શહેરમાં પ્રવેશ ન કરે, એમ પણ તેમણે જણાવ્યું હતું.

'સરકાર હાઇકોર્ટના નિર્દેશોનો અમલ કરશે,' એમ ફડણવીસે પુણેમાં જણાવ્યું હતું અને કાયદો અને વ્યવસ્થા ખોરવાઈ ગઈ હોવાના આરોપને ફગાવી દીધો હતો.

'મરાઠા આંદોલન સંબંધિત

(જુઓ પાનું ૪) ▶▶

### 'ગોપાલ' મારો પારણીયે ઝુલે



(તસવીરઃ જયપ્રકાશ કેળકર)

### ટ્રાફિક જૅમ



### મરાઠાઓનું રેલ રોકો



# સરકાર જરાંગેની અવગણના કરી રહી છેઃ સુપ્રિયા સુળે

પુણેઃ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ એનસીપી (એસપી)નાં સંસદ સભ્ય સુપ્રિયા સુળેએ સોમવારે મહારાષ્ટ્ર સરકાર પર ૨૯ ઓગસ્ટથી મુંબઈમાં ભૂખ હડતાળ પર બેઠેલા મરાઠા આરક્ષણ માટે આંદોલન કરી રહેલા નેતા મનોજ જરાંગેની અવગણના કરવાનો આરોપ મૂક્યો છે. સત્તાધીશોની ટીકા કરતા તેમણે જણાવ્યું હતું કે 'જરાંગે મુંબઈ આવી રહ્યા હોવાની સરકારને જાણ હતી અને એટલે સંઘર્ષ ટાળવા આગોતરા પગલાં લેવા જોઈતા હતા. જોકે સરકાર આંદોલનને સંભાળવામાં નિષ્ફળ રહી છે.'

બારામતીનાં સંસદ સભ્યએ અનામતના મુદ્દે સરકારે સર્વપક્ષીય બેઠક બોલાવવી જોઈએ એવી પોતાની માગણીનો પુનરુચ્ચાર કરી સંવાદદાતાઓને જણાવ્યું હતું કે 'મરાઠા અનામત અંગેનો નિર્ણય કેબિનેટમાં લેવો જોઈએ અને રાજ્ય વિધાનસભામાં ઠરાવ પસાર કરવો જોઈએ. જો કોઈ બંધારણીય સુધારાની જરૂર હોય (અનામત પરની સર્વોચ્ચ અદાલતની ફરજિયાત ટોચમર્યાદાને દૂર કરવા માટે) તો એ રજૂઆત કેન્દ્રને મોકલવી જોઈએ.' જરાંગેએ સોમવારથી પાણી પીવાનું બંધ કરી દીધું હતું અને એ દિવસ પછી સરકાર તરફથી કોઈ પ્રતિનિધિ તેમને મળવા નહીં આવ્યો હોવાનો દાવો સુળેએ કર્યો હતો. (પીટીઆઈ)■

# ...તો પછી અમે પણ લાખોની સંખ્યામાં મુંબઈ આવીશું

### ઓબીસી સમાજની ચેતવણી, રાજ્યના પ્રધાન છગન ભુજબળ મનોજ જરાંગે-પાટીલ પર ગુસ્સે થયા

મુંબઈઃ આપણા દેશનું એક બંધારણ અને કાયદો છે. કાયદા મુજબ અનામત આપવામાં આવે છે. ખેડૂત હોવાનો અર્થ એ નથી કે દરેક વ્યક્તિ કુણબી બની જાય. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે મરાઠા સમાજ પછાત નથી. વિધાનસભાના સત્રમાં સર્વાનુમતે ઠરાવ પસાર થાય તો પણ ઓબીસીમાંથી અનામત આપી શકાતી નથી. તે કાયદામાં ટકશે નહીં, એમ જણાવતાં રાજ્યના પ્રધાન છગન ભુજબળે એવું એલાન કર્યું છે કે જો અમારી સાથે અન્યાય થશે તો અમે પણ લાખોની સંખ્યામાં મુંબઈ આવીશું. તેથી, મરાઠા અનામતને લઈને શરૂ થયેલો વિવાદ વકરવાની શક્યતા છે.

(જુઓ પાનું ૪) ▶▶

### સીએસએમટી પર ભીડ, દક્ષિણ મુંબઈમાં ટ્રાફિક ખોરવાયો

#### પોલીસે જે. જે. બ્રિજ સવારથી ભારે વાહનો માટે બંધ કરી દીધો

મુંબઈઃ મરાઠા અનામતની માગણી સાથે હજારો આંદોલનકારીઓ સોમવારે સવારે દક્ષિણ મુંબઈમાં આઝાદ મેદાન તથા તેની આસપાસના વિસ્તારોમાં ભેગા થઇ જતાં ટ્રાફિક ખોરવાઇ ગયો હતો, જેને કારણે પ્રવાસીઓ પરેશાન થઇ ગયા હતા. છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (સીએસએમટી) પર

અનેક આંદોલનકારીઓ સૂત્રોચ્ચાર કરતા તેમ જ નાચતા જોવા મળ્યા હતા, જેને લઇ રેલવે સ્ટેશન પર અતિશય ભીડ થઇ ગઇ હતી. અનેક લોકો મહાપાલિકા માર્ગ, જે. જે. માર્ગ અને ડી. એન. રોડ પર પણ

(જુઓ પાનું ૪) ▶▶

# બેસ્ટની બસમાં તોડફોડઃ પ્રવાસીઓ સાથે મારપીટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મરાઠા આરક્ષણ આંદોલનના કાર્યકરોએ જૂહુમાં બેસ્ટની બસમાં ઘૂસી તોડફોડ કરવાની સાથે પ્રવાસીઓ સાથે મારપીટ કરી હોવાની ઘટના સામે આવી હતી. મારપીટનો વીડિયો પણ સોશ્યલ મીડિયા પર વાયરલ થયો હતો.

દક્ષિણ મુંબઈને ત્રણ દિવસથી બાનમાં લેનારા કાર્યકરો હવે હિંસા પર ઊતરી આવ્યા હોવાના અહેવાલો મળી રહ્યા છે. બેસ્ટના અધિકારીના કહેવા મુજબ ઘટના રવિવારની સાંજે ૭.૧૫ વાગ્યાની આસપાસ બની હતી. ઘટના બાદ મારપીટ કરનારા આંદોલનકારીઓ અને પ્રવાસીઓ રફુચક્કર થઈ ગયા હતા. અધિકારીના કહેવા મુજબ બેસ્ટની રૂટ નંબર ૨૩૧ પરની બસ જૂહુ બસ સ્ટોપ પર ઊભી હતી. તે સમયે બસમાં ડ્રાઈવર કે કન્ડક્ટર નહોતા, પરંતુ અમુક પ્રવાસીઓ હતા. બસમાં ચઢેલા આંદોલનકારીઓનો બે પ્રવાસી સાથે વિવાદ થયો હતો.

ઉગ્ર બોલાચાલી બાદ એક કાર્યકરે પ્રવાસીને લાફો ઝીંકી દીધો હતો, જેને કારણે વાત વધી ગઈ હતી. બાદમાં અમુક કાર્યકરોએ પ્રવાસીઓની બેરહેમીથી મારપીટ કરી હતી અને બસના કાચની તોડફોડ કરી હતી.

બસમાં ધમાલ કરનારાઓને સમજાવવાનો પ્રયાસ બેસ્ટના કર્મચારીઓએ કર્યો હતો, પરંતુ તેમની સાથે પણ ઉદ્ધત વર્તન કરવામાં આવ્યું હતું. આખરે પોલીસ કન્ટ્રોલ રૂમને કૉલ કરી મદદ માગવામાં આવી હતી. જોકે પોલીસ પહોંચે તે પહેલાં આંદોલનકારીઓ અને પ્રવાસીઓ ત્યાંથી રવાના થઈ ગયા હતા, એમ અધિકારીએ જણાવ્યું હતું. ■

### બેસ્ટના ૨૬ રૂટમાં ફેરફારઃ ટ્રેનો મોડી દોડી

મુંબઈઃ મરાઠા આંદોલનને કારણે નોકરિયાત વર્ગે ભોગવવાનો વારો આવ્યો છે. આંદોલનને કારણે સપ્તાહના પ્રથમ દિવસ સોમવારે બેસ્ટના ૨૬ જેટલા રૂટ પરની બસોને અન્ય માર્ગે વાળવામાં આવી હતી. બસના બદલાયેલા સમયપત્રકને કારણે પ્રવાસીઓને મુશ્કેલી પડી હતી. આંદોલનમાં જોડાયેલા કાર્યકરોએ દક્ષિણ મુંબઈના સીએસએમટી સ્ટેશન બહારના માર્ગને બ્લૉક કર્યો હોવાથી વાહનવ્યવહારને અસર થઈ છે. દક્ષિણ મુંબઈ તરફ જતા માર્ગો પર વાહનોની લાંબી લાઈન જોવા મળી હતી. પડી ભાંગેલી ટ્રાફિક વ્યવસ્થાને કારણે બસમાં સફર કરનારાઓ ત્રાસી ગયા હતા. બીજી બાજુ, આંદોલનની અસર ટ્રેન સેવા પર પણ પડી હતી. મધ્ય રેલવેની મેઈન લાઈન પરની લોકલ ટ્રેનો પંદરથી વીસ મિનિટ મોડી દોડી રહી હતી, જ્યારે હાર્બર લાઈન દસેક મિનિટ મોડી દોડતી હતી. પશ્ચિમ રેલવેની લોકલ ટ્રેનો પણ ટાઈમટેબલ ચૂકી હતી. વેસ્ટર્ન રેલવેની ટ્રેનો પંદરેક મિનિટ મોડી દોડતી હતી, જેને કારણે ટ્રેનના પ્રવાસીઓએ પણ હાલાકી ભોગવવી પડી હતી. ■

### મરાઠા સમાજની કાર્યકરોને સૂચના

મરાઠા સમાજ દ્વારા વ્હૉટ્સઍપના માધ્યમથી કાર્યકરોને અમુક સૂચનાઓ આપવામાં આવી હતી, જેમાં કોઈએ પણ પાટા પર ઊતરવું નહીં, લોકલ ટ્રેનોમાં બહાર લટકીને પ્રવાસ કરવો નહીં, મુંબઈમાં નોકરિયાતોને તકલીફ ન પડે તે માટે શક્ય હોય તો સવારે પાંચથી આઠ વાગ્યા દરમિયાન જ ટ્રેનમાં પ્રવાસ કરવો. પાછા ફરતી વખતે રાતે આઠથી નવ વાગ્યા પછી જ ટ્રેનોનો ઉપયોગ કરવો, જેથી નોકરિયાતો મુશ્કેલી વિના ઘરે પહોંચી શકે. ■

#### આંદોલન લંબાવાની શક્યતા

### ગામડાઓમાંથી અનાજ લવાયું

નવી મુંબઈઃ આંદોલન લાંબું ચાલે તેવી શક્યતા છે. પ્રદર્શનકારીઓ દ્વારા લાવવામાં આવેલી ખાદ્ય ચીજવસ્તુઓ ખતમ થઈ રહી હોવાથી, રાજ્યભરના ગામડાઓમાંથી મદદનો પ્રવાહ શરૂ થઈ ગયો છે. વાશીના સિડકો એક્ઝિબિશન સેન્ટરમાં સેંકડો ટ્રકોમાં થોડા દિવસો સુધી સરળતાથી ચાલે એટલા પ્રમાણમાં વિવિધ ખાદ્ય પદાર્થો, અનાજ અને કઠોળનો પુરવઠો આવી રહ્યો છે.

શરૂઆતમાં, વિરોધીઓને અપેક્ષા હતી કે આંદોલન એક કે બે દિવસમાં સમાપ્ત થઈ જશે તેથી તેમની સાથે થોડી માત્રામાં ખોરાક લાવ્યા હતા. હવે તે પૂરું થઈ ગયું હોવાની જાણ થયા પછી, રાજ્યભરના ગામડાઓમાંથી, ખાસ કરીને બીડ, ધારાશિવ અને જાલના જિલ્લાઓમાંથી, આજે સવારથી જ સિડકો પ્રદર્શન કેન્દ્રમાં સહાય પહોંચી રહી છે. ■

### સરકારને માથે નવી ઘાત

### મરાઠા આંદોલન બાદ થશે લોન માફીનું આંદોલન

અમરાવતીઃ મરાઠા સમાજને અન્ય પછાત વર્ગોમાંથી અનામત આપવાની માગણી સાથે મનોજ જરાંગે પાટીલનું મુંબઈમાં આંદોલન ચાલુ છે ત્યારે પ્રહાર જનશક્તિ પાર્ટીના પ્રમુખ બચ્ચુ કડુ લોન માફી આંદોલનની તૈયારી કરી રહ્યા છે. ૨૮ ઓક્ટોબરે મુંબઈમાં લાખોની સંખ્યામાં લોકો એકઠા થઈને વિરોધ પ્રદર્શન કરશે. સરકાર માટે આ નવો માથાનો દુખાવો બની રહે તેવી શક્યતા છે.

બચ્ચુ કડુએ ખેડૂતોની મુખ્ય માગણીઓ જેમ કે દેવામાં રાહત, તમામ પ્રકારની કૃષિ પેદાશો માટે ઉત્પાદન ખર્ચના આધારે ૧.૫ ગણો લઘુત્તમ ટેકાનો ભાવ, કૃષિ કામદાર કલ્યાણ નિગમની સ્થાપના, તમામ કૃષિ પેદાશને જીએસટીમાંથી મુક્તિ, દરેક

(જુઓ પાનું ૪) ▶▶

### આંદોલનકારીઓ આર્ટ ગેલેરીમાં ઘૂસ્યા

મુંબઈઃ મુંબઈમાં આંદોલનકારીઓની ભારે ભીડને કારણે જહાંગીર આર્ટ ગેલેરી તરફ આવતા કલાપ્રેમીઓ અને ચિત્રો ખરીદનારાઓના રસ્તાઓ જાતે જ બંધ થઈ ગયા છે.

તેમના બદલે, આંદોલનકારીઓએ ગેલેરીમાં આશરો લીધો. ચાર દિવાલોવાળી ગેલેરી, જ્યાં લોકો શાંતિથી લાગણીઓના ચિત્રાત્મક ખેલનો અનુભવ કરતા હતા, ત્યાં કાર્યકર્તાઓના સૂત્રોચ્ચારને કારણે નામુશ્કી આવી અને ચિત્ર પ્રદર્શનમાં કલાપ્રેમીઓને બદલે કાર્યકર્તાઓનું ટોળુ જામ્યુ હતું. ભારે નુકસાન સહન કર્યા પછી પ્રદર્શન આખરે બંધ કરવુ પડ્યું.■

### ગંદકીનું સામ્રાજ્ય




### પાલિકા દ્વારા સફાઈકામ



LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# મહિલા ક્રિકેટરો પર પૈસાનો વરસાદઃ વર્લ્ડ ચૅમ્પિયન ટીમને મળશે ૪૦ કરોડ રૂપિયા

## બીજી નવેમ્બરે વિમેન્સ વન-ડે વિશ્વ કપ જીતનારી ટીમને પુરુષો કરતાં પણ મળશે વધુ રકમ!

દુબઈઃ અહીં હેડ ક્વૉર્ટર ધરાવતી ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી)એ મોટી જાહેરાત કરી છે જેમાં જણાવવામાં આવ્યું છે કે ભારતમાં આગામી ૩૦મી સપ્ટેમ્બરે શરૂ થનારો આઠ ટીમ વચ્ચેનો મહિલાઓનો વન-ડે વર્લ્ડ કપ જીતનારી ચૅમ્પિયન ટીમને ૪૦ કરોડ રૂપિયા જેટલું તોતિંગ રોકડ ઇનામ આપવામાં આવશે. વાસ્તવમાં વન-ડે વર્લ્ડ કપની બાબતમાં આઇસીસીએ પુરુષો કરતાં મહિલાઓની કુલ ઇનામી રકમ ઘણી વધારી દીધી છે.

ભારતના ભૂતપૂર્વ બીસીસીઆઇ-સેક્રેટરી અને કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહના પુત્ર જય શાહ આઇસીસીના ચૅરમૅન છે. મહિલાઓના વન-ડે વર્લ્ડ કપનો આગામી ૩૦મી સપ્ટેમ્બરે બે યજમાન દેશ ભારત અને શ્રીલંકા વચ્ચેની ગુવાહાટી ખાતેની મૅચથી આરંભ થશે અને બીજી નવેમ્બરે ફાઇનલ રમાશે. આઇસીસીના જણાવ્યા મુજબ વિશ્વભરમાં મહિલા વર્લ્ડ કપની લોકપ્રિયતા વધારવાના હેતુથી તેમ જ પુરુષો સાથે સમાનતા લાવવાના આશયથી ઇનામી રકમમાં તોતિંગ વધારો કરવામાં આવ્યો છે. ભારતમાં આ વર્લ્ડ કપની મૅચો ગુવાહાટી, ઇન્દોર, નવી મુંબઈ, વિશાખાપટનમમાં તેમ જ શ્રીલંકામાં કોલંબોમાં રમાશે.

ગયા વર્લ્ડ કપની તુલનામાં આ ઇનામી રકમમાં લગભગ સાડાત્રણસો ટકાનો વધારો કરવામાં આવ્યો છે. ગયા વર્લ્ડ કપમાં ચૅમ્પિયન મહિલા ટીમ (ઑસ્ટ્રેલિયા)ને ૧.૩૨ મિલિયન ડૉલર (અંદાજે ૧૧.૬૫ કરોડ રૂપિયા)નું પ્રથમ ઇનામ અપાયું હતું. જોકે હવે એ ઇનામમાં લગભગ સાડાત્રણસો ટકાનો વધારો કરવામાં આવ્યો છે અને આ વખતે વિશ્વ કપ જીતનારી ટીમને આઇસીસી તરફથી ૪.૪૮ મિલિયન ડૉલર (આશરે ૩૯.૫૫ કરોડ રૂપિયા)નું પ્રાઇઝ મની આપવામાં આવશે.

આઇસીસીએ ખરેખર તો આ વખતના વિમેન્સ વર્લ્ડ કપથી પ્રાઇઝ મનીમાં તોતિંગ વધારો કર્યો છે. આ ટૂર્નામેન્ટમાં કુલ મળીને ૧૩.૮૮ મિલિયન ડૉલર (અંદાજે ૧૨૨.૫ કરોડ રૂપિયા)ની ઇનામી રકમ ફાળવવામાં આવશે. ગયા વર્લ્ડ કપમાં કુલ પ્રાઇઝ મનીની રકમ ૩.૫ મિલિયન ડૉલર (૩૧ કરોડ રૂપિયા) હતી જે ૨૯૭ ટકા જેટલો વધારો દર્શાવે છે. મહિલા વર્લ્ડ કપની બાબતમાં આઇસીસીએ કુલ ઇનામી રકમ જે રીતે વધારી છે એને કારણે આ રકમ પુરુષોના વર્લ્ડ કપની પ્રાઇઝ મનીથી પણ ઘણી વધી ગઈ છે. ૨૦૨૩માં ભારતમાં આયોજિત મેન્સ વન-ડે વર્લ્ડ કપમાં કુલ ૧૦ મિલિયન ડૉલર (૮૮.૨૬ કરોડ રૂપિયા)ની ઇનામી રકમ આપવામાં આવી હતી. ■


ભારતની બે ટોચની ખેલાડી સ્મૃતિ મંધાના (ડાબે) અને હરમનપ્રીત કૌર

### મહિલા વર્લ્ડ કપ માટેની ઇનામી રકમ

(૧) કુલ ઇનામી રકમઃ ૧૩.૮૮ મિલિયન ડૉલર (૧૨૨.૫ કરોડ રૂપિયા)
(૨) ચૅમ્પિયન ટીમઃ ૪.૪૮ મિલિયન ડૉલર (૩૯.૫૫ કરોડ રૂપિયા)
(૩) રનર-અપ ટીમઃ ૨.૨૪ મિલિયન ડૉલર (૧૯.૭૭ કરોડ રૂપિયા)
(૪) સેમિ ફાઇનલમાં પરાજિત ટીમ (દરેકને): ૧.૧૨ મિલિયન ડૉલર (૯.૮૯ કરોડ રૂપિયા)
(૫) ગ્રૂપ સ્ટેજમાં પ્રત્યેક જીત બદલ ટીમનેઃ ૩૪,૩૧૪ ડૉલર (૩૦.૨૯ લાખ રૂપિયા)
(૬) પાંચમા-છઠ્ઠા સ્થાનની ટીમ (દરેકને): ૭ લાખ ડૉલર (૬૨ લાખ રૂપિયા)
(૭) સાતમા-આઠમા સ્થાનની ટીમ (દરેકને): ૨,૮૦,૦૦૦ ડૉલર (૨૪.૭૧ લાખ રૂપિયા)
(૮) ટૂર્નામેન્ટમાં ભાગ લેવા બદલ પ્રત્યેક ટીમનેઃ ૨,૫૦,૦૦૦ ડૉલર (૨૨ લાખ રૂપિયા)

# પચીસમું ટાઇટલ જીતવા મક્કમ જૉકોવિચના ‘અઢારેય અંગ વાંકાં’

## ગરદન, ખભો, હાથ, પગ, પીઠમાં ઈજાઓ છતાં વિક્રમજનક ૬૪મી ગ્રૅન્ડ સ્લૅમ ક્વૉર્ટર ફાઇનલમાં પહોંચ્યો

ન્યૂ યૉર્કઃ પુરુષોની ટેનિસમાં સૌથી વધુ ૨૪ ગ્રૅન્ડ સ્લૅમ ટાઇટલ જીતી ચૂકેલો સર્બિયાનો ૩૮ વર્ષીય ટેનિસ સુપરસ્ટાર નોવાક જૉકોવિચ રવિવારે વિક્રમજનક ૬૪મી ગ્રૅન્ડ સ્લૅમ ક્વૉર્ટર ફાઇનલમાં પહોંચી તો ગયો, પરંતુ તેને અનેક પ્રકારની જે ઈજા છે એ જોતાં તે પચીસમું ટાઇટલ જીતવાનું સપનું પૂરું કરી શકશે કે કેમ એમાં શંકા છે. રવિવારે જૉકોવિચે યુએસ ઓપનના ચોથા રાઉન્ડમાં વિશ્વના ૧૪૪મા નંબરના યૅન-લેનાર્ડ સ્ટ્રફ સામે ૬-૩, ૬-૩, ૬-૨થી વિજય મેળવ્યો હતો. જોકે એ મૅચ દરમ્યાન જૉકોવિચને ખાસ તો ગરદનમાં દુખાવો થયો હતો. જૉકોવિચ ક્વૉર્ટર ફાઇનલમાં અમેરિકાના ટેલર ફ્રિત્ઝ સામે રમશે. જૉકોવિચને ગરદન ઉપરાંત ખભામાં પણ દુખાવો હતો અને તેણે ખભામાં પણ મસાજ કરાવ્યું હતું. જૉકોવિચે એક સેટ બાદ મસાજરને જમણા હાથ પર પણ મસાજ કરવા કહ્યું હતું. વર્ષ ૨૦૨૫ની આ છેલ્લી ગ્રૅન્ડ સ્લૅમ ટૂર્નામેન્ટની શરૂઆતમાં જૉકોવિચને પગમાં દુખાવો હતો. પ્રથમ રાઉન્ડમાં અમેરિકાના લર્નર ટિએન સામેની મૅચમાં તેને પગમાં તકલીફ હતી તો ત્રીજા રાઉન્ડની મૅચ દરમ્યાન તેને પીઠના નીચલા ભાગમાં દુખાવો શરૂ થયો હતો.



જોકે તે એ મૅચ જીતીને ચોથા રાઉન્ડમાં પહોંચ્યો હતો જેમાં તેને ગરદન દુખવા લાગી હતી. સ્ટ્રફ સામેની એ મૅચ દરમ્યાન તે વારંવાર ઝટકા સાથે ગરદન હલાવતો જોવા મળ્યો હતો.

ભૂતપૂર્વ વર્લ્ડ નંબર-વન જૉકોવિચે પ્રથમ રાઉન્ડમાં અમેરિકાના લર્નર ટિઍનને ૬-૧, ૭-૩, ૬-૨થી હરાવ્યો હતો. બીજા રાઉન્ડમાં જૉકોવિચનો અમેરિકાના જ ઝાકેરી સ્વાયદા સામે ૫-૭, ૬-૩, ૬-૩, ૬-૧થી વિજય થયો હતો. ત્રીજા રાઉન્ડમાં જૉકોવિચે બ્રિટનના કૅમેરન નૉરીને ૬-૪, ૪-૭, ૬-૨, ૬-૩થી હરાવી દીધો હતો.

જૉકોવિચને શરીરના ઘણા ભાગોમાં દુખાવો છે, પણ તે પચીસમા ગ્રૅન્ડ સ્લૅમ ટાઇટલ સુધી પહોંચવા મક્કમ છે. તેણે રવિવારે ક્વૉર્ટરમાં પહોંચ્યા પછી કહ્યું, ‘ હું રવિવારે ચોથા રાઉન્ડમાં જે રીતે રમ્યો એનાથી સંતુષ્ટ છું. મને તો આ ટૂર્નામેન્ટમાં મારો આ સર્વશ્રેષ્ઠ પર્ફોર્મન્સ લાગ્યો છે. આશા રાખું છું કે હું આ જ રીતે આગળ વધતો રહીશ.’

# હરભજને લલિત મોદીને સંભળાવી દીધું, ‘મને તો ખેદ છે, પણ તમે સ્વાર્થી છો’

નવી દિલ્હીઃ ૧૪ વર્ષથી લંડનમાં રહેતા આઇપીએલના ભૂતપૂર્વ અધ્યક્ષ લલિત મોદીએ ૨૦૦૮ની આઇપીએલમાં હરભજન સિંહે પેસ બોલર એસ. શ્રીસાન્તને થપ્પડ મારવાની ઘટનાને તાજેતરના એક ઇન્ટરવ્યૂ મારફત ફરી ચગાવી એ સામે શ્રીસાન્તની પત્ની ભુવનેશ્વરીએ લલિત મોદી પર ગુસ્સો ઉતાર્યો અને લલિત મોદીએ એનો જવાબ પણ આપ્યો, પરંતુ હવે એ ઘટનાના મુખ્ય પાત્ર હરભજન સિંહે પણ ઝુકાવ્યું છે. ભજ્જીએ એક પૉડકાસ્ટ પરની વાતચીતમાં લલિત મોદીને સ્વાર્થી કહ્યા છે.





ભૂતપૂર્વ ઑસ્ટ્રેલિયન ક્રિકેટર માઇકલ ક્લાર્કને ઇન્ટરવ્યૂમાં થપ્પડ-પ્રકરણ વિશેનો દુર્લભ વીડિયો ફૂટેજ લલિત મોદીએ બતાવ્યો અને એ ઘટનાની ઝીણી-ઝીણી વાતો કરી એ સામે શ્રીસાન્તની પત્ની ભુવનેશ્વરીએ સોશ્યલ મીડિયા પર પ્રતિક્રિયામાં જણાવ્યું હતું કે ‘ મારા પતિ શ્રીસાન્ત તેમ જ હરભજન સિંહ ૧૮ વર્ષ પહેલાંની ઘટનાને હવે ભૂલી પણ ગયા છે. હરભજને માફી પણ માગી લીધી હતી, પરંતુ તમે બન્ને (લલિત મોદી અને ક્લાર્ક) એ જૂના વિવાદને ફરી ચગાવી રહ્યા છો. લલિત મોદી અને માઇકલ ક્લાર્ક, શરમ કરો. તમારામાં માણસાઈ જેવું કંઈ છે કે નહીં.’

લલિત મોદીએ ભુવનેશ્વરી વિશે કહ્યું કે ‘ શ્રીસાન્તની પત્ની કેમ આટલી બધી ગુસ્સે થાય છે એ જ મને નથી સમજાતું. મને ઇન્ટરવ્યૂમાં પૂછવામાં આવ્યું અને મેં સાચો જવાબ આપ્યો હતો અને મારા સિક્યૉરિટી કૅમેરામાં કેદ થયેલી ૨૦૦૮ની ઘટનાનો ફૂટેજ બહાર પાડ્યો. એમાં મેં ખોટું શું કર્યું.’

જોકે હરભજન સિંહે સોમવારે પૉડકાસ્ટમાં કહ્યું, ‘ જે રીતે જૂની ઘટનાનો આ વીડિયો બહાર લાવવામાં આવ્યો છે એ ઠીક ન કહેવાય. ૧૮ વર્ષ પહેલાંની ઘટના બધા હવે સાવ ભૂલી ગયા છે. મને એ કૃત્ય બદલ હજી આજે પણ અફસોસ છે અને શરમ અનુભવું છું. આ વીડિયો આટલા વખતે બહાર પાડવા પાછળ જરૂર લલિત મોદીનો કોઈ સ્વાર્થ હશે.’ ■

# અન્ડર-૧૨ ઇન્ટર-ક્લબ ફૂટબૉલ ટૂર્નામેન્ટમાં ઘાટકોપર જૉલી જિમખાના ચૅમ્પિયન

મુંબઈઃ ઘાટકોપર જૉલી જિમખાના મલ્ટિ ટર્ફ સબ-કમિટી દ્વારા આયોજિત પ્રથમ અન્ડર-૧૨ ઇન્ટર-ક્લબ ફૂટબૉલ ટૂર્નામેન્ટનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ઘાટકોપર જૉલી જિમખાનાની ટીમ ચૅમ્પિયન બની હતી. આ સ્પર્ધા અધ્યક્ષ રજનીકાંત શાહ, મૅનેજિંગ ટ્રસ્ટી મનોજ અજમેરા, સેક્રેટરી મુકેશ બદાની તથા સમગ્ર ટ્રસ્ટીઓ અને મૅનેજમેન્ટ કમિટીના સભ્યોના માર્ગદર્શન તથા સહકારથી યોજાઈ હતી.

મુંબઈની પ્રતિષ્ઠિત ૧૬ ક્લબોએ લીગ તથા નૉકઆઉટ પદ્ધતિથી રમાડવામાં આવેલી આ ટૂર્નામેન્ટમાં ભાગ લીધો હતો.

ફાઈનલ ઘાટકોપર જૉલી જિમખાના અને રાઈઝિંગ સ્ટાર ફૂટબૉલ ક્લબ (ભાઇખલા) વચ્ચે રમાઈ હતી. ફાઈનલમાં ધ્યાન પ્રફુલ્લ માવાણી અને મિથાન્સ કેતન જૈને ઘાટકોપર જૉલી જિમખાના તરફથી એક-એક ગોલ કર્યો હતો, જ્યારે રાઈઝિંગ સ્ટાર વતી અહમદ કોર્ડિયાએ એક ગોલ નોંધાવ્યો હતો. ઘાટકોપર જૉલી જિમખાનાની ટીમ ૨-૧થી વિજેતા થઈ હતી.

વિજેતાઓ અને રનર્સ-અપ ટીમને ટ્રૉફી આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આભારવિધિ દરમિયાન અધ્યક્ષ રજનીકાંત શાહ અને કન્વીનર નિશિથ ગોલવાલાએ જણાવ્યું હતું કે, ‘આવી ટૂર્નામેન્ટ હવે દર વર્ષે નિયમિતરૂપે યોજવામાં આવશે.’

**કોણ શેમાં શ્રેષ્ઠ ઘોષિત?**

ટૂર્નામેન્ટનો શ્રેષ્ઠ ખેલાડીઃ ધ્યાન પ્રફુલ્લ માવાણી (ઘાટકોપર જૉલી જિમખાના)

શ્રેષ્ઠ ગોલકીપરઃ અલ્તામસ શેખ (રાઈઝિંગ સ્ટાર) ■


*(ડાબેથી) લૉરેન્સ બિન્ગ, કોચ વૈભવ કપરે, અધ્યક્ષ રજનીકાંત શાહ, જોઇન્ટ સ્પોર્ટ્સ કો-ઑર્ડિનેટર નલિન મહેતા, મલ્ટિ ટર્ફ કમિટીના કન્વીનર નિશિથ ગોળવાલા તથા વિવેક ઝા.*

# નીતીશ-રાઠી વચ્ચે ઘર્ષણ, ગરમાગરમી બાદ પાંચ ખેલાડીને દંડ

## દિગ્વેશ રાઠી સાથેના ઘર્ષણ બાદ ‘બાદશાહ’ નીતીશ રાણાને મીડિયામાં ક્રિકેટર-મિત્રએ કહ્યું, ‘યે હુઇ ના બાત’

નવી દિલ્હીઃ આક્રમક બૅટ્સમૅન નીતીશ રાણાએ રવિવારે દિલ્હી પ્રીમિયર લીગ (ડીપીએલ)માં પોતાની કૅપ્ટન્સીવાળી ટીમ વેસ્ટ દિલ્હી લાયન્સને રોમાંચક વિજય અપાવ્યો એ પહેલાં શુક્રવારે પાટનગરના અરુણ જેટલી સ્ટેડિયમમાં નીતીશ રાણા અને એલિમિનેટર મુકાબલાની હરીફ ટીમ સાઉથ દિલ્હી સુપરસ્ટાર્ઝના વિવાદાસ્પદ સ્પિનર દિગ્વેશ સિંહ રાઠી વચ્ચે જે ચકમક થઈ હતી એ ભારતીય ક્રિકેટમાં ખૂબ ચર્ચામાં છે. એ મૅચમાં નીતીશ અને રાઠી વચ્ચે ચેનચાળાની આપલે થઈ હતી, બન્ને વચ્ચે દલીલબાજી થઈ હતી અને એ ગરમાગરમીને પગલે આ બન્ને ખેલાડી સહિત કુલ પાંચ પ્લેયરને દંડ કરવામાં આવ્યો હતો. એ તો ઠીક, કેટલાક ક્રિકેટરો (ખાસ કરીને નીતીશ રાણાના મિત્રોએ) સોશ્યલ મીડિયામાં પ્રતિક્રિયા નીતીશને બિરદાવતી આપી છે.



### મૅચના સ્કોર્સ શું હતા, ઘટના શું હતી?

શુક્રવારે એલિમિનેટરમાં તેજસ્વી દહિયાના સુકાનમાં સાઉથ દિલ્હી સુપરસ્ટાર્ઝ ટીમે ૨૦ ઓવરમાં પાંચ વિકેટે ૨૦૧ રન કર્યા હતા. નીતીશ રાણાની કૅપ્ટન્સીમાં વેસ્ટ દિલ્હી લાયન્સે ૧૭.૧ ઓવરમાં ત્રણ વિકેટે ૨૦૨ રન બનાવીને આસાન વિજય મેળવી લીધો હતો. એમાં નીતીશ રાણા (૧૩૪ અણનમ, પંચાવન બૉલ, ૧૫ સિક્સર, આઠ ફોર)નું સૌથી મોટું યોગદાન હતું. સાઉથ દિલ્હી સુપરસ્ટાર્ઝ ટીમ વતી કુલ સાત બોલરે બોલિંગ કરી હતી, પરંતુ તેઓ નીતીશ રાણાને આઉટ નહોતા કરી શક્યા. દિગ્વેશ સિંહ રાઠીને બે ઓવરમાં ૩૯ રનના ખર્ચે એક પણ વિકેટ નહોતી મળી.

આ મૅચમાં એક તબક્કે નીતીશની એકાગ્રતા તોડવાના આશયથી સ્પિનર રાઠી એક બૉલ ફેંકતાં પહેલાં અચાનક રન-અપ પર અટકી ગયો હતો. જોકે પછીથી જ્યારે રાઠી બૉલ ફેંકવા આવી રહ્યો હતો ત્યારે નીતીશ સ્ટાન્સમાંથી હટી ગયો હતો અને સાટું વાળ્યું હતું. ત્યાર પછી નીતીશે આક્રમક મૂડમાં ફટકાબાજી કરી હતી તેમ જ એક તબક્કે એક બાઉન્ડરી ફટકારીને રાઠીના ‘ નોટબુક સેલિબ્રેશન’ની નકલ કરીને તેની હાંસી ઉડાવી હતી. નીતીશે પોતાના બૅટને ચૂમી લીધું હતું. આ ઘટનાથી મેદાન પર તંગદિલી વધી ગઈ હતી, બન્ને વચ્ચે બોલાચાલી થઈ હતી. અમ્પાયરોએ અને સાથી ખેલાડીઓએ બન્નેને શાંત પાડવા પડ્યા હતા. નીતીશે છેલ્લું અટ્ટહાસ્ય કર્યું હતું, કારણકે તેણે માત્ર પંચાવન બૉલમાં કુલ ૧૫ સિક્સર અને આઠ ફોરની મદદથી અણનમ ૧૩૪ રન કરીને વેસ્ટ દિલ્હીની ટીમને શાનદાર વિજય અપાવ્યો હતો.



### ક્રિકેટરોએ નીતીશને અભિનંદનમાં શું કહ્યું?

નીતીશ રાણાના કોલકાતા નાઇટ રાઇડર્સ ટીમના ભૂતપૂર્વ સાથી-ખેલાડી સુયશ શર્માએ નીતીશને ‘ બાદશાહ’ તરીકે ઓળખાવ્યો હતો. સ્પિનર દિગ્વેશ રાઠીના ગેરવર્તન સામે ફટકાબાજીથી તેનો અહમ તોડવા બદલ યુવાન ભારતીય પેસ બોલર હર્ષિત રાણાએ નીતીશની પ્રશંસામાં એક પોસ્ટમાં લખ્યું, ‘ યે હુઇ ના બાત.’ પેસ બોલર નવદીપ સૈનીએ મીડિયા પરની પોસ્ટમાં લખ્યું, ‘ સ્વાદ આ ગયા.’ ઇંગ્લૅન્ડના ઓપનર ફિલ સૉલ્ટે પણ મજાકમાં નીતીશ રાણાને ‘ રાણાજી’ કહીને અભિનંદન આપ્યા હતા.

### નીતીશ રાણાએ શું પ્રતિક્રિયા આપી

નીતીશ રાણાએ દિગ્વેશ રાઠી સાથેની ચકમક બાબતમાં પછીથી મીડિયામાં જણાવ્યું, ‘ અમે બન્ને પોતપોતાની ટીમને વિજય અપાવવા જ મેદાન પર ઊતર્યા હતા. જોકે ક્રિકેટની રમતનું માન જાળવવું એને હું મારી જવાબદારી સમજું છું અને એવી જ જવાબદારી તેની પણ કહેવાય. (મને ઉશ્કેરવાની) શરૂઆત તેણે કરી હતી. મને જો કોઈ ઉશ્કેરે તો હું શાંત ન બેસી રહું. હું હંમેશાં આ જ રીતે રમ્યો છું. મને જો કોઈ ઉશ્કેરીને આઉટ કરવાનો ઇરાદો રાખે તો હું પણ તેને છોડું નહીં. સિક્સરથી તેને જવાબ આપી દઉં. અગાઉ ઘણી વખત હરીફ ખેલાડીઓ સાથે મારા ઘર્ષણ થયા હતા, પણ એ તમામમાં મેં ક્યારેય શરૂઆત નહોતી કરી. મને મારા મમ્મી-પપ્પાએ શીખવ્યું છે કે જો આપણે ખોટા ન હોઈએ તો ગમે એમ કરીને પોતાનો બચાવ કરવાનો જ. મેં આ બનાવમાં એ જ કર્યું.’

### કોને મૅચ ફીનો કેટલો દંડ કરાયો

દિગ્વેશ રાઠી (નીતીશને ઉશ્કેરવા બદલ): ૮૦ ટકા
નીતીશ રાણા (અભદ્ર અને અપમાનજનક સંકેત બદલ): ૫૦ ટકા
ક્રિશ યાદવ (હરીફ ખેલાડીને ધમકાવવા બદલ): ૧૦૦ ટકા
સુમિત માથુર (ઉશ્કેરણીજનક પ્રતિક્રિયા બદલ): ૫૦ ટકા
અમન ભારતી (અભદ્ર સંકેત બદલ): ૩૦ ટકા

### નીતીશની ત્રણ દિવસમાં બાવીસ સિક્સર, વેસ્ટ દિલ્હીને ચૅમ્પિયન બનાવ્યું

દિલ્હી પ્રીમિયર લીગ (ડીપીએલ)માં રવિવારે નીતીશ રાણા (૭૯ અણનમ, ૪૯ બૉલ, સાત સિક્સર, ચાર ફોર)એ પોતાના સુકાનમાં વેસ્ટ દિલ્હી લાયન્સ નામની ટીમને ડીપીએલનું પ્રથમ ટાઇટલ અપાવ્યું હતું. કેકેઆરના ભૂતપૂર્વ ખેલાડી નીતીશ રાણાએ ટૉસ જીતીને જૉન્ટી સિધુના સુકાનવાળી સેન્ટ્રલ દિલ્હી કિંગ્સ ટીમને બૅટિંગનું આમંત્રણ આપ્યું હતું. સેન્ટ્રલ દિલ્હીએ ૨૦ ઓવરમાં સાત વિકેટે ૧૭૩ રન કર્યા હતા. જવાબમાં વેસ્ટ દિલ્હી લાયન્સે ૧૮ ઓવરમાં ચાર વિકેટે ૧૭૫ રન કરીને ફાઇનલ જીતી લીધી હતી. નીતીશ અને ઋતિક શોકીન (૪૨ અણનમ, ૨૭ બૉલ, બે સિક્સર, પાંચ ફોર) વચ્ચે ૮૫ રનની અતૂટ ભાગીદારી થઈ હતી. મૅન ઑફ ધ ફાઇનલ નીતીશ રાણાએ શુક્રવારની અને રવિવારની મૅચ, બન્ને મૅચ મળીને ત્રણ દિવસમાં કુલ બાવીસ છગ્ગા ફટકાર્યા હતા. શુક્રવારે સાઉથ દિલ્હી સુપરસ્ટાર્ઝ સામે તેના અણનમ ૧૩૪ રનમાં ૧૫ સિક્સર હતી. ■

# અમદાવાદમાં યોજાશે ટેનિસ પ્રીમિયર લીગ

મુંબઈઃ ટેનિસ પ્રીમિયર લીગ (ટીપીએલ) પહેલી જ વખત મહારાષ્ટ્રની બહાર યોજાવાની તૈયારી થઈ રહી છે અને એ માટે પ્રથમ પસંદગી અમદાવાદની કરવામાં આવી છે. આ સ્પર્ધા આગામી ૯-૧૪ ડિસેમ્બર દરમ્યાન ગુજરાત યુનિવર્સિટી સ્ટેડિયમમાં યોજાશે. આઠ ટીમ વચ્ચેના મુકાબલાવાળી સ્પર્ધામાં ટોચના વૈશ્વિક ખેલાડીઓ છે એમાંથી ૩૦ અને ૫૦ નંબર વચ્ચેની રૅન્ક ધરાવતા પ્લેયર્સ તેમ જ બે ગ્રૅન્ડ સ્લૅમ ટાઇટલ જીતી ચૂકેલા રોહન બોપન્ના સહિત ભારતના જાણીતા ખેલાડીઓ અમદાવાદની સ્પર્ધામાં ભાગ લેશે. ■

# એક દિવસમાં ત્રણ ટી-૨૦ લીગની ફાઇનલ રમાઈ

નવી દિલ્હીઃ ૩૧મી ઑગસ્ટનો દિવસ સુપર સન્ડે હતો જે દિવસે ત્રણ ટી-૨૦ ટૂર્નામેન્ટની ફાઇનલ રમાઈ હતી. દિલ્હી પ્રીમિયર લીગમાં નીતીશ રાણાના સુકાનમાં વેસ્ટ દિલ્હી લાયન્સે ટાઇટલ જીતી લીધું હતું. ઇંગ્લૅન્ડની ‘ધ હન્ડ્રેડ’ લીગમાં સૅમ બિલિંગ્સના નેતૃત્વમાં ઓવલ ઇન્વિન્સિબલ્સ નામની ટીમે ફાઇનલમાં ટ્રેન્ટ રૉકેટ્સને પરાજિત કરી હતી, જ્યારે આ ટૂર્નામેન્ટમાં મહિલાઓની સ્પર્ધામાં નૉર્ધર્ન સુપરચાર્જર્સે સધર્ન બ્રેવ સામે ફાઇનલમાં વિજય મેળવ્યો હતો. ■

# ઑલિમ્પિક્સનો મેડલ જીતી હોત તો હું ક્યારની નિવૃત્ત થઈ ગઈ હોતઃ લવલીના



નવી દિલ્હીઃ ભારતની વર્લ્ડ ચૅમ્પિયન મહિલા મુક્કાબાજ લવલીના બાર્ગોહેઇને કહ્યું છે કે ‘હું ૨૦૨૪ની પૅરિસ ઑલિમ્પિક્સમાં મેડલ જીતી હોત તો મેં એ સિદ્ધિ મેળવ્યા પછી તરત જ બૉક્સિંગમાંથી નિવૃત્તિ લઈ લીધી હોત, પરંતુ એ સપનું પૂરું ન થતાં મેં રિટાયરમેન્ટનો નિર્ણય માંડી વાળ્યો હતો.’

આસામ રાજ્યની લવલીના મહિલા બૉક્સિંગમાં ૭૫ કિલો વર્ગમાં વર્લ્ડ ચૅમ્પિયન છે. તે ૨૦૨૦ની ટોક્યો ઑલિમ્પિક્સમાં બ્રૉન્ઝ મેડલ જીતી હતી. તે ૨૭ વર્ષની છે અને તે હવે ૨૦૨૮માં લૉસ ઍન્જલસમાં કરીઅરનો બીજો ઑલિમ્પિક મેડલ મેળવવા મક્કમ છે.

લવલીના પૅરિસની ઑલિમ્પિક ગેમ્સમાં ક્વૉર્ટર ફાઇનલમાં હારી ગઈ હતી. તેણે પીટીઆઇને કહ્યું, ‘હું પૅરિસમાં ગોલ્ડ મેડલ જીતી શકી હોત, કારણકે જે પણ બૉક્સર ગોલ્ડ, સિલ્વર અને બ્રૉન્ઝ જીતી હતી એ ત્રણેયને ભૂતકાળમાં હું હરાવી ચૂકી હતી એટલે તેમને હરાવવાનું મારા માટે અઘરું ન હોત. જોકે મારી સફર ક્વૉર્ટર ફાઇનલમાં જ અટકી ગઈ હતી.’

શું તમે ૨૦૨૮ની લૉસ ઍન્જલસ ઑલિમ્પિક્સમાં મેડલ જીતશો તો રિટાયર થઈ જશો? એવા સવાલના જવાબમાં લવલીનાએ કહ્યું, ‘હા, એ સંભવ છે.’

ચોથી સપ્ટેમ્બરે ઇંગ્લૅન્ડના લિવરપૂલમાં વર્લ્ડ ચૅમ્પિયનશિપ શરૂ થશે અને લવલીના એ સાથે ૨૦૨૮ની ઑલિમ્પિક્સના મેડલ માટેનું મિશન શરૂ કરશે. હાલમાં તે ધૈર્ય તથા શક્તિ પર બધુ લક્ષ આપી રહી છે તેમ જ હરીફ ખેલાડીઓ વિશેનું વિશ્લેષણ કરવામાં બિઝી છે. તે ઑલિમ્પિક્સનો તેમ જ વર્લ્ડ ચૅમ્પિયનશિપનો અને એશિયન સ્પર્ધાઓના મેડલ જીતી ચૂકી હોવા છતાં હજી વધુ મેડલની તલાશમાં છે. તેણે પીટીઆઇને કહ્યું, ‘મને મુક્કાબાજીની એવી આદત પડી છે કે વધુ ને વધુ ચંદ્રકો જીતવાની મારી ઇચ્છા છે. હવે હું ઘણા દિવસે પાછી રિંગમાં જોવા મળીશ. છેલ્લા ઘણા અઠવાડિયા હું મારી બૉક્સિંગની ઍકેડેમીમાં વ્યસ્ત હતી.’ ■

# જીડીપીના ડેટા મજબૂત આવતા તમામ ક્ષેત્રના શૅરોમાં વૅલ્યૂ બાઈંગઃ સેન્સેક્સ ૫૫૫ પૉઈન્ટ ઉછળ્યો, નિફ્ટીમાં ૧૯૮ પૉઈન્ટની તેજી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વર્તમાન નાણાકીય વર્ષના પહેલા ત્રિમાસિકગાળાનો જીડીપી બજારની અપેક્ષા કરતાં મજબૂત ૭.૮ ટકાની સપાટીએ રહ્યો હોવાના ગત શુક્રવારના મોડી સાંજના અહેવાલોને ધ્યાનમાં લેતા આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં તમામ ક્ષેત્રના શૅરોમાં વૅલ્યૂ બાઈંગ નીકળતાં બૉમ્બે સ્ટોક એક્સચેન્જના ૩૦ શૅરના બૅન્ચમાર્ક સેન્સેક્સમાં અને નેશનલ સ્ટોક એક્સચેન્જના ૫૦ શૅરના બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૫૫૪.૮૪ પૉઈન્ટનો અને ૧૯૮.૨૦ પૉઈન્ટનો ઉછાળો આવ્યો હતો, જેમાં સેન્સેક્સે પુનઃ ૮૦,૦૦૦ની સપાટી અને નિફ્ટીએ ૨૪,૬૦૦ની સપાટી પાર કરી હતી.

પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ ગત શુક્રવારના ૭૯,૮૦૯.૬૫ના બંધ સામે સાધારણ સુધારા સાથે ૭૯,૮૨૮.૯૯ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૭૯,૮૧૮.૩૮ અને ઉપરમાં ૮૦,૪૦૬.૮૪ની રેન્જમાં અથડાઈને અંતે આગલા બંધ સામે ૫૫૪.૮૪ પૉઈન્ટ અથવા તો ૦.૭૦ ટકા વધીને ૮૦,૩૬૪.૪૯ની સપાટીએ બંધ રહ્યો હતો. તે જ પ્રમાણે એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી ગત શુક્રવારના ૨૪,૪૨૬.૮૫ના બંધ સામે સુધારા સાથે ૨૪,૪૩૨.૭૦ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૨૪,૪૩૨.૭૦ અને ઉપરમાં ૨૪,૬૩૫.૬૦ની રેન્જમાં રહ્યા બાદ અંતે આગલા બંધ સામે ૦.૮૧ ટકા અથવા તો ૧૯૮.૨૦ પૉઈન્ટ વધીને ૨૪,૬૨૫.૦૫ની સપાટીએ બંધ રહ્યો હતો.




અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ભારતથી થતી આયાત પર લાદેલી ઊંચી ટૅરિફ પૂર્વે વર્તમાન નાણાકીય વર્ષનાં પહેલા ત્રિમાસિકગાળા અર્થાત્ ગત એપ્રિલથી જૂન દરમિયાન ભારતનો જીડીપી છેલ્લાં પાંચ ત્રિમાસિકગાળાની ઝડપી વૃદ્ધિ સામે ૭.૮ ટકાની સપાટીએ રહ્યો હોવાના અહેવાલો સાથે વૈશ્વિક સ્તરે પ્રવર્તી રહેલી અનિશ્ચિતતા વચ્ચે પણ રોકાણકારોનો ભારતીય અર્થતંત્ર પર વિશ્વાસ વધતાં બજાર પર સકારાત્મક અસર જોવા મળી હોવાનું જિઓજીત ઈન્વેસ્ટમેન્ટ લિ.નાં રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવતાં ઉમેર્યું હતું કે પ્રોત્સાહક જીડીપી ઉપરાંત આગામી જીએસટી કાઉન્સિલની બેઠકમાં જીએસટીનાં દરનું તાર્કિકીકરણ થતાં હવે માત્ર બે જ સ્લેબમાં દર રહે તેમ હોવાથી ઑટોમોબાઈલ તથા કન્ઝ્યુમર ડ્યુરેબલ સેગ્મેન્ટમાં જીએસટીના દરમાં ઘટાડાના આશાવાદને કારણે પણ રોકાણકારોના વલણમાં બદલાવ આવતાં બજારની તેજીને ટેકો મળ્યો હતો.

છેલ્લા ત્રણ સત્રથી ઈક્વિટી માર્કેટમાં ઑલ ફૉલ ડાઉનનુ વલણ રહ્યા બાદ પહેલા ત્રિમાસિકગાળાના જીડીપીમાં જોવા મળેલી નોંધપાત્ર વૃદ્ધિ અને જીએસટી કાઉન્સિલની બેઠકમાં જીએસટીના દરમાં થનારા સંભવિત ફેરફારોને ધ્યાનમાં લેતા બજારમાં બાઉન્સબૅક જોવા મળ્યું હતું. જોકે, વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં જળવાઈ રહેલી અવિરત વેચવાલી અને ડૉલર સામે રૂપિયામાં થઈ રહેલા સતત ધોવાણને કારણે બજારમાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું મહેતા ઈક્વિટીઝ લિ.ના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ પ્રશાંત તાપ્સેએ જણાવ્યું હતું.

આજે બીએસઈ ખાતે કુલ ૪૩૮૦ શૅરોમાં કામકાજ થયા હતા, જેમાંથી ૨૭૯૫ શૅરના ભાવ વધીને, ૧૩૯૧ શૅરના ભાવ ઘટીને અને ૧૯૪ શૅરના ભાવ ટકેલા ધોરણે બંધ રહ્યા હતા. તેમ જ આજે ૧૨૯ શૅરના ભાવ બાવન સપ્તાહની ટોચે અને ૧૧૩ શૅરના ભાવ બાવન સપ્તાહના તળિયે પહોંચ્યા હતા. તથા ૧૧ શૅરના ભાવમાં ઉપલી અને છ શૅરના ભાવમાં નીચલી સર્કિટ લાગી હતી. વધુમાં આજે સેન્સેક્સ હેઠળના માત્ર સાત શૅરના ભાવ ઘટીને અને ૨૩ શૅરના ભાવ વધીને બંધ રહ્યા હતા. આજે મુખ્ય વધનાર શૅરોમાં સૌથી વધુ ૩.૬૫ ટકાનો ઉછાળો મહિન્દ્રા ઍન્ડ મહિન્દ્રામાં જોવા મળ્યો હતો. ત્યાર બાદ અનુક્રમે ટાટા મોટર્સમાં ૩.૧૭ ટકાનો, ટ્રેન્ટમાં ૨.૭૧ ટકાનો, ઈટર્નલમાં ૨.૨૩ ટકાનો, એશિયન પેઈન્ટ્સમાં ૨.૧૩ ટકાનો અને ઈન્ફોસિસમાં ૨.૦૪ ટકાનો સુધારો આવ્યો હતો. આ સિવાય ઘટનાર શૅરોમાં સૌથી વધુ ૧.૮૭ ટકાનો ઘટાડો સન ફાર્મામાં જોવા મળ્યો હતો. ત્યાર બાદ અનુક્રમે આઈટીસીમાં ૦.૯૯ ટકાનો, હિન્દુસ્તાન યુનીલિવરમાં ૦.૪૪ ટકાનો, ટિટાનમાં ૦.૨૮ ટકાનો, રિલાયન્સમાં ૦.૨૪ ટકાનો, એચડીએફસી બૅન્કમાં ૦.૦૮ ટકાનો અને લાર્સન ઍન્ડ ટુબ્રોમાં ૦.૦૨ ટકાનો ઘટાડો નોંધાયો હતો.

વધુમાં આજે બીએસઈ મિડકેપ ઈન્ડેક્સમાં ૧.૬૪ ટકાનો અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૧.૪૯ ટકાનો ઉછાળો આવ્યો હતો. તેમ જ આજે બીએસઈ ખાતેના સેક્ટોરિયલ ઈન્ડેક્સમાં ઑટો ઈન્ડેક્સમાં ૨.૬૮ ટકાનો, કન્ઝ્યુમર ડ્યુરેબલ ઈન્ડેક્સમાં ૨.૦૭ ટકાનો, કન્ઝ્યુમર ડિસ્ક્રેશનરી ઈન્ડેક્સમાં બે ટકાનો, કેપિટલ ગૂડ્સ ઈન્ડેક્સમાં ૧.૯૩ ટકાનો, પાવર ઈન્ડેક્સમાં ૧.૮૦ ટકાનો, બીએસઈ ફોકસ્ડ આઈટી ઈન્ડેક્સમાં ૧.૬૫ ટકાનો અને બીએસઈ આઈટી ઈન્ડેક્સમાં ૧.૬૨ ટકાનો સુધારો આવ્યો હતો.

દરમિયાન આજે એશિયન બજારોમાં શાંઘાઈના એસએસઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ અને હોંગકોંગના હેન્ગસેન્ગ ઈન્ડેક્સ સુધારા સાથે બંધ રહ્યા હતા, જ્યારે દક્ષિણ કોરિયાના કોસ્પી અને જાપાનના નિક્કીમાં ઘટાડો જોવા મળ્યો હતો. તેમ જ આજ યુરોપના બજારોમાં પણ સુધારાતરફી વલણ જોવા મળ્યું હોવાના અહેવાલ હતા. વધુમાં આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ આગલા બંધ સામે ૦.૯૨ ટકા વધીને બેરલદીઠ ૬૮.૧૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૧૪ પૈસા નબળો પડીને ૮૮.૨૩ આસપાસના મથાળે રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# ડૉલર સામે રૂપિયો વધુ છ પૈસા તૂટીને નવી નીચી સપાટીએ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ છતાં બ્રેન્ટ ક્રૂડતેલના ભાવમાં વધારો, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની અવિરત વેચવાલી અને અમેરિકા-ભારત વચ્ચે વેપાર અંગે પ્રવર્તી રહેલી અનિશ્ચિતતા વચ્ચે આયાતકારોની ડૉલરમાં વ્યાપક લેવાલી રહેતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયો વધુ છ પૈસા તૂટીને ૮૮.૧૫ની નવી નીચી સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં જોવા મળેલા સુધારાતરફી વલણ રહ્યું હોવાથી રૂપિયામાં ધોવાણ મર્યાદિત રહ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત શુક્રવારના ૮૮.૦૯ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૮૮.૧૮ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૮.૩૩ અને ઉપરમાં ૮૮.૧૩ની રેન્જમાં અથડાઈને અંતે છ પૈસાના ઘટાડા સાથે ૮૮.૧૫ના મથાળે બંધ રહ્યો હતો. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે આ પૂર્વે ગત શુક્રવારે ડૉલર સામે રૂપિયો ૮૮.૦૯ની ઐતિહાસિક નીચી સપાટીએ બંધ રહ્યો હતો. એકંદરે આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં મજબૂત વલણ અને ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ જોવા મળ્યું હોવાથી ડૉલર સામે રૂપિયો ૮૮.૩૩ના તળિયેથી પાછો ફર્યો હોવાનું મિરે એસેટ્સ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે જો આગામી દિવસોમાં ડૉલર ઈન્ડેક્સ વધુ નબળો પડે તો સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ૮૭.૮૫થી ૮૮.૫૦ આસપાસની રેન્જમાં રહે તેવી શક્યતા નકારી ન શકાય. તેમ છતાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં સુધારો અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલીનું દબાણ જળવાઈ રહે તો રૂપિયો વધુ દબાણ હેઠળ પણ આવી શકે છે, એમ તેમણે ઉમેર્યું હતું.

દરમિયાન આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૦.૯૯ ટકા વધીને બેરલદીઠ ૬૮.૧૫ આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ ગત શુક્રવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૮૩૧૨.૬૬ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાના નિર્દેશ અને આયાતકારોની ડૉલરમાં વ્યાપક લેવાલી રહેતાં રૂપિયો ગબડ્યો હતો. તેમ છતાં આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ૦.૧૪ ટકા ઘટીને ૯૭.૬૩ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હોવાથી અને સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૫૫૪.૮૪ પૉઈન્ટ અને ૧૯૮.૨૦ પૉઈન્ટ વધી આવ્યા હોવાથી તેમ જ ગત ઑગસ્ટ મહિનામાં ઉત્પાદન ક્ષેત્રના એચએસબીસી પીએમઆઈ આંક આગલા જુલાઈ મહિનાના ૫૯.૧ સામે વધીને ૫૯.૩ની સપાટીએ રહ્યો હોવાના અહેવાલને ધ્યાનમાં લેતા રૂપિયામાં ધોવાણ મર્યાદિત રહ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# પ્રબળ માગને ટેકે ઑગસ્ટ મહિનામાં ઉત્પાદનમાં ૧૭ વર્ષનો ઝડપી ઉછાળો

નવી દિલ્હીઃ ગત ઑગસ્ટ મહિનામાં પ્રબળ માગ સાથે ઉત્પાદન ક્ષેત્રમાં અસરકારક વૃદ્ધિ રહેતાં ઉત્પાદનનાં આંકમાં ૧૭ વર્ષનો સૌથી ઝડપી વધારો જોવા મળ્યો છે.

ગત ઑગસ્ટ મહિનાનો સિઝનલી એડજસ્ટેડ એચએસબીસી ઈન્ડિયા મેન્યુફેક્ચરિંગ પર્ચેઝિંગ મેન્યુફેક્ચરર્સ ઈન્ડેક્સ (પીએમઆઈ આંક) આગલા જુલાઈ મહિનાના ૫૯.૧ પૉઈન્ટ સામે વધીને ૫૯.૩ની સપાટીએ રહ્યો છે, જે કાર્યકારી સ્થિતિમાં સાડા સત્તર વર્ષનો સૌથી ઝડપી સુધારો દર્શાવે છે. નોંધનીય બાબત એ છે કે ૫૦ની ઉપરનો આંક જે તે ક્ષેત્રમાં વિસ્તરણનો અને ૫૦ની નીચેનો આંક ઘટાડાનો નિર્દેશ આપતો હોય છે.

ભારતનો ગત ઑગસ્ટ મહિનાનો પીએમઆઈ આંક ખાસ કરીને સતત ઉત્પાદનમાં થઈ રહેલા વિસ્તરણને ટેકે નવી ઊંચી સપાટીએ રહ્યો હતો. જોકે, અમેરિકાની ટૅરિફ વધીને ૫૦ ટકા થઈ હોવાથી અમેરિકી નિકાસકારોનાં નવાં ઓર્ડરો આપવાથી દૂર રહ્યા હોવાથી ઓર્ડરોની માત્રામાં ઘટાડો જોવા મળ્યો હોવાનું એચએસબીસીનાં ચીફ ઈન્ડિયા ઈકોનોમિસ્ટ પ્રાંજૂલ ભંડારીએ જણાવ્યું હતું. અમેરિકાએ ભારતથી આયાત થતાં ઉત્પાદનો પર ૨૫ ટકા ટૅરિફ ઉપરાંત ભારતની રશિયાથી થઈ રહેલી ખરીદી પેટેની ૨૫ ટકા પેનલ્ટી સહિત કુલ ૫૦ ટકા ટૅરિફ લાદી હોવાથી ભારતનાં નિકાસ ઓર્ડરમાં વધારાની ગતિ ધીમી પડી છે. તેમ જ આ વૃદ્ધિ પાંચ મહિનાની સૌથી વધુ નબળી વૃદ્ધિ રહી હતી. જોકે, ઘણી કંપનીઓ એશિયા, યુરોપ, મધ્ય પૂર્વ અને અમેરિકા તરફથી નવાં ઓર્ડરો લેવામાં સફળ પણ રહી છે. વધુમાં ચીફ ઈકોનોમિક એડવાઈઝર વી અનંથા નાગેશ્વરને જણાવ્યું હતું કે અમેરિકા દ્વારા લાદવામાં આવેલી ઊંચી ટૅરિફ ૨૭મી ઑગસ્ટથી અમલી બની હોવાથી તેની અસરો બીજા અને ત્રીજા ત્રિમાસિકગાળા પર જોવા મળે તેમ જણાય છે. આ સિવાય સર્વેક્ષણમાં જણાવ્યાનુસાર ગત ઑગસ્ટ મહિનામાં કંપનીઓએ ઉત્પાદન માટેના અતિરિક્ત મટિરિયલની ખરીદી કરવાની સાથે વધુ રોજગારોનું નિર્માણ પણ કર્યું હતું. ■

# ખાંડમાં ખપપૂરતી માગે ટકેલું વલણ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગ જળવાઈ રહેતાં હાજરમાં તેમ જ નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ જોવા મળ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની તેમ જ રિટેલ સ્તરની છૂટીછવાઈ માગ જળવાઈ રહેતાં ઉપાડ પણ લગભગ ૨૭થી ૨૮ ટ્રક આસપાસનો જળવાઈ રહ્યો હતો. આમ એકંદરે માગને ટેકે હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૦૪૨થી ૪૦૯૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૦૯૨થી ૪૧૮૨માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે પણ ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૫૦થી ૩૯૮૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૦૦૦થી ૪૦૪૦માં ટકેલા ધોરણે થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# આયાતી, દેશી તેલમાં માગને ટેકે ધીમો સુધારો

## ઑગસ્ટમાં મલયેશિયાની પામતેલની નિકાસમાં ૧૦ ટકાની વૃદ્ધિ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના વાયદામાં ૭૨ રિંગિટનો ઘટાડો આવ્યો હોવા છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં સપ્તાહના આરંભે હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે છૂટાછવાયા વેપારો ગોઠવાયા હોવાથી એકમાત્ર સન રિફાઈન્ડ અને સિંગતેલમાં રહેલા ટકેલા વલણને બાદ કરતા અન્ય દેશી-આયાતી તેલના ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું, જેમાં ૧૦ કિલોદીઠ સરસવમાં રૂ. ૨૫, સોયા રિફાઈન્ડમાં રૂ. ૧૫, કપાસિયા રિફાઈન્ડમાં રૂ. ૧૦ અને આરબીડી પામોલિનમાં રૂ. પાંચનો સુધારો આવ્યો હતો.

દરમિયાન આજે કાર્ગો સર્વેયર ઈન્ટરટેક સર્વિસીસ દ્વારા જાહેર કરવામાં આવેલી પ્રાથમિક આંકડાકીય માહિતી અનુસાર ગત ઑગસ્ટ મહિનામાં મલયેશિયાની પામતેલની નિકાસ આગલા જુલાઈ મહિનાના ૧૩,૭૧,૭૫૯ ટન સામે ૧૦.૨૨ ટકા વધીને ૧૪,૨૧,૪૮૬ ટનની સપાટીએ રહી હોવાનું જણાવ્યું હતું.



આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે આયાતી તેલના ૧૦ કિલોદીઠ ભાવમાં ઈમામીના આરબીડી પામોલિનના રૂ. ૧૨૫૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૪૧૦, એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૨૫૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૪૧૫, ગોકુલ એગ્રોના આરબીડી પામોલિનના રૂ. ૧૨૫૩, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૬૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૪૧૦, ભારત ફૂડ્ઝના આરબીડી પામોલિનના રૂ. ૧૨૫૦ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૪૫, એવીઆઈના આબીડી પામોલિનના રૂ. ૧૨૩૫થી ૧૨૪૦ અને રિલાયન્સ કન્ઝ્યુમરના સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૦૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૪૨૫ના મથાળે રહ્યા હતા. તેમ જ છૂટાછવાયા વેપારો ગોઠવાયાના અહેવાલ હતા.

ગુજરાતમાં ગોંડલ મથકે આજે મગફળીની ૧૨૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૦૦૦થી ૧૧૨૦માં થયા હતા, જ્યારે રાજકોટ મથકે ૧૦૦૦ ગૂણી મગફળીની આવક સામે વેપાર મણદીઠ ૧૦૦૦થી ૧૧૦૦ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે સ્થાનિકમાં હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૭૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૭૫, સન રિફાઈન્ડના રૂ. ૧૪૧૦, સિંગતેલના રૂ. ૧૩૬૫, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૩૫ અને સરસવના રૂ. ૧૫૭૫ના મથાળે રહ્યા હતા. આ સિવાય આજે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૧૩૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૩૨૫માં ટકેલા ધોરણે થયા હતા. ■

# નિકલમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલીએ ₹૧૫ ઊછળ્યા, અન્ય ધાતુમાં પાંખાં કામકાજ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ સાથે કોપર સહિતની ચોક્કસ ધાતુઓમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાના અહેવાલ છતાં સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે એકંદરે પાંખાં કામકાજો રહ્યા હતા. તેમ છતાં આજે મુખ્યત્વે નિકલ અને ટીનમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલીને ટેકે ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૫ અને અને રૂ. ચારનો સુધારો આવ્યો હતો. આ સિવાય છૂટીછવાઈ વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ઝિન્ક સ્લેબ અને કોપરની અમુક વેરાઈટીઓના ભાવમાં કિલોદીઠ રૂ. એકથી બેનો સુધારો આવ્યો હતો, જ્યારે અન્ય તમામ ધાતુઓમાં ટકેલું વલણ જોવા મળ્યું હતું.



બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ખાસ કરીને નિકલમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૧૫ની તેજી સાથે રૂ. ૧૩૭૦ના મથાળે રહ્યા હતા. આ સિવાય વપરાશકાર ઉદ્યોગ, સ્થાનિક ડીલર અને સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલીને ટેકે ટીનના ભાવ કિલોદીઠ રૂ. ચાર વધીને રૂ. ૩૧૬૫, કોપર કેબલ સ્ક્રેપ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને અનુક્રમે રૂ. ૮૬૨ અને રૂ. ૨૭૫ તથા કોપર સ્ક્રેપ હેવી અને કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૮૫૦ અને રૂ. ૮૩૬ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ, કોપર વાયરબાર, બ્રાસ શીટ કટિંગ્સ, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને લીડ ઈન્ગોટ્સમાં ખપપૂરતી છૂટીછવાઈ માગ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૭૭૦, રૂ. ૯૪૧, રૂ. ૬૧૫, રૂ. ૫૬૫, રૂ. ૨૧૫, રૂ. ૨૬૦ અને રૂ. ૧૮૫ના મથાળે ટકેલા રહ્યા હોવાનું બજાર વર્તુળોએ જણાવ્યું હતું. ■

# ચાઈનીઝ એન્જિનિયરિંગ ચીજો પર એન્ટિ ડમ્પિંગ ડ્યૂટીની ભલામણ

નવી દિલ્હીઃ વાણિજ્ય મંત્રાલય હેઠળની તપાસકર્તા એજન્સી ડિરેક્ટોરેટ જનરલ ઑફ ટ્રેડ રેમેડિઝ (ડીજીટીઆર)એ આજે એલિવેટર યંત્રણાનાં ઉપયોગમાં આવતી અને ચીનથી આયાત થતી એન્જિનિયરિંગ ચીજ પર પાંચ વર્ષ માટે એન્ટિ ડમ્પિંગ ડ્યૂટી લાદવાની ભલામણ કરી છે. સ્થાનિક ઉત્પાદકો દ્વારા કરવામાં આવેલી ફરિયાદને ધ્યાનમાં લેતાં ડીજીટીઆરએ તપાસનાં અંતે જણાવ્યું હતું કે ચીનથી આયાત થતી ટી શેપ એલિવેટર/લિફ્ટ ગાઈડ રેલિઝ અને કાઉન્ટરવેઈટ ગાઈડ રેલિઝ સાધારણ કરતાં નીચા ભાવથી થઈ રહી હોવાથી સીઆઈએફ મૂલ્યનાં ૨૪.૧૧ ટકાથી ૫૧.૮૭ ટકા એન્ટિ ડમ્પિંગ ડ્યૂટીની ભલામણ કરવામાં આવી છે. વધુમાં ડીજીટીઆરએ નોટિફિકેશનમાં જણાવ્યું છે કે ચાઈના પીઆરથી આયાત થતાં આ ઉત્પાદનો પર પાંચ વર્ષ માટે એન્ટી ડમ્પિંગ ડ્યૂટી લાદવા માટે ભલામણ કરવામાં આવી છે. ■

# ફિલિપાઈન્સ ખાતે ચોખાની નિકાસ વધારવા પ્રયાસ કરતું ભારત

નવી દિલ્હીઃ ચોખાના વૈશ્વિક અગ્રણી આયાતકાર દેશ ફિલિપાઈન્સ ખાતે ચોખાની નિકાસ વધારવા અને તક અંકે કરવા ટોચના નિકાસકારોનું પ્રતિનિધિમંડળ આ મહિને દક્ષિણપૂર્વ એશિયન દેશની મુલાકાત લેનાર છે, એમ એક અધિકારીએ જણાવ્યું હતું. નોંધનીય બાબત એ છે કે ભારતીય કૃષિ ઉત્પાદનોની નિકાસ માટે ફિલિપાઈન્સ એક મહત્ત્વની બજાર છે. પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર ગત વર્ષ ૨૦૨૪માં ફિલિપાઈન્સે અંદાજે ૨૦ અબજ ડૉલરનાં મૂલ્યની કૃષિ ચીજોની આયાત કરી હતી, જેમાં મુખ્યત્વે અર્ધ મિલિંગ થયેલા ચોખા, ઘઉં અને મેસ્લિન, ખોળ, પામતેલ અને ખાદ્ય બનાવવા માટેની સામગ્રીઓનો સમાવેશ થાય છે. તેમાંથી ભારતે વર્ષ ૨૦૨૪માં ફિલિપાઈન્સની કુલ કૃષિ આયાત પૈકી માત્ર બે ટકા જેટલી અથવા તો ૪૧.૩ કરોડ ડૉલરના મૂલ્યની નિકાસ કરી હતી. તેમાં મુખ્યત્વે બોવાઈન માંસ, મગફળી, ચોખા અને તંબાકુનો સમાવેશ થતો હતો.

ફિલિપાઈન્સ ચોખાનો વૈશ્વિક અગ્રણી આયાતકાર દેશ છે અને વર્ષ ૨૦૨૫માં ૨.૫૨ અબજ ડૉલરના મૂલ્યના ચોખાની આયાત કરી હતી. વર્ષ ૨૦૨૪-૨૫માં ૧૧.૮૩ અબજ ડૉલરના ચોખાની નિકાસ સાથે ભારત વૈશ્વિક અગ્રણી નિકાસકાર દેશ રહ્યો હોવા છતાં ફિલિપાઈન્સ ખાતે માત્ર ૪.૮૯૧ કરોડ ડૉલરના મૂલ્યના ચોખાની નિકાસ થઈ હોવાથી ભારત પાસે નિકાસ વધારવાની પ્રચૂર તકો હોવાનું અધિકારીએ ઉમેર્યું હતું.

આમ ફિલિપાઈન્સ ખાતે નિકાસની તક અંકે કરવા માટે સપ્ટેમ્બર મહિનાના આરંભમાં ચોખાના અગ્રણી નિકાસકારો ઉપરાંત કાંદા-બટાટા જેવા શાકભાજી તથા માંસના નિકાસકારોનું પ્રતિનિધિમંડળ ફિલિપાઈન્સની મુલાકાત લેશે, એમ વાણિજ્ય મંત્રાલયના એક અધિકારીએ જણાવતાં ઉમેર્યું હતું કે આ ઉપરાંત ફિલિપાઈન્સ ખાતેના ખાદ્ય ચીજોનાં આયાતકારો આગામી ૨૫થી ૨૮ સપ્ટેમ્બર દરમિયાન યોજાનારા ટ્રેડ ફેર 'વર્લ્ડ ફૂડ ઈન્ડિયા' અને ૩૦-૩૧ ઑક્ટોબરના રોજ યોજાનાર ઈન્ટરનેશનલ રાઈસ કોન્ફરન્સમાં પણ ભાગ લેશે, એમ તેમણે ઉમેર્યું હતું.

વધુમાં કોમનવેલ્થ ઑફ ઈન્ડિપેન્ડન્ટ સ્ટેટ્સ (સીઆઈએસ) ભારતીય કૃષિ અને પ્રોસેસ્ડ ફૂડ ઉત્પાદનો માટેનું મુખ્ય બજાર રહ્યું હતું. વર્ષ ૨૦૨૩-૨૪માં સીઆઈએસ ખાતેની નિકાસ જે ૪૮ કરોડ ડૉલરના સ્તરે હતી તે વર્ષ ૨૦૨૪-૨૫માં વધીને ૬૨.૮ કરોડ ડૉલરની સપાટીએ રહી હોવાનું તેમણે જણાવતાં ઉમેર્યું હતું કે સીઆઈએસ અંતર્ગત રશિયા સૌથી મોટો વેપારી ભાગીદાર દેશ રહ્યો હતો. ■



રાજકોટમાં નવરાત્રી મહોત્સવમાં વિધર્મીઓના પ્રવેશ નિષેધની માગ ઊઠી છે. આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ દ્વારા આ મુદ્દે પોલીસ કમિશનરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. (તસ્વીરઃ પ્રવિણ સેદાણી, રાજકોટ)

# સાયબર ક્રિમિનલોએ ગાંધીધામના યુવાનના સ્માર્ટફોનને હેક કરી, બૅન્કના સોફ્ટવેર મારફતે ૨.૨૨ લાખ રૂપિયા બારોબાર ઉપાડી લીધા!

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ઓનલાઇન ઠગીના બનાવો સતત વધી રહ્યા છે તેવામાં સરહદી કચ્છના ગાંધીધામમાં રહેતા એક યુવકના સ્માર્ટફોનને સાયબર ક્રિમિનલોએ હેક કરી, ફોનમાં ઇન્સ્ટોલ કરેલા બેંકના સોફટવેરમાંથી બારોબાર ૨.૨૨ લાખ રૂપિયા ઉપાડી લીધા હોવાનો ચોંકાવનારો કિસ્સો બહાર આવ્યો હતો.

આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર, ગાંધીધામના નવી સુંદરપુરી વિસ્તારમાં રહેતા અમરત અરજણ સોલંકીને ગત તા.૨૪-૪ના રોજ તેના કેનેરા બેંકના ખાતામાંથી રૂ. ૨૦૦૦ ઉપડી ગયાનો સંદેશો પ્રાપ્ત થયો હતો. પોતે કોઈ ટ્રાન્ઝેક્શન કર્યું ન હોવાથી તેણે બેંકના સોફ્ટવેરને ઓપન કર્યું પણ તેનો ફોન હેન્ગ થઇ જતાં તે ઓપન થયું નહીં. ત્યારબાદ ગૂગલ-પે મારફતે બેલેન્સની તપાસ કરતાં જાણ બહાર વધુ રૂ. ૨,૨૦,૦૦૦ ઉપડી ગયાનું તેના ધ્યાને આવ્યું હતું.

આ ભોગ બનનાર બૅન્કમાં દોડી ગયો હતો અને તપાસ કરતાં અજ્ઞાત સાયબર ક્રિમિનલોએ તેનો સ્માર્ટફોન હેક કરીને પૈસા ઉપાડી લીધા હોવાનું બેંકના અધિકારીએ જણાવ્યું હતું.

ત્યારબાદ સ્માર્ટફોનને ફેક્ટરી રીસેટ કરી, ફરીથી બૅન્કનું સોફટવેર ઈન્સ્ટોલ કરીને ટ્રાન્ઝેક્શન હિસ્ટ્રી ચકાસવામાં આવી હતી જેમાં કોઈ પ્રિન્સ કુમાર નામના અજ્ઞાત વ્યક્તિના એચ.ડી.એફ.સી. બેંકના ખાતામાં આઈએમપીએસ મારફતે આ નાણાં ટ્રાન્સફર થયેલા જોવા મળ્યા હતા. નવાઈ પમાડતી બાબત એ છે કે, ભોગ બનનારા યુવકને બૅન્ક તરફથી ઓટીપી (વન ટાઈમ પાસવર્ડ) પણ પ્રાપ્ત થયો નહોતો.ઠગાઈ-છેતરપિંડીના આ ચિંતાજનક બનાવ અંગે એ-ડિવિઝન પોલીસે આઇટી એક્ટ તળે ફરિયાદ નોંધી, આગળની તપાસ હાથ ધરી છે.

# રાજકોટમાં ગરબામાં લઘુમતીઓને નો એન્ટ્રી સાથે પોલીસ કમિશનરને રજૂઆત કરવામાં આવી

અમદાવાદઃ નવરાત્રિને ગણતરીના જ દિવસો બાકી રહ્યા છે ત્યારે રાજકોટમાં ગરબાના આયોજનમાં લઘુમતીઓને નો એન્ટ્રીની માગ સાથે આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના કાર્યકર્તાઓ દ્વારા પોલીસ કમિશનરને રજૂઆત કરવામાં આવી હતી. આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદમાં બજરંગ દળના ગૌરક્ષાના રાજકોટ જિલ્લાના સૂત્રોએ જણાવ્યું કે, નવરાત્રિમાં લવ જેહાદ અટકાવવા માટે પોલીસ કમિશનરને રજૂઆત કરી છે. નવરાત્રિએ સનાતનીઓનો તહેવાર છે અને તેમાં લઘુમતીઓ હિન્દુ દીકરીઓને ફસાવી લવ જેહાદનો શિકાર બનાવે છે.

નવરાત્રિમાં ડિસ્કો-ડાંડિયાના આયોજનમાં લઘુમતીઓને પ્રવેશ નિષેધ કરવામાં આવે તેવી અમારી માગ છે. આ લોકો મૂર્તિ પૂજામાં માનતા નથી અને સનાતન ધર્મમાં પણ તેઓ માનતા નથી. આવા બધા લોકો ત્યાં શા માટે આવે છે. આ બાબતે અમે પોલીસ કમિશનરને રજૂઆત કરી છે, આગામી સમયમાં અમે ગરબા આયોજકોને પણ રજૂઆત કરીશું.

આ ઉપરાંત હાલના સમયમા સનાતન ધર્મની બહેનો અને દીકરીઓ ઉપર આ તહેવારનો ફાયદો લઇને લઘુમતીઓ સનાતની દીકરીઓને પોતાની પ્રેમજાળમાં ફસાવે છે અને ત્યારબાદ તેનું ધર્માંતરણ કરાવે છે. આ ડિસ્કો-દાંડિયા એ જેહાદી માનસિકતા ધરાવતા લોકોને માટે પ્લેટફોર્મ પૂરું પાડે છે. દર વર્ષે કેટલીય દીકરીઓ આ જેહાદનો શિકાર બને છે. ડિસ્કો-ડાંડિયામાં સનાતનીઓ સિવાય લઘુમતીઓનો પ્રવેશ નિષેધ કરવામાં આવે તેવી અમારી માગણી છે.

જે જગ્યાએ નવરાત્રિના આયોજન થશે, ત્યાં લઘુમતીઓને શોધીને બહાર કાઢવામાં આવશે અને હિન્દુ દીકરીઓના માતા-પિતાને સમજાવવાનો પ્રયત્ન કરવામાં આવશે. સૂત્રોએ જણાવ્યું કે, નવરાત્રિ દરમિયાન આ પ્રકારના લઘુમતી લોકોને એન્ટ્રી આપવામાં આવશે તો અમે પોલીસને સાથે રાખી લોકતાંત્રિક રીતે આ લઘુમતી લોકોને બહાર કાઢીશું.

# ભાવનગરમાં છેલ્લા બે વર્ષથી સોલાર પાવર પ્લાન્ટમાંથી ચોરી કરતી ગેંગ ઝડપાઇ, રૂ.૧૦.૧૭ લાખ નો મુદ્દામાલ જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જિલ્લા એલ.સી.બી./ પેરોલ ફર્લો સ્કવોડના પોલીસ સ્ટાફના માણસો ભાવનગર ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં. તે દરમ્યાન પોલીસ સ્ટાફને મળેલ બાતમીને આધારે ભાવનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષથી રાત્રી દરમ્યાન સોલાર પાવર પ્લાન્ટમાંથી પેનલના કેબલ વાયરની ચોરી કરતાં સક્રિય ઇસમોની ટોળકીના કુલ ૬ ઇસમોને ઝડપી લઇ તેની પાસેથી રૂ.૧૦.૧૭ લાખનો ચોરા મુદામાલ કબ્જે કર્યો હતો.



(તસ્વીર- વિપુલ હિરાણી, ભાવનગર)

પોલીસે ભરતભાઇ ડુંગરશીભાઇ વાઘેલા ઉં.વ.૩૧ રહે. ઇશ્વરીયા ગામ, તા. શિહોર, જી. ભાવનગર, લાલજીભાઇ ઉર્ફે લાલો કલ્યાણભાઇ ચૌહાણ ઉં.વ.૨૭ રહે. ઇશ્વરીયા ગામ, ડગાઇમાતાના મંદીરની પાસે, તા.શિહોર જી.ભાવનગર, અજયભાઇ ઉર્ફે અજયો પ્રવિણભાઇ ડાભી ઉં.વ.૨૩ રહે.ગુંદાળા વસાહત, ટોડા ભડલી, પાત્રા મીલની પાછળ, શિહોર, જિ.ભાવનગર, પરેશભાઇ બાબુભાઇ મકવાણા ઉં.વ.૨૮ ધંધો.ડ્રાઇવીંગ રહે.ભોળાદ ગામ, તા.શિહોર જિ.ભાવનગર, નિલેશભાઇ ઉર્ફે નિલુ ઉર્ફે ઘુઘો રાજુભાઇ રાઠોડ ઉં.વ.૨૮ રહે.ભોળાદ ગામ, તા.શિહોર જી.ભાવનગર, રાધેશભાઇ ઉર્ફે રાધે ઘુઘાભાઇ વાઘેલા ઉં.વ.૨૫ ધંધો.મજુરી રહે.ઉંડવી ગામ, બી.પી.એલ.ના મકાનમાં, તા./ જિ.ભાવનગરને ઝડપી લીધા હતા. જો કે ફરાર આરોપીઓ મહેશભાઇ મથુરભાઇ મકવાણા રહે.વરલ ગામ, તા.શિહોર, જિ.ભાવનગર, ગોપાલભાઇ નરશીભાઇ મકવાણા રહે.ઉંડવી ગામ, તા./જિ. ભાવનગર, અજયભાઇ ડાયાભાઇ પરમાર રહે. ધ્રુપકા ગામ, તા.શિહરો, જી.ભાવનગર,ગોપાલભાઇ ગોહેલ રહે.કુંભારવાડા, ભાવનગર ( ચોરીનો મુદ્દામાલ ખરીદનાર) ને પકડવા માટે પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસે કબ્જે કરેલા મુદ્દામાલમાં સ્ટીલની ધાતુની નાની-મોટી ટાંકીઓ નંગ-૦૨ જેની કિ.રૂ.૧,૫૦,૦૦૦/-,સોલાર પેનલનો કનેક્ટર સાથેનો કેબલ વાયર જેનું વજન આશરે ૧૨૨.૫ કિલો ગ્રામ છે. જેની કિ.રૂ.૮૭,૫૦૦/-ચલણી નોટો રોકડા રૂપિયા-૫૦,૦૦૦/-,સફેદ કલરની બોલેરો પીકઅપ ગાડી જેની કિ.રૂ.૩,૫૦,૦૦૦/-,સફેદ કલરની બોલેરો પીકઅપ ગાડી જેની કિ.રૂ.૩,૫૦,૦૦૦/-,ચોરી કરવામાં ઉપયોગમાં લીધેલ વાયર કાપવાના લોખંડના નાના-મોટી કટર નંગ-૨ મોબાઇલ ફોન નંગ-૩ મળી કુલ કિ.રૂ.-૧૦,૧૭,૬૦૦/- નો મુદ્દામાલ નો સમાવેશ થાય છે. આ કામના આરોપીઓએ પોતાના મોબાઇલ ફોનમાં ગુગલ મેપમાં અવાવરૂ જગ્યામાં આવેલ સોલાર પાવર પ્લાન્ટને સર્ચ કરી ટાર્ગેટ બનાવી રાત્રીના સમયે લોડીંગ બોલેરો પીકઅપ વાહન લઇ કેબલ વાયર કાપવાના કટરથી કેબલ વાયરો કાપી કેબલ વાયરની ચોરીઓને અંજામ આપતા હતા.

# શક્તિધામ ભંડારિયા બહુચરાજી મંદિરે નવરાત્રિ મહોત્સવનું થશે ધ્વજારોહણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ગોહિલવાડના પ્રસિદ્ધ શક્તિધામ ભંડારિયા બહુચરાજી મંદિરે આસો સુદ નવરાત્રિની પરંપરાગત રીતે શાસ્ત્રોકત અનુસાર ઉજવણીના આયોજન સંદર્ભે ભાદરવા સુદ અગિયારસને બુધવાર તારીખ ૩ સપ્ટેમ્બરના રોજ સવારે ૭.૩૦થી ૯ દરમિયાન માણેકચોકમાં મંડપ રોપી ધ્વજારોહણ કરવામાં આવશે.

શક્તિધામ ભંડારિયા બહુચરાજી મંદિરની નવરાત્રિ ઉજવણીની શાસ્ત્રોક્ત પરંપરા રહી છે ત્યારે અગિયારસના દિવસે માઈ ભક્તો અને સ્વયંસેવકો એકત્ર થઈ માતાજીના ગરબા, સ્તુતિ દ્વારા ભક્તિ કરી બાદમાં ભૂંગળના સુમધુર સુર સાથે વાજતે ગાજતે ધ્વજા સ્તંભ સાથે માણેકચોકમાં પહોંચી ત્યાં મંડપનું રોપણ કરાશે. આ ઉપરાંત પ્રગટનાથ બહુચરાજી મંદિર, મેલડી માતાજી અને સોંડાઈ માતાજીના સ્થાનકે પણ નવરાત્રિ ઉત્સવ પરંપરાગત રીતે ઉજવાશે જ્યાં પણ વિધિવિધાન સાથે ધ્વજારોહણ કરવામાં આવશે.

# ક્રિકેટ સટ્ટાના ૧૩.૫૫ કરોડ રૂપિયાને ભાડે મેળવેલાં બૅન્ક ખાતાંઓ વડે દુબઈમાં ટ્રાન્સફર કરનાર આદિપુરનો ફરાર શખ્સ અમદાવાદથી પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ એકાદ વર્ષ અગાઉ પૂર્વ કચ્છના ગાંધીધામ ખાતેથી બોર્ડર રેન્જ સાયબર ક્રાઇમ પોલીસે ભાડે લીધેલા બૅન્ક ખાતાંઓ મારફતે ક્રિકેટ મેચોના સટ્ટામાંથી ઉપજેલા ૧૩.૫૫ કરોડ રૂપિયાની હેરફેરનો પર્દાફાશ કર્યો હતો. આ જે-તે સમયે ભારે ચર્ચાસ્પદ બનેલા પ્રકરણમાં મૂળ કચ્છના આદિપુરના, દુબઇ સ્થાયી થયેલા સૂત્રધાર એવા દિલીપ ઉર્ફે મોનુ સિંધી નામના શખ્સને અમદાવાદના સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપે પૂર્વ બાતમીના આધારે દબોચી લીધો હતો.

આ અંગે એસ.ઓ.જીના પી.એસ.આઈ. એમ.બી.ચાવડાએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, દિલીપ ઉર્ફે મોનુ સિંધી દુબઈથી અમદાવાદ આવી, એરપોર્ટ નજીક આવેલી મહેર ઈન નામની હોટેલમાં રોકાયો હોવાની માહિતી મળી હતી. તત્કાળ હરકતમાં આવી ગયેલી એસઓજીએ આ હોટેલમાંથી ૪૨ વર્ષીય દિલીપ ઉર્ફે મોનુ સિંધી રમેશ સંગતાણી (આદિપુર,કચ્છ)ને ઝડપી લીધો હતો.



(તસ્વીર- ઉત્સવ વૈદ્ય, કચ્છ)

મોનુ સિંધી અને તેનો સહોદર નરેશ સંગતાણી અન્યોના દસ્તાવેજો વડે ખોલાવેલાં ભાડાના બૅન્ક ખાતાઓ રાખીને ક્રિકેટ સટ્ટાના કરોડો રૂપિયા દુબઈ ટ્રાન્સફર કરતા હતા. આ બંને ભાઈ વિરુદ્ધ ગાંધીધામના આદિપુર પોલીસ મથકમાં ક્રિકેટ સટ્ટાના ૧૩.૫૫ કરોડ દુબઈ ટ્રાન્સફર કરવાનો ગુનો નોંધાયો હતો, જેમાં તેમણે ભાડાનાં ૧૯ બેંક એકાઉન્ટનો ઉપયોગ કર્યો હતો. આ કેસમાં મોનુનો ભાઈ નરેશ અગાઉ પકડાયો હતો અને તે હાલમાં જેલમાં છે. કચ્છ પોલીસની એક ટુકડી અમદાવાદ આવીને મોનુ સિંધીને સાથે લઈ ગઈ હોવાનું તેઓએ ઉમેર્યું હતું.

એમ.બી.ચાવડાએ વધુમાં જણાવ્યું હતું કે, બે વર્ષથી ફરાર મોનુ સિંધી અગાઉ ત્રણ વખત દુબઈથી અમદાવાદ આવ્યો હતો. આ વખતે ચાર દિવસ પહેલાં જ દુબઈથી ક્રિકેટ સટ્ટાના પૈસા લેવા માટે અમદાવાદ આવ્યો હતો. તેણે ૩ સપ્ટેમ્બરની રિટર્ન ટિકિટ પણ બુક કરાવી હતી. મોનુ ક્રિકેટ સટ્ટાના પૈસા દુબઈ ટ્રાન્સફર કરવા માટે ૮ હજાર ભાડું આપીને એકાઉન્ટ ખોલાવતો હતો. જ્યારે તેમાં મોબાઇલ ફોન નંબર રજિસ્ટ્રેશન કરાવવા મુંબઈથી સીમ કાર્ડ ખરીદતો હતો. જ્યારે એકાઉન્ટધારક પાસેથી ડેબિટ કાર્ડ, ચેકબુક, પાસબુક સહિતની કિટ લઈ લેતો હતો. ત્યાર બાદ દુબઈમાં બેઠા બેઠા લોકોને ગૂગલ-પે મારફતે ક્યુઆર કોડ મોકલીને પૈસા ટ્રાન્સફર કરતો હતો.

# કંડલામાં બે મોટરસાઇકલ સામસામે ભટકાતાં વરસામેડીના યુવાને જીવ ખોયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ પશ્ચિમ કાંઠાના કંડલા ખાતે બે મોટરસાઇકલ સામસામે ટકરાતાં સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં અંજારના વરસામેડીમાં રહેનાર આર્યન નરેશ પરમાર (બદાણી) નામના ૧૮ વર્ષીય યુવાનનું મોત નીપજતાં પંથકમાં ગમગીની પ્રસરી હતી.

ઘટના અંગે પ્રાપ્ત માહિતી મુજબ, વરસામેડી ગામમાં આવેલી અંબાજી રેસિડેન્સીમાં રહેનાર આર્યન કંડલાની ઈમામી કંપનીમાં કામ કરતો હતો. દરરોજની જેમ તે પોતાના મોટરસાઇકલ પર કંપની તરફ જઈ રહ્યો હતો, ત્યારે ખારીરોહર તરફ જતા માર્ગ ઉપર સામેથી પૂરપાટ આવી ચડેલાં રાજસ્થાન પાસિંગના મોટરસાઇકલ સાથે અથડાયું હતું જેમાં બંને ચાલકોને ઈજાઓ પહોંચી હતી. આર્યનને સારવાર અર્થે લઈ જવાતાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. આરોપી વાહનચાલક વિરુદ્ધ નરેશ ઈશ્વર પરમાર (બદાણી)એ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

# ભુજના ઝુરા ગામની વાડીમાં કામ કરતા યુવકે પોતાના જ પગમાં બે નાળવાળી બંદૂકની ગોળી ધરબી દીધી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ભુજ તાલુકાના ઝુરા ગામના વાડી વિસ્તારમાં રહેનારા એક શખ્સે પોતાના જ પગ પર બંદૂકથી ગોળી ધરબી દેતાં તે ઘાયલ થયો હતો.

ભુજની જી.કે. જનરલ હોસ્પિટલની પોલીસચોકીમાં જીવણ બચાયા ભીલે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેના મામા દેવા ભગુ ભીલ (ઉ.વ.૪૨) અઢી દાયકાથી તેની સાથે જ ઝુરા ગામમાં બળદેવસિંહની વાડીમાં ઝુરાવાડી રહે છે. ગત તા.૩૦-૮ના રોજ દેવાએ બળદેવસિંહના ઘરમાં રહેલી બે નાળ (બાર બોર) બંદૂક ચોરીછૂપીથી લઇ ગયા હતા અને વાડીમાં ભૂંડ ભગાડવા માટે ક્યાંકથી કારતૂસ લઇ આવી વાડીમાં ગયા હતા, જ્યાં પોતાના જ પગમાં ગોળી ધરબી દેતાં ઘાયલ થયા હતા. માધાપર પોલીસે ઘટના સંદર્ભે તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢમાં ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા એપ્રેન્ટિસ ભરતી સત્ર યોજાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ, જૂનાગઢ વિભાગની એપ્રેન્ટિસ એક્ટ- ૧૯૬૧ ની મંજૂરી અન્વયે જૂનાગઢ વિભાગ હેઠળના વિભાગીય યાંત્રાલય, જૂનાગઢ, પોરબંદર, વેરાવળ, ઉપલેટા, કેશોદ, ધોરાજી, માંગરોળ, બાંટવા, જેતપુર ડેપો તેમજ વિભાગીય કચેરીમાં એપ્રેન્ટિસ એક્ટ- ૧૯૬૧ મુજબ ઓક્ટોબર-૨૦૨૫ ના ભરતી સત્ર માટે મીકેનીક ડીઝલ, વેલ્ડર, એમ.એમ.વી. ઈલેક્ટ્રિશ્યન, વાયરમેન, ફીટર તથા ટર્નર,કોપા ટ્રેડની જગ્યાઓ માટે એપ્રેન્ટિસોની ભરતી તથા પ્રતીક્ષા યાદી તૈયાર કરવામાં આવશે.

એપ્રેન્ટિસશિપ કરવા ઇચ્છુક તમામ ઉમેદવારોએ ડબલ્યુડબલ્યુડબલ્યુ ડોટ એપ્રેન્ટિસશિપઈન્ડિયા ડોટ જીઓવી ડોટ ઈન વેબસાઈટ પર રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. જે બાદ આધાર વેરિફિકેશન કર્યા બાદ એપ્રેન્ટિસ પ્રોફાઈલની નકલ તેમજ રજીસ્ટ્રેશનના યુઝરનેમ અને પાસવર્ડ તથા રજિસ્ટ્રેશન નંબરની પ્રિન્ટ કાઢી તેની નકલ સાથે એપ્રેન્ટીસ ભરતી માટે નિયત અરજી પત્રકો તા. ૧૨/૦૯/ ૨૦૨૫ સુધીમાં સવારે ૧૧.૦૦ થી ૧૪.૦૦ કલાક દરમિયાન વિભાગીય નિયામકની કચેરી, મોતીબાગ પાસે એસ.ટી. જૂનાગઢ ખાતેથી રૂબરૂમાં મળી શકશે. અરજીપત્રક સાથે તમામ જરૂરી ડોક્યુમેન્ટનું બીડાણ કરીને જમા કરાવવાના રહેશે. આ તમામ જગ્યાઓ માટે વયમર્યાદા ૧૮ થી ૩૩ વર્ષ સુધીની રાખવામાં આવી છે. જેમાં ૦૧ વર્ષની તાલીમ મુદત રહેશે. તમામ જગ્યાઓ માટે સરકારના નિયમ અનુસાર જ માસિક સ્ટાઇપેન્ડની ચુકવણી કરવામાં આવશે. અગાઉ અન્ય સંસ્થામાં જે-તે ટ્રેડમાં એપ્રેન્ટીસશીપ કરેલી હશે તો તેવા ઉમેદવારોએ અત્રે અરજીપત્રક ભરવાના રહેશે નહીં.

# ગોંડલમાં મિત્રની પત્નીને પ્રેમજાળમાં ફસાવીને લગ્નના બહાને યુવકે દુષ્કર્મ આચર્યું

અમદાવાદઃ ગોંડલ તાલુકામાં એક ચોંકાવનારી ઘટના બની હતી. કમઢીયા ગામના યુવક સામે એક પરિણીતાએ દુષ્કર્મની ફરિયાદ નોંધાવી હતી. મળતી વિગત પ્રમાણે, આરોપી યુવક તેના પતિનો મિત્ર હતો અને નિયમિત તેમના ઘરે આવતો હતો, જેના કારણે મહિલા અને યુવક વચ્ચે પ્રેમસંબંધ બંધાયો હતો. આ યુવકે તેને લગ્નની લાલચ આપી હતી, જેથી તે જુલાઈ, ૨૦૨૫માં ઘર છોડીને નીકળી ગઈ હતી. જે બાદ આરોપી અને તેનો મિત્ર મોટરસાઇકલ પર બેસાડીને લઇ ગયા હતા. કેશવાળા ગામના પાટીયા પાસે આવેલા એક ગેરેજની પાછળ આરોપીએ તેની સાથે ત્રણથી ચાર વખત શરીર સંબંધ બાંધ્યો હતો. આરોપીના કહેવાથી મહિલાએ તેના પતિ પાસેથી નોટરી કરારથી છૂટાછેડા પણ લઈ લીધા હતા.

પીડિતા જ્યારે તેને લગ્નની વાત કરતી ત્યારે ના પાડી હતી. આ બાદ પોલીસે મધ્યસ્થી કરતાં આરોપીએ ત્રણ દિવસમાં લગ્ન કરવાનું વચન આપ્યું હતું, પરંતુ તે બાદ ફરી ગયો હતો અને ફોન બંધ કરીને ગાયબ થઈ ગયો હતો. મહિલાએ ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપીને ઝડપવાના ચક્રો ગતિમાન કર્યા હતા.

# અમરેલી જિલ્લામાં ઓક્ટોબર ૨૦૨૪માં કપાસના પાકને થયેલા નુકસાન માટે ખેડૂતો આજથી અરજી કરી શકશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત રાજ્ય સરકાર દ્વારા ઑક્ટોબર ૨૦૨૪ માસમાં થયેલ ભારે વરસાદથી ઉદ્ભવેલી પરિસ્થિતિને ધ્યાને લઈ પાક નુકસાન અંગે કરવામાં વિવિધ માધ્યમથી થયેલ આકલન મુજબ રાજ્યના અમરેલી, છોટાઉદેપુર, જામનગર, ભાવનગર, સુરેન્દ્રનગર અને રાજકોટ એમ રાજ્યના ૦૬ જિલ્લા અસરગ્રસ્ત જાહેર કરવામાં આવ્યા હતા. આથી આ સહાય તેટલા વિસ્તાર માટે લાગુ પાડવામાં આવી હતી. જે અંતર્ગત અમરેલી જિલ્લામાં કપાસ પાકમાં ૩૩ ટકા કે તેથી વધુ નુકશાન માટે સહાય મળશે. અસરગ્રસ્ત ગામોમાં ફક્ત કપાસ પાકના નુકસાનગ્રસ્ત ખેડૂતોએ કૃષિ રાહત પેકેજનો લાભ મેળવવા માટે અરજી કરવાનો સમયગાળો તા.૦૨ સપ્ટેમ્બર ૨૦૨૫થી શરૂ થશે. ૧૫ દિવસ સુધી અરજી કરી શકાશે. આ અરજી ડિજિટલ ગુજરાત પોર્ટલ પર ઓનલાઈન વી.સી.ઈ. અથવા વી.એલ.ઈ. મારફત કરી શકાશે. ઓનલાઈન અરજી કર્યા બાદ પ્રિન્ટ મેળવી સહિ કરીને નિયત નમૂનામાં ગામ નમૂના નં.૮-અ, તલાટી કમ મંત્રીને નુકસાનગ્રસ્ત કપાસ પાક વાવેતર વિસ્તારનો દાખલો, ગામ નમૂના નં. ૭-૧૨, આધારકાર્ડના નંબર અને તેની નકલ, મોબાઈલ નંબર, બચત ખાતા ચાલુ હોય તે બેંક એકાઉન્ટ નંબર, આઈ.એફ.એસ.સી. કોડ તથા નામ દર્શાવતી બેન્ક પાસબુક નકલ, સંયુક્ત ખાતાના કિસ્સામાં સંયુક્ત ખાતેદારો પૈકી એક જ ખાતેદારને લાભ આપવામાં આવે તે અંગેનો સહમતિ પત્ર વગેરે સાધનિક વિગતો, કપાસ નુકશાનીના આધાર પુરાવાની નકલ હોય તો તે સાથે જોડીને સંબંધિત ગ્રામ પંચાત કે ઈ-ગ્રામ કેન્દ્ર ખાતેથી વી.સી.ઈ, વી.એલ.ઈ. મારફત અરજી કરવાની રહેશે.

આ સહાય પી.એફ.એમ.એસ. મારફત ડી.બી.ટી.થી ચૂકવણી કરવાની થતી હોય અરજદારે ખાસ પોતાનું બચત ખાતાની વિગતો ખાસ ચકાસણી અને ખાતરી કરીને જ અરજી કરવાની રહેશે. આ અરજી વિનામૂલ્યે હોય અરજી કરવા માટે ખેડૂતોએ કોઈ ચૂકવણું કરવાનું રહેશે નહિ. અરજી અંતર્ગતની સહાય ખેડાણ હેઠળના ખાતાદીઠ (ગામ નમૂના નં. ૮-અ દીઠ) એક લાભાર્થી તરીકે ગણવાની રહેશે અને આ ખાતામાં એકથી વધુ ખેડૂતોનો સમાવેશ થતો હોય તો આ તમામ ખેડૂતો પૈકી કોઈ એક જ ખેડૂતને સહાય મળશે. તેણે ખાતાના અન્ય ખેડૂતોનું સંમંતિપત્રક રજૂ કરવાનું રહેશે.

આ પેકેજ હેઠળ ખાતેદાર ખેડૂત એક કરતા વધુ ખાતા ધરાવતા હશે તો પણ એક જ ખાતા પર સહાય મળવાપાત્ર થશે. આ પેકેજ અંતર્ગત એક આધાર નંબર દીઠ એક જ વાર સહાય મળવાપાત્ર રહેશે.

# રાજકોટના શૌર્યનું સિંદૂર લોકમેળાથી કલેક્ટર તંત્રને ૫૦ લાખથી વધુનો નફો થયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટમાં જન્માષ્ટમી પર જિલ્લા કલેકટર તંત્ર અને લોકમેળા સમિતિ દ્વારા રેસકોર્સ મેદાનમાં પાંચ દિવસના શૌર્યનું સિંદૂર લોકમેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મેળાથી કલેકટર તંત્રને ૫૦ લાખથી વધુનો નફો થયો હતો. આ વખતે લોકમેળામાં વિવિધ સ્ટોલ હરાજી અને ડ્રોથી વેપારીઓને ફાળવવામાં આવ્યા હતા. જેનાથી બે, કરોડથી વધુની આવક રાજકોટ જિલ્લા કલેક્ટર તંત્રને થઈ હતી. જેમાંથી ખર્ચની રકમ બાદ કરતા રૂ. ૫૦ લાખથી વધુનો નફો રાજકોટ કલેકટરને થવા પામ્યો હતો. લોકમેળાના પાંચ દિવસ દરમ્યાન ૧૪ લાખથી વધુ લોકોએ લોકમેળાની રંગત માણી હતી.

આગામી વર્ષનો જન્માષ્ટમીનો લોકમેળો રાજકોટની બહાર એટલે કે ન્યૂ રેસકોર્સ, અટલ સરોવરની બાજુમાં યોજવા માટે અત્યારથી જ ગતિવિધિઓ તેજ કરી દેવામાં આવી હતી. આ માટે અટલ સરોવર નજીકનું ગ્રાઉન્ડ ચોમાસા બાદ સમથળ કરવામાં આવશે તેમ સૂત્રોએ જણાવ્યું હતું. રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે યોજાતો આ લોકમેળો અટલ સરોવર પાસે ખસેડવા માટે તત્કાલીન કલેકટર પ્રભવ જોશીના સમયકાળમાં પણ ગતિવિધિઓ તેજ કરી આ માટે રૂ.૧૦ કરોડની ગ્રાન્ટ ફાળવવા રાજય સરકારમાં દરખાસ્ત કરવામાં આવી હતી,પરંતુ અટલ સરોવર પાસેનું ગ્રાઉન્ડ ટુંકા સમયમાં સમથળ થઈ શકે તેમ ન હોય ચાલુ વર્ષે લોકમેળો રેસકોર્સ ગ્રાઉન્ડમાં જ યોજવાની તંત્રને ફરજ પડી હતી. જોકે આગામી વર્ષ માટે અત્યારથી જ કલેકટર દ્વારા આ માટે પ્લાનિંગ કરવાનું શરૂ કરી દેવામાં આવ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# ભાવનગરમાં ઈલે.બાઈકની બેટરીમાં બ્લાસ્ટ, પરિવારમાં દોડધામ મચી

ભાવનગરઃ મોબાઇલની બેટરીમાં બ્લાસ્ટ થવાના બનાવો બનતા હોય છે પરંતુ ભાવનગર શહેરમાં બાઈકની બેટરીમાં બ્લાસ્ટ થયાનો બનાવ બનવા પામ્યો હતો. આ બનાવમાં ઘરવખરી સળગી ગઈ હતી. ભાવનગર શહેરના ચિત્રા વિસ્તારમાં આવેલ અને માધવાનંદ સોસાયટીમાં રહેતા રાકેશભાઈ ભાઈશંકરભાઈ મકવાણાએ પોતાના ઈલેક્ટ્રિક સ્કુટરની ફોલ્ડેબલ બેટરી સ્કૂટરની બહાર કાઢી ચાર્જિંગમાં મૂકી હતી. જે વેળાએ બેટરીમાં અચાનક બ્લાસ્ટ થતા અચાનક ધુમાડા નીકળવા લાગ્યા હતા અને આખું ઘર ધુમાડાથી ભરાઈ ગયું હતું. આ બનાવથી પરિવારમાં દોડધામ મચી જવા પામી હતી. બેટરીમાં બ્લાસ્ટ થતા ઘરમાં રાખવામાં આવેલા કરિયાણાનો સામાન સહિતની ઘરવકરી ખાક થઈ હતી. પરિવારના સભ્યોએ બેટરીમાં લાગેલી આગ ઓળવી નાખી હતી. સદભાગ્યે કોઈ જાનહાની થવા પામી ન હતી.